ૐ હરિઃ!!

અસુર કુલોત્પન્ન અષ્ટમ બાળક

પ્રલ્હાદવિજય.

(ત્રીઅંકો નાટક)

મર્હુમ શ્રીયુત રણછોડદાસ ભાઈચંદ
આમલીવાળા સંસ્થાપિત

શ્રી ‘સુરત’ સુંદર વિલાસ નાટક
કંપની માટે.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ધીરજલાલ અમરતલાલ શાહ.

માલીક—શ્રી ‘સુરત’ સુંદર વિલાસ નાટક કંપની.

 આવૃત્તિ પહેલી પ્રત ૧૦૦૦.

ત્રણદરવાજા—અમદાવાદ.
શ્રી ‘લક્ષ્મિ’ પ્રિન્ટિંગ પ્રેસમાં શા. મણી-
લાલ ઉગરચંદે છાપી.

સંવત ૧૯૬૬ સને ૧૯૧૦.

કીંમત રૂ. ૦—૮—૦.

ચેતવણી—પ્રસિદ્ધ કર્ત્તાના નામના સ્ટેમ્પ વગરની
બુક કોઈએ ખરીદવી નહીં.

☞ મર્હુમ શ્રીયુત્ રણછોડદાસ ભાઇચંદ

આમલીવાળા સંસ્થાપિત

શ્રી સુરત સુંદર વિલાસ નાટક કંપની માટે.

અસુર કુલોત્પન્ન અડગ ભકત

પ્રલ્હાદ વિજય

(ત્રીઅંકી નાટક)

પ્રગટ કરનાર,

ધીરજલાલ અમૃતલાલ શાહ.

માલીક—શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક કંપની

ચેતવણી—પ્રસિદ્ધ કર્તાના નામના સ્ટેમ્પવગરનું પુસ્તક કોઇએ ખરીદવું નહીં.

પ્રકૃતિ લક્ષણ.

(૧)

" જેણે રાજ્ય તજ્યું 'પટાંત તૃણવત્', ગુરૂની આજ્ઞા થકી "
" લૈ પાથેય સુચાપ !! ઘોર વનમાં, પોતે ગયા ખુશીથી "
" જે સ્વાધીન 'સ્વયંભૂ'!! ચાપ વિષયે, પામ્યા ન જે વિકૃતિ"
" તે 'શ્રીરામ' !! દશાસ્ય નાશ કરતા, પ્રહ્લાદની પ્રકૃતિ "

(૨)

" વેદ ઉધારણ,—ધારણ ભુધર,—"
" વારણ વિઘ્ન નિવારણ જે છે; "
" મારણ મલ્લ—ગજેન્દ્ર પ્રહારણ,—"
" ધાર્મિક કારણ દેહ ધરે છે. "
" દોષ વિદારણ—ધર્મ સુધારણ,—"
" સંકટ સર્વ સંહારણ એ છે; "
" કારણ સર્વ તણા પણ કારણ—"
" ભક્ત પતિ—ભવતારણ તે છે. "

(૩)

" રવિ રશ્મિ!! તણું બળ કેવું કર્યું, "
" તેજ થકી તમ છેદી શકે છે; "
" કવિની મતિનું બળ કેવું કર્યું, "
" જોય નહીં પણ જાણી શકે છે. "

રચનાર,

કવિ ભાઇશંકરજી વિ. વિદ્યારામ પંડિત.

શ્રી 'સુરત' સુંદર વિલાસ નાટક કંપની.

પ્રસ્તાવના.

આર્યાવૃતાદિ સમગ્ર પ્રદેશોમાં પ્રાચિનકાળથી "નાટ્યદર્શનો" દ્વારા આલેખાતાં ઇતિહાસીક-કલ્પીત ચિત્રોને જોવા, જાણુવા, અનુભવવાની એક સરખી સર્વમાન્ય જનચાહના સુપ્રસિદ્ધ છે. ત્હેનો અપુર્વ પ્રકાશ સુક્ષ્મ રજકણોમાંથી પર્વતો, અને પર્વતોમાંથી રજકણો બનાવવા નહિ પણુ બતાવવામાં, તેમજ પ્રેક્ષકવર્ગને પોતાના વિચારોના ગુલામ બનાવી સ્વેચ્છાનુસાર વર્તન તરફ દોરવા, પ્રેરવામાં પૂરવેગથી આગળ પ્રસર્યો જતો થકો, પરશિર્ષ ઉરાડતા તીર સમાન હૃદયભેદક શબ્દચાતુર્યવાળાં ગદ્ય, પદ્યોથી કંઇક અંશે પોષાયલો છે. પ્રચલીતકાળમાં તેવડે જનસમાજની વૃત્તીઓને હાસ્ય શૃંગાર મિશ્રીત પ્રપંચી-પચરંગી રંગી અર્ધદગ્ધ સ્થિતીમાં આણી મુકવાની કેટલીક કંપનીઓ તરફથી આરંભાયલી બદીને નાબુદ કરવાના ઉદ્દેશે ગુજરાતી પ્રજામાં એક વ્યકિતરૂપે જાણીતા થયેલા આ નાટક કંપનીના સુજ્ઞ અને બાહોશ સંસ્થાપક મહુંમ શ્રીયુત રણછોડદાસ ભાઇચંદ આમલીવાળાએ અપૂર્વ પ્રયત્ન ઉપસ્થિત કર્યો હતો, ત્હેના પરિણામ રૂપે ત્હેમની હયાતીમાંજ આ નાટકની યોજના, સંકલના ઘડાઇ, ગુંથાઇ, પ્રશંસનિય ધાર્મીક જીવનોવાળા પ્રેમી પ્રદેશોની પસંદગી ઉપરાંત હાલની સ્થીતીને અનુકુળતાવાળા તાદસ્યભાવો ભેળા કરી તે વડે નિરક્ષકોને આનંદ પમાડવાનો આ મ્હારો પ્રથમ પ્રયાસ સૃષ્ટીના આરંભકાળમાંથી કસ્યપ પતિ દિતી ઉદરે ઉત્પન્ન થયેલા અસુરપુત્રો હિરણાક્ષ અને હિરણાકસ્યપુથી શરૂ થઇ, આ આદર્શરૂપે ફલીત થાય છે. એટલે ત્હેમાં ઉછરતાં બાળકો અને મદાંધ તરૂણોને મર્યાદશીલ બનાવવા, વગર ઉચ્ચારે સમજાવનારાં લૌકીક ક્રીયાવાળાં બળાત્કારથી ખેંચીને ભેગાં કરેલાં પદોની અવગણના સહીત સાહિત્યની સંસ્કારી સેવા કોઈ કોઇ સ્થળે મંદગતીથી વહન થતી માલુમ પડે એ સ્વાભાવિક છે. છતાં પણ ન્યાય ભુષણ શ્રીદેવની *अधरस्य मधुरिमाणं कुचकाठिन्यं दृशोश्च तिक्ष्णत्वम् । कवितायाः परिपाकं ह्यनुभवरसिको विजानाति ॥ વાક્યાનુસાર સુક્ષ્મ દષ્ટીથી જોનારને અનેક પ્રસંગોમાંથી તેવાં શબ્દ ચમત્કૃતીવાળાં ટુંકાં પણુ રસીક અંગો વડે પોતાની લાલસા પૂર્ણ થઇ શકે તેમ છે. કેવળ ધ્વનીમાં આસક્ત રહેનારા-

---

* અધરની મીઠાશને. સ્તનના કઠીનપણાને, આંખની તિખાસને અને કવિતાની લહેજતને જે પુરૂષો પુરેપુરા અનુભવી હોયછે તેજ સમજીશકેછે.

એ। માટે હિરણ્યકશ્યપુ અને પ્રલ્હાદના પ્રાસાનુબદ્ધ સંવાદો, શ્રૃંગારને ઉચ્ચસ્થાને યોજાયેલી " રંગીલી શંબુક " ની સ્નેહગ્રંથી, ભક્તી પ્રવાહમાં વહન થતી કુંભારભક્તની અચગશ્રદ્ધા અને વાત્સલ્ય સાગર સન્મતીના સૌજન્યતા તેના ઝળહળતા સૌન્દર્યનું અકૃતિમ સ્વરૂપ છે. જેનું વિશેષ સૂચન સાથેના પૃષ્ટમાં **ગુર્જર સાક્ષર રત્ન શ્રીયુત રમણભાઈ મહિપતરામ નીલકંઠ** બી. એ. એલ. એલ. બી. સાહેબે અને ખેડા જીલ્લાની પ્રાથમીક કેળવણીના વડા **ખા. બા. જલાલુદ્દીન સૈયદમીયાં કાદરી બી. એ. સાહેબે** પોતાના ઉદ્દગારોમાં સાબીત કરી આપ્યું છે એટલે હવે પારીજાતકનાં પુષ્પોને પોતાનો મકરંદ પીવા ભ્રમરોને આવાહન કરવાની કે ચંદ્રને પોતાની ચાંદનીના આનંદ લેવા ચકોરોની પ્રાર્થના કરવાની આવશ્યકતા રહેતી નથી. અનુકરણ કરનારાઓથી ભયગ્રસ્ત થયેલું હૃદય §**मिक्षुणा कक्ष निक्षिप्तः किमिक्ष निरसो भवेत् ॥** પદે વિરમે છે અને ખરચના બ્હોળા પરિશ્રમને ધિક્કારી પ્રજાહીત અર્થે પ્રસિદ્ધ કરવામાં સદરહુ કંપનીના માલીક **શ્રીયુત ધીરજલાલ અમૃતલાલ શાહ** અને મેનેજર **મહાશય હરીભાઇ શંકરજી દેશાઇની** ઉત્સાહી જીજ્ઞાસા ×**निर्गुणे ष्वपिसत्वेषु दयां कुर्वंति साधवः । नहि संहरते ज्योत्स्ना चंद्रश्चाण्डालवेश्मनि ॥** ના ન્યાયે મહારાજ શ્રીજાનકીદાસજી ત્રીકમદાસજીની અનુલક્ષેલી વૃત્તી +**संग्रहकपर:प्राय;समुद्रोऽपि रसातले । दातारं जलदं पश्य गर्जन्तं भुवनो परि ॥** તરફ સ્વાભાવિક રીતેજ દોરાઇ સર્વાંગપુર્ણ બની રહે છે. " Had I been a nightingale, I should have sung the songs of a nightingale, or had I been a swan the songs of a swan; but being a reasonable being, it is my duty to hymn God. "

इतिशम्

કરાંચી
નેપીઅર રોડ, રૂબી થીએટર
તા. ૧૫-૧૦-૧૦.

કવિ ભાઇશંકરજી વિ. વિ. પંડિત.
શ્રી ' સુરત સુંદર વિલાસ ' નાટક કંપની.

§ શેરડીને ભીખારી કાખમાં ધાલે તેથી કાંઇ શેરડી નિઃરસ ગણાતી નથી. × સત્યવાન પુરૂષ નગુણાં ઉપર પણ દયા કરે છે. જેમ ચંદ્ર ચાંડાળ જેવાના ઘરમાં પણ પોતાનું ચાંદરણું પ્રકાશવા દે છે. + જળનો સંગ્રહ કરી રાખનાર સમુદ્ર પાતાળમાં બેસી રહે છે ને જળ દેનારો મેઘ સર્વને માથે ગર્જના સહીત વિરાજમાન થાય છે.

TO THE READER.

I have been shown an advance copy of "Prahlad Vijay" a play written by Mr. Bhaishankerji V. Pandit for the "Surat Sunder Vilas Natak Company.* " This Company has placed on the stage several plays narrating the lives of well-known *Bhaktas,* and the story of Prahlad must find a prominent place among these plays. The public of Bombay and Gujarat has welcomed these religious plays, and it is to be hoped that the introduction of the religious element will lead to the improvement of the stage. I wish the Company every success in this direction.

(Sd.) RAMANBHAI MAHIPATRAM NILKANTH.
B. A. L. L. B.

Ahmedabad,
15th October 1910.

I have had a cursory view of the play of "Prahlad Vijay" recently written by *Kavi Bhaishankerji Pandit who is the author of some excellent plays highly appreciated by the public.

* It is described about the Late Shriyut Ranchhoddas Bhaichand Ambliwala in the preface.

'Prahlad Vijay' seems to be an interesting religious play full of moral precepts and worldly experiences.

The Kavi one deserves credit for having introduced a most refining element of morality in his plays and thereby raising the tone and influence of the stage.

'Prahlad Vijay' nicely conceived as it is, is sure to earn the popularity it richly deserves.

Ahmedabad
15th October 1910. } J. S. KADRI. B. A.

ADVOCATE OF INDIA.

The " Surat Shri Sunder Vilas Dramatic Company prescribing the dramas to night at the Empire Theatre. 'This Dramatic Company although quite new to Bombay yet in point of scenery, dresses, as well as the various roles cleverly and ably performed by the respective actors are second to none in the city.' Tonight's play are the daamas full of wisdom taken from the Hindu mythology, and those who will have the pleasure of witnessing the performance, will have nothing but " praise " for the piece so well conceived. We commend the company to the notice of the theatre-going public.

મુખ્ય પાત્રોનાં નામ અને સંબંધ.

પુરૂષ વર્ગ.

સુત્રધાર—……………………નાટકની વસ્તુનું સુચન કરનાર.
વિષ્ણુ—……………………………ત્રિભુવનપતિ ભગવાન.
જય-વિજય—……………………………દ્વારપાળો
સનંકાદીક—……………………………ચાર મહર્ષિ પુત્રો.
કશ્યપ—……………………………………બ્રહ્માના પુત્ર.
નારદ—…………………………………………મહા મુની.
હિરણ્યાક્ષ.
હિરણ્યકશ્યપુ } —…………કશ્યપ પુત્રો, (શાપિત જય વિજય)
ઇંદ્ર—…………………………………………સ્વર્ગાધિપતિ.
બ્રહ્સ્પતિ—…………………………………………દેવગુરૂ.
બ્રહ્મા—………………………………………જગતપિતા
વ્યારાહ—……………………………વિષ્ણુનો ત્રીજો અવતાર.
શંખુક—……………………………………અસુર સૈન્યાધિપતિ.
શલ્યધર—………………………………શંખુકનો અનુયાયી.
પ્રલ્હાદ—…………હિરણ્યકશ્યપુનો પુત્ર (પરમાત્માના પરમ ભક્ત)
રામચંદ્ર—……………………………વિષ્ણુનો અવતાર.
શુક્રાચાર્ય—………………………………અસુર ગુરૂ.
નકટાસુર
ચીબાસુર } —……………………………………બે અનુચરો.
કીહલો—………………………………………કુંભાર ભક્ત.

સ્ત્રી વર્ગ.

નટી—..............................સુત્રધારની અર્ધાંગના
લક્ષ્મિજી—..............................વિષ્ણુનાં ધર્મ પત્નિ.
દિતી—..............................કસ્યપપત્નિ.
મેનકા-(રંગીલી)—.................... ...ઇંદ્રની અપ્સરા.
સન્મતિ—......(શાસ્ત્ર પ્રસિદ્ધ કયુધા.) હિરણ્યાકશ્યપુની રાણી.
ફુલશી—... ... .કીહલા કુંભારની સ્ત્રી.
સીતા—..............................રામચંદ્રનાં સ્ત્રી.
ચતુરચંદ્રા—..... .... નાયકા.
ઇચ્છાશક્તિ—..............................નારદની સ્વશક્તિ.

અવશેષ વર્ગ—બ્રાહ્મણો, અમ્મરો, અસુરો, નિશાળીઆ, ચોપદાર, અપ્સરાઓ, દાસીઓ, વિગેરે વિગેરે.



પ્રલ્હાદ વિજય.

ત્રીઅંકી નાટક

પ્રવેશ ૧ લો.

સ્થળ-રંગભૂમી.

નાન્દિ.

સુત્રધાર— ગાયન ૧ લું.

સહજાનંદ ! સુખકંદ ! ટાળો ફંદ ! ભવના બંધ—ટેક૦
મતે છું મંદ, કૃષ્ણચંદ ! નંદનંદન ! માધો મુકુંદ;
છે આધાર તવ મોરાર, રાખો શરણ, કાપો કુછંદ—સહજા૦
સુમતિસંગ શુભરંગ, ભયેથી ભંગ ઘો શ્રી રંગ;
હે કૃપાળ ! જગભૂપાળ ! સેવુ ચરણ, કરથી ફંદ—સહજા૦

નટી—(પ્રવેશ કરીને) પ્રાણાધાર ! કીરતારની કરૂણા માગી રહ્યા ?

સુત્રધાર—હા. સુવદને ! !

નટી—આજે કયું આખ્યાન ભજવવા વિચાર છે ?

સુત્રધાર—પરમાત્માના પરમભક્ત પ્રલ્હાદનું.

નટી—અતિ ઉત્તમ. પ્રારંભ કયાંથી કરવા વિચાર છે ?

સુત્રધાર—વિષ્ણુ ધામમાં સનકાદિક ઋષિઓએ જય વિજય દ્વારપાળોને શાપથી સંતાપ્યા ત્યારથી.

નટી—સ્વામીન્ હું સ્મરણ ચુક થઇ છું માટે સંક્ષેપમાં સમજાવશો ?

સુત્રધાર—હા. શ્રવણકર. વિષ્ણુભગવાનના દર્શનાર્થે સનકાદિક ઋષીઓ ગયા હતા. તેમને જય વિજયદ્વારપાળોએ અટકાવ્યા. જેથી ઋષીઓએ એવો શાપ આપ્યો કે તમો અસુર અવતાર લઇ પૃથવી ઉપર પડો.

નટી—એ જયવિજય અસુર થયા ત્યારે કયા નામથી ઓળખાયા હતા ?

સુત્રધાર—હિરણ્યાક્ષને હિરણ્યકસ્યપુ.

નટી—એમણે કોને ત્યાં જન્મ લીધો હતો ?

સુત્રધાર—કસ્યપઋષીને ત્યાં ~~દિતીને~~ ઉદરે.

નટી—આશ્ચર્ય ! ! આવા મહાન્ ઋષીથી શુદ્ધ સતી કુખે ઉત્પન્ન થયેલા પુત્રોએ સાક્ષાત વિષ્ણુ સાથે વૈર કેમ બાંધ્યું ?

સુત્રધાર—પ્રિયે ! શાપના અનુગ્રહમાં ઋષિઓએ એમ જણાવ્યું હતું કે તમે ભક્તીભાવથી વર્તશો તો સપ્ત જન્મે, ને વૈરથી વરતશો તો ત્રણ વખત અવતાર ધરી વિષ્ણુધામ પામશો. જેથી જલદી મુક્ત થવાને વિષ્ણુ ધામ પામવા અધર્મકર્મી નીવડયા.

નટી—હા. હવે સમજાયું. કહો ત્યારે શી આજ્ઞા છે ?

સુત્રધાર—પાત્ર યોજના કરો.

નટી—બહુ સારૂ. (નમન કરી બંને જાય છે)

પ્રવેશ ૨ જો.

સ્થળ—વિષ્ણુધામ.

પાત્ર—વિષ્ણુ, લક્ષ્મી જય. વિજયને ચાર ઋષીઓ.

જય—(વિજયને) આપણે કમળાને જોઇ તેના તેજના પ્રભાવથી અંજાઇ ગયા. તેથી રોકી શકયા નહિ. જેથી ભગવાન આપણાપર ગુસ્સે તો નહિ થશે ?

વિજય—ગુસ્સે થાય કે ન થાય પણ હવે આપણે ઘણીજ સાવચેતીથી આપણી ફરજ બજાવવી. કોઇને પણ ભગવાનની રજા શિવાય અંદર જવા દેવા નહીં.

જય—સત્ય છે ? એ પ્રમાણે વરતવાથીજ ઇશ્વર આપણા ઉપર સંતુષ્ટ રહેશે.

વિજય—હા. બંધુ ! (નેપથ્યમા જોઇને) પણ પેલા ચાર ઋષી પુત્રો અહિં આવતા હોય એમ જણાય છે. તેમને આપણે અટકાવવા કે કેમ ?

જય—હા. જો એ અંદર જવા ઇચ્છતા હશે તો જ્યાં સુધી પરમાત્મા તરફની આજ્ઞા ન મળે. ત્યાં સુધી એમને અહિંજ રોકી રાખવા.

રૂષી ૧ લો—(પ્રવેશી) આહા ? શું મનોહર ધામ ? કેવી ભવ્ય રચના ! !

રૂષી ૨ જો—વાહ. બહુજ સુંદર.

રૂષી ૩ જો—કેવી પવિત્રતા ! પ્રભુની કેવી લીલા ? ચાલો દર્શન કરી કૃતાર્થ થઇએ.

રૂષી ૪ થો—હા ભાઇ ચાલો. (જવા માંડે છે)

વિજય—(અટકાવ કરતા) ઋષિપૂત્રો સબુર કરો. આજ્ઞા વિના આગળ પગ નં ભરતા.

રૂષી ૩ જો—શા માટે ? ત્રિલોકીમાં બ્રહ્મપુત્રોને રોકી શકનાર કોણુ છે ?

જય—હમે છીએ. રજા શિવાય કોઇ ઉપાયે પણુ તમો પ્રવેશ કરવા પામશો નહી.

રૂષી ૧ લો—શું તમને એમ ફરમાવવામાં આવ્યું છે. કે રજા શિવાય કોઇને આવવા દેવા નહિ ?

વિજય---(ઉદ્ધત ચ્હેરે) ના હમારી મરજીથી.

રૂષી ૩ જો—તો ભલે જાઓ. ભગવાનને જણુાવો કે સનકાદિક ઋષિઓ આપના દર્શને આવેલા છે.

જય--એ ખબર હાલ પહોચાડવામાં આવશે નહી કારણુ કે ભગવાન પોઢેલા છે.

સર્વે રૂષી પુત્રો—જઇને જરા જુઓ તો ખરા નિદ્રાવશ છે કે જાગૃત ?

વિજય—હમારાથી ત્યાં નહિ જવાશે.

રૂષી ૧ લો—(બીજા ત્રણુ રૂષીને) આહા ! ! કેવું આશ્ચર્ય ! જ્યાં ભેદ દ્રષ્ટી નથી એવા માયા રહિત પરિબ્રહ્મના પવિત્ર ધામમાં માયાવી અને ભેદ દ્રષ્ટિથી જોનારા આ બન્ને અનુચરો અહી રહેવાને યોગ્ય નથી.

રૂષી ૩ જો—હા. બરાબર છે. સ્થિતિ પ્રમાણેજ સ્થાનક જોઇએ.

રૂષીઓ— ગાયન ૨ જુ.

જાઓ જાઓ બસ જન્મ ધરો, પાપીઓ પૃથ્વી માંય,
ભેદી જન છે જ્યાંય—નહિ આ સ્થળ સોહાય—જાઓ૦
માનભંગ કીધા બ્રાહ્મણુના, પાપ તણી રાખી નવ ગણુના;
દૈત કાય..............ધારો ત્યાંય.....(૨)......—જાઓ૦
સમજ નથી શમ દમની શમણે, ભાન ભુલી ભટકો છો ભ્રમણે;
છળીત માંય —.........જાઓ ત્યાંય......(૨)......—જાઓ૦

રૂષી ૧ લો—પાપિષ્ઠો !! અધર્મિઓ !! ભેદ દ્રષ્ટિએ આ પવિત્ર વિભુના ધામને અપવિત્ર કરનારા દુષ્ટો !! જાઓ તમે પૃથવી પર અસુર અવતાર ધારણુ કરો.

વિજય—અરેરે !! દુર બુદ્ધિથી સાહસ કરતાં રૂષી શાપમાં રોળાયા. મહા ભુંડું થયું.

જય—પ્રારબ્ધ !! ભાઇ ચાલો પ્રભુ પાસે જઇ વૃતાંત નિવેદન કરીએ.

વિજય—હા ચાલો.

જય—(પ્રભુ પ્રતિ) દીન દયાળુ પ્રભુ !! હમો હમારા ભાવી યોગ્ય બળે મહર્ષિ સનકાદિકોના શાપને પામ્યા છીએ. જેથી કૃપા કરી અનુગ્રહનો ઉપાય બતાવો.

વિષ્ણુ—ગભરાવ નહિ શાંત થાવ. એજ મહર્ષિ પ્રસન્ન થઇ અનુગ્રહ કરશે. (રૂષીઓ પ્રતિ આવી) વ્હાલા બ્રહ્મપુત્રો !! પધારો પધારો અને આ અધમ દુરાચરણી અનુચરો પર દયા કરો.

રૂષી ૧ લો—દૈવ ઇચ્છા પ્રભુ અમારી ઉદ્ધતાઇથી થએલા કૃત્યની ક્ષમા આપશો. અને એમને મુકત કરશો.

વિષ્ણુ—વિષનું ઉતારણુ વિષ છે. તેમ તમારા શાપનો તમેજ અનુગ્રહ કરો.

રૂષી ૨ જો—ભલે !! (જય વિજયને) જાઓ તમે મૃત્યુ લોકમાં જન્મ ધરો.

રૂષી ૩ જો—ત્યાં તમો ભક્તી ભાવથી સાતમે જન્મ અને વૈર ભાવથી ત્રીજે જન્મ શાપ મુક્ત થશો. (જાય છે)

પ્રવેશ ત્રીજો.

સ્થળ, કશ્યપ, રૂષીનો આશ્રમ.

પાત્ર—કસ્યપ, દિતી.

કશ્યપ—(પ્રવેશી) આજે યજ્ઞશાળા કેમ સુન્ય દેખાય છે? સાયંકાળનો સમય થવા આવ્યો. પરંતુ નિત્ય નિયમ પ્રમાણે યજ્ઞ સાહિત્ય તૈયાર નથી એ શું ? (નેપથ્યમાં જોઇ) દેવી ! !

દિતી—(પ્રવેશી) આવી સ્વામિનાથ શી આજ્ઞા છે?

કશ્યપ—(ક્રોધી ચ્હેરે) મારૂં દરરોજનું કર્તવ્ય તું જાણે છે છતાં શી આજ્ઞા પુછે છે એ શું ? ખબર નથી કે સાયંકાળનો વખત વ્યતિત થતો ચાલ્યો. માટે યજ્ઞ પ્રારંભ કરવોજ જોઇએ સામગ્રી તૈયાર કરો.

દિતી—નાથ ! ! મને શું થાય છે તેની ખબર પડતી નથી. હું જાણું છું કે સાયંકાળ થઇ ગયો છે પણ આજ મારી વિહૃવળીતા એવા સ્વરૂપમાં પ્રબળ વરતે છે કે મને સ્નાન સાધન સામગ્રી, આશ્રમ કંઇ પણ સારાં લાગતાં નથી.

કશ્યપ—અરે ! આ તું શું બોલે છે ?

દિતી—નાથ મને વિરહ વ્યાકુળ કરે છે. અયોગ્ય માગણી કરવા ઉશ્કેરે છે. કૃપા કરી ઇચ્છા પુર્ણ કરો હું આપને શરણ છું.

ગાયન ૩ જું.

જવાળ વિરહની જલ્દી બુઝાવો;
આવો આવો પ્રેમરસ પાવો,
મારા સમ છે સ્વામિજો શરમાવો.—જવાળ૦
હ્રદય સાથ ચાંપો,આલિંગન આપો;
બળુ અનંગની આગથી બચાવો;
લીજે લાખેણો લ્હાવો......(૨)—મારા૦

કશ્યપ રૂષી—સમય નથી નારી,જો મનમાં વિચારી;
બીજ વિપત્તીનો આ નહિ વાવો,

દિતી— નહીં માનું બસ જાઓ......(૨)—મારા૦

કશ્યપ—અરે કામાન્ધ ! જરા વિચાર. કવેળાએ ક્રુર માગણી કરતાં લાજ. તારી મતી મલીન થઇ છે. માઠું પરિણામ થવા સંભવ

છે. એ દુષ્ટ વિચારને છોડી દે ને ચાલ યજ્ઞનાં સાહીત્ય તૈયાર કરી આપ.

દિતી—સ્વામિનાથ ! ! અવળી સમજને અટકાવી રાખો. ભર ઉનાળે આતુરને મન ચાતુર માસ સરખુ દેખાય છે. વિષનો વિલાસી જીવ શાકરથી તૃપ્ત નહિ થાય. કૃપા કરો ને માગણી સ્વીકારો.

કશ્યપ—ધર્મ પત્નિ ! ! ધર્મ ન ભુલો. કામ કુંડમાં ન ડુલો ને જ્ઞાન દ્રષ્ટિએ જુઓ. અસુર થાય છે. ને સમય વીતી જાય છે.

દિતી— આપ મારી માગણી સ્વિકાર્યા પછી સુખેથી અગ્નિ હોત્રમાં હોમ દીધાજ કરજો. પણ મારો વિરહાગ્નિ શાંત કરો.

કશ્યપ—પ્રિયા, પિછાણું છું કે સ્ત્રિઓની વિહ્વળતા પુરૂષ ભ્રમરને પતંગ બનાવી વિષય અંગારમાં હોમી ભસ્મ કરે છે- તેવી મારી દશા થશે. આ ટાણે શીવ પ્રદોષનો સમય છે. તેથી ત્રીનેત્ર કોપાયમાન થયા વિના રહેશે નહિ. માટે માનુની માન ને સાન લાવ હઠ છોડ.

દિતી—પ્રિયતમ્ ! ! આપનું શિક્ષિણ પત્થર પર પાણી સિંચવા સમાન છો. વિલંબ કરો છો તેમ તેમ મારી વિહ્વળતામાં વધારો થાય છે.

કશ્યપ—હઠીલી ! ! તારી હઠથી હું હાર્યો. મારે તારી મરજીને તાબે થવું પડે છે. પણ નક્કી સમજજે કે આ અયોગ્ય માગણીથી ઉત્પન્ન થનાર ગર્ભ અવસ્ય આસુરી અધર્મી અને પાપિષ્ટ પેદા થશે.

ગાયન ૪ થું.

હઠીલી શું થાએરે, વનિતા વિચાર;
વખત વિનાનાં રે, ફળ છે અંગાર—હઠીલી.
સુંદર પયના પાત્રમાં રે, પડશે હમણાં ક્ષાર;
અમૃત પ્યાલામાં ઢળે છે, જો આ વિષની ધાર.—હઠીલી.
ઋતુ વિનાનો મેળો ને કુ રત ઋતુદાન;
સુઢ વિણા નૌકા સિંધુમાં, એ ત્રણે કષ્ટ નિશાન.—હઠીલી.

પ્રવેશ ચોથો.

સ્થળ—માર્ગ

પાત્ર—શતાનંદ ને જીવન શર્મા.

શતાનંદ—(સામેથી આવતા ઋષિને) નમસ્કાર! નમસ્કાર! નૃપગુરૂ જીવન શર્મા નમસ્કાર!!

જીવન શર્મા—(હાથ જોડી) સાષ્ટાંગ શતાનંદ મુની!!

શતાનંદ—(હાથ હલાવી) શીદ પદાર્યા હતા?

જીવન શર્મા—(દીશા બતાવી) જરા આણીકોર જવું પડયું હતું.

શતાનંદ—સમાચાર કંઇ સાંભળ્યા કે?

જીવન શર્મા—(ચકીત થઇ) શેના?

શતાનંદ—શેનાં તે સ્વર્ગના.

જીવન શર્મા—ના ભાઈ કાંઇ જાણ્યા નથી, તેમ કોઇને પુછ્યા નથી.

શતાનંદ—સાંભળવા છે!

જીવન શર્મા—શા સારૂ નહીં. કહેશો તો કાન તૈયાર છે.

શતાનંદ—કહેવાય છે કે હરણીઆંએ હાક મારી બે ગજરાજ ગમડાવી પાડ્યા.

જીવન શર્મા—વાહ, ઠીક ઠઠ્ઠા ઠબકારતાં શિખ્યા છો.

શતાનંદ—લ્યો આતો વળી જુઠુંજ માનશે.

જીવન શર્મા—ત્યારે શું સાચું? સદંતર જુઠું.

શતાનંદ—શાપરથી?

જીવન શર્મા—તમારા બોલવા ઉપરથી. સ્વર્ગમાં વળી ગજરાજ કેવા?

શતાનંદ—(સ્વગત) જમરાજ જેવા (પ્રત્યક્ષ) દર્શને જનારને દાલી ઠબકાર પેલા ઠોળીઆ.

જીવનશર્મા—ત્યારે પાંસરૂ કહોને કે પેલા બે પોળીઆ (જરા વિચાર કરી) બરાબર એતો બેઠું. જય અને વિજય!! હવે કહો કે હરણીઆં કોણ?

શતાનંદ—ઓલ્યા આઠવેંત ઉંચા ને પાંચ મુઠ પહોળા તપના તાતા ને મદના માતા સનકાદિકો!!

જીવન શર્મા—(ઉછળતા ચ્હેરે) શું સનકાદિકો? એમને હરણીઆં કોણ કહે? એ તો ઇશ.

શતાનંદ—ઓછી ઉમરના એટલે એમજ કહેવાય ને?

જીવન શર્મા--ઓછી ઉમ્મરના એટલે શું થયું ! જાવ જાવ વડનું બીજ કેવડું હોય છે ? કાળો કેર કરનારો ક્રોધ કેવડો હોય છે ? મોટી મોટી એરણો ને વેરણુ વેધ કરનાર કોહીનુર કેવડો હોય છે ? ઘમઘોર અરણ્યને ઘડીના છઠ્ઠા ભાગમાં બાળીને ભસ્મ કરનાર દાવાનળ કેવડો હોય છે ? વીરત્વ કંઇ વય ઉપર આધાર રાખતું નથી. પણ જય ઉપર રાખે છે. સમજ્યા શતાનંદજી ?

શતાનંદ--બરાબર છે બંધુ ! !

જીવન શર્મા--લ્યો ચલાવો આગળ. તે પછી કેમ થયું ? સનકાદિકોએ શું કર્યું ?

શતાનંદ--એમ થયું, કે એ ઋષિ પુત્રોને વિષ્ણુ દર્શને વિચરતા જય વિજય દ્વારપાળોએ રોકયા; એટલે એમણે એમને શાપ દઇ સ્થાન ભ્રષ્ટ કર્યા ને મૃત્યુ લેકમાં મોકલ્યા.

જીવન શર્મા--વાહ ઠીક થયું. આપણું બ્રાહ્મણોનું માન વધ્યું. એતો એમજ. થતો રેગ, ઉછરતો શત્રુ, ને ઉગતું ઝાડ મૂળમાંથી મચરડી નંખાય તોજ મઝા પડે.

શતાનંદ--પણ એ પાપીઓ પૃથવીમાં અનેક જીવોને ઉપદ્રવ કરી રંજાડશે તે ?

જીવન શર્મા--રંજાડશે તો એ ગીલ્લી ને એ દંડો; કયાં ખોવાઈ જવાના છે કે ખોળવા પડશે ?

શતાનંદ--બરાબર છે. જુની આંખો ને નવા તમાસા. જીવીશું તો જોઇશું. લ્યો નમસ્કાર રજા લઇશું.

જીવન શર્મા--નમસ્કાર ! (બીજી બાજુએ જાય છે.)

પ્રવેશ પાંચમો.

સ્થળ—હિરણ્યાકશ્યપૂની કચેરી

પાત્ર—હિરણ્યાકશ્યપૂ. હિરણ્યાક્ષ અને સેનાધિપતી

હિરણ્યાકશ્યપૂ—મારા બાહોશ સરદાર શા સમાચાર ?

સરદાર—પૃથ્વિનાથ ! આપણો જય, ને પાપીઓનો પરાજય.

હિરણ્યાકશ્યપૂ—(ચોંકાવતા) શા'બાશ અધમ નામની એંધાણી ન રહે, જલ્પનામાં કે કલ્પનામાં. જોવામાં કે જાણવામાં, ધ્યાનમાં કે જ્ઞાનમાં, શિક્ષામાં કે પરિક્ષામાં, વાણીમાં કે કાણીમાં મનેજ જુવે મનેજ જાણે મનેજ માને ને મનેજ જપે.

સરદાર—(આજ્ઞા માથે ચડાવતાં) કૃપાળુ ! એમાં કહેવું ન પડે. કંઇક ભગતડાઓને ભગાડી દીધા. માળા ફેરવનારાઓને મારી કાઢાડયા. ટીલાં કરનારાઓને કુંપી નાંખ્યા, રામભક્તોને રગડી માર્યા. જપ કરનારાઓના જીવ લીધા. ને ધર્મના રસ્તાઓને ધુળધાણી કર્યા છે. નવેખંડમાં આપતુંજ નામ જપાય છે ને કલ્પિત દેવના કંથાધારીઓ કપાય છે.

હિરણ્યાકશ્યપૂ—બરાબર છે. એમ કરવામાંજ આપણી આબાદાનીછે. કશી વાતે કચાસ રાખતા નહિ, ને દેવની સાજાનો ડર દાખતા નહી.

સરદાર—શીરતાજ ! ! સાજાના ડરને તો અમે શરૂથીજ સળગાવી દીધો છે.

હિરણ્યાકશ્યપૂ—(આશ્ચર્યથી) શા વડે ?

સરદાર—આપની આજ્ઞાના અંગારાવડે.

હિરણ્યાકશ્યપૂ—તમારી જુક્તિ જણાવશો.

સરદાર—હા. હુકમ હોય તો હમણાંજ જાહેર કરૂં. સાંભળો. પાપીઓને પકડીએ છીએ. જીવતા જકડીએ છીએ. કાપીએ છીએ ને રસ્તો માપીએ છીએ.

હિરણ્યાકશ્યપૂ—શાહ્બાસ. શાહ્બાસ. શિખવવું પડે તેમ તો નથી. પણ પાછું પુછવાનું રહી જાય છે.

સરદાર—શું ?

હિરણ્યાકશ્યપૂ—એમ કે તે પાપીઓની ષટ્કર્મરૂપ સત્તાનું શું થયું'?

સરદાર—અરે જવા દોને ષડકર્મોને બડકર્મો ! ! એ તો બધાંય બાદલાં બની બ્હેર મારી ગયાં. સંધ્યાપુજા સંતાઇ પેઠી. દાન દક્ષણા દેવલોક પહોંચી. હરિનામે હીંમત છોડી. રામનામ રખડી મુવું. દેવનામનો દાટ વળ્યો. ને પ્રભુના નામે પ્રાણ છોડ્યા.

હિરણ્યાકશ્યપૂ—(ફુલાઇને) હેં ! ! શું કહોછો એમજ બન્યું ?

સરદાર—મહારાજાધિરાજ ! ! આપનો કાયદો ફર્યો ત્યાં વળી વાયદો હોય ?

ઓડાસુર—(વ્યાકુળ સ્થિતીમાં પ્રવેશી) ગજબ થયો. મહારાજ ગજબ થયો.

હિરણ્યાકશ્યપૂ—(ફીક્કી ગતે ચહેરે) બોલ , જલદી, બોલ. શું છે ઝટ કહે ?

ઓડાસુર—બ્રાહ્મણોએ વિષ્ણુની મદદ મેળવવા યજ્ઞ આરંભ્યો છે.

હિરણ્યાકશ્યપૂ—(ક્રોધીત ચહેરે) હેં !! વળી આશું ! કોણે કહ્યું ?

ઓડાસુર—અન્નદાતા ! ! મેં મારી આંખે જોયું.

હિરણ્યાકશ્યપૂ—ક્યાં ?

ઓડાસુર—શીવપુરમાં.

હિરણ્યાકશ્યપૂ—(હિરણ્યાક્ષ પ્રતિ) બંધુ ! ! આપણે આ કાનથી શું સાંભળીએ છીએ. અરે ભીખ માગી ખાનારા પેલા બ્રાહ્મણો. તુટી દાભની સાદડીના સુનારા, ફળફુલ જમનારા, ઝુંપડીમાં વસનારા, કમંડળના ઝાલનારાને નિચા નમીને ચાલનારા શું આટલે સુધી ફાવશે ? ને આ શુરવીર શસ્ત્રધારી સાંખશે ? નહીં નહીં કદી નહીં કરમીઆથી આ કાળીનાગ નહીં કંપાય. ગીધડાંથી ગરૂડજી નહીં ગભરાય. ને એ આગિયાઓથી આ ઇંદુરાજ નહીં ઓલંધાય. એ તો જ્યારે જોશે ત્યારે જાણશે. કે બળિયા સાથે બાથ ભીડતાં કેમ થાય છે ?

હિરણ્યાક્ષ--બંધુ ! ! આ તો ઠીક થયું. ખોળતા હતા ને ખોતરણું જડયું. બ્હાનું હાથ આવ્યું છે. એટલો બદલો લેવાને (વિનય સહીત) હુકમ હોય તો હમણાજ એ હરામીઓને હરાવું. અને આપનું સ્મરણ કરાવું

હિરણ્યાકશ્યપૂ—વીરબંધુ ! ! વિચાર શો કરોછો ? પટકો પ્રહાર ને કરો સંહાર. હોતાઓનેજ માંહે હોમી ધો યજ્ઞકુંડને મળમુત્રથી ભરી ધો. ને વિષ્ણુની મુર્તિનો વિનાશ કરો.

હિરણ્યાક્ષ—બરાબર છે બંધુ ! ! બોલેલો બોલ, મારેલું તીર, ગુમાવેલી જીંદગી, ને ખોએલો વખત ફરી ફરીને હાથ લાગતોજ નથી.

હિરણ્યાકશ્યપૂ—વાસ્તેજ કહું છું કેની, કે, વાર કરવી તે વિનાશ વ્હોરવા બરાબર છે.

હિરણ્યાક્ષ—લ્યોને હું તો તૈયાર છું. કર્યું એ કામને વિંધ્યું એ મોતી.

હિરણ્યાકશ્યપૂ—લશ્કર લ્યોને પુઠ પકડો.

હિરણ્યાક્ષ—લશ્કરની શી જરૂર છે ?

હિરણ્યાકશ્યપૂ—બળની પુષ્ટિને માટે.

હિરણ્યાક્ષ—બંધુ ! ! આપના આ દાસને, એવી કંઇ અપેક્ષા કે આવશ્યકતા છેજ નહીં પશુઓને મેઘનું બળ છે. રાજાને પ્રધાનનું છે. સ્ત્રિઓને પતિનું છે. બ્રાહ્મણોને વિદ્યાનું છે. તેમ મને મારા બળિષ્ટબાહુઓનું બળ છે. નિશંક કહુંછું કે હું એમના યજ્ઞને એક વખતતો એકાદશી કરવા મોકલીજ દઇશ.

હિરણ્યાકશ્યપૂ—શાથી જાણ્યું કે સાનુકુળતા નીવડશે ?

હિરણ્યાક્ષ—ગુણીયલ બંધુ ! ! ગાયો ગંધથી જાણે છે. શાસ્ત્રીઓ સરોદાથી સમજે છે. રાજાઓ સેવકથી સંતોષાય છે. લોકો આંખથી અવલોકે છે. તેમ હું મારી કલ્પનાથી કળું છું.

હિરણ્યાકશ્યપૂ—એમ થાય તો મોટું ભાગ્ય. પણ પાસે થોડું લશ્કર તો રાખોજ.

હિરણ્યાક્ષ—ભલે વડિલબંધુની જેવી આજ્ઞા. (પ્રણામ કરી) હું રજા લઇશ (જાય છે.)

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ-જંગલ.

પાત્ર—હિરણ્યાક્ષ, ને લશ્કરીઓ.

સૈનિકો— ગાયન ૫ મું.

મારો-કાપો-કષ્ટો આપો ! ! શુરા શુર ધરી સંતાપો,
અંબર, કંમર તોડી નાંખો, ફોડો સુર અરિની આંખો;
દેવલોકને આપી દંડ, કતલ કરો બસ. કટ્-કટ્ કટ્.
વીર થઇ મારો લલકાર, યજ્ઞદ્વાર મુકો અંગાર,
બાહોશ થઈ ઉઠાવો બંડ, કતલ કરો બસ, કટ્-કટ્-કટ્.

હિરણ્યાક્ષ—સામંતો જરા થોભો વિચાર ચલાવીએ.

૧. સરદાર—શી વાતનો ?

હિરણ્યાક્ષ—યજ્ઞભંગની આગમચેતીનો.

૧. સરદાર—ગરીબ નવાજ, ઘણી સારી વાત, હવે આપણે શીવપુર સમીપ આવી પહોંચ્યા છીએ તો તેમ થવું જરૂરનું છે. જણાવો.

હિરણ્યાક્ષ—શુરવીરો સાંભળો આપણા લોકમાં બોલાય છે કે રણુ જોદ્ધાઓ મોત કબુલ કરે છે. પણ પોતાનો પરાભવ જોઇ શકતા નથી તે તમે જાણો છો ?

૧. સરદાર—હાજી ? એ બોધ તો અમે અમારી માતાના ઉદરમાંથીજ મેળવેલો છે. જનમ્યા ત્યારના જાણીએ છીએ કે મોટી ગાદીના માલીક થવા કરતાં લડાઈમાં મરવું વધારે લાયક છે.

હિરણ્યાક્ષ—તો તત્પર થાવ, તૃષ્ણાને તાજી કરો. ક્ષમાનું ખંડન કરો. ગર્વને ગરજાવી દ્યો, પાપમાં પ્રિતી કરો, સાચુ બોલવાના સોગંદ લ્યો ને વિદ્વાનોનો વિનાશ કરો.

સર્વ—હુકમના તાબેદાર છીએ.

હિરણ્યાક્ષ—વીર પુત્રો ! મને વિશ્વાસ છે કે તમો તમારા જીવનની દરકાર કરો તેવા નથી પણ પ્રસંગ આવે પ્રિછાવવું એ મારો ધર્મ છે.

૧. સરદાર—અને સમરાંગણમાં શીષ સમર્પિ ઉજવલ કિર્તિને ઓપાવવી એ અમારો ધર્મ છે.

હિરણ્યાક્ષ—તો તે બજાવો ને વિજય વરતાવો.

૧. **સરદાર**—અન્નદાતા ! ! હમારૂં આયુષ્ય આવાં કૃત્યોને માટેજ આવિર્ભૂત થએલું છે. તરવરતી તાજી તરવારોને તગતગાવીશું. જુલમી જામગરીઓને ઝગઝગાવીશું. ટળવળતાને તાકીશું જુઝાતાને ઝાલીશું. મુઝાતાને મારીશું, ને આંતરડી ઠારીશું. માઝા મેલાવશું ને ફતેહ ફેલાવશું.

હિરણ્યાક્ષ—વાહ્ ! મારા વિશ્વવિજેતાઓ વાહ્ ! તમે જનમ્યાએ પ્રમાણ ને જીવ્યાએ પ્રમાણ છો. કાલ કરવાનું આજ કરવું તે તમે બરાબર જાણો છો. સો જાણે તેને સાત શું સમજાવવા ?

સંરદાર—સ્વામીન્ ! ! સમજીએ છીએ કે કરજ, અગ્નિ, વ્યાધિ, ને શત્રુ, સમય આવે ધડમૂળમાંથી ઢાળી પાડવાં જોઇએ કે ફરી પાછાં વૃદ્ધિ મામી વેર ન વાળે.

હિરણ્યાક્ષ—શાહ્બાસ ! મારા સુભટો શાહ્બાસ ! ! ઉત્તમ બીજ તે આનું નામ. મુછ રાખી મોંતથી ડરે એ તો પથરા. મને ખાત્રી છે કે તમે શોભશો ને મને શોભાવશો. ચાલો હવે રોકાવાનો સમય નથી.

લશ્કર—(નમન કરી) જી, તૈયાર છીએ.

પ્રવેશ સાતમો.

સ્થળ—ગુપ્તવિષ્ણુ યાગ.

પાત્ર—બ્રાહ્મણો, હિરણ્યાક્ષ, લશ્કરીઓ ને નારદજી.

(બ્રાહ્મણો યજ્ઞ કરવા બેઠેલા છે વેદ ઋચાની પરીપાઠી સહિત આહુતીઓ હોમાય છે ત્યાં લશ્કરીઓ પ્રવેશે છે. ત્રાસ વર્તાવે છે, ને હોતાઓ નાશી જાય છે.)

નારદ—(વીંગમાંથી) નારાયણ, નારાયણ, નારાયણ.

હિરણ્યાક્ષ—(સ્વગત) અરે પેલો માણસ નારાયણનું સ્મરણ કરતો હોય એમ લાગે છે. મેં આખી પૃથ્વીપર વિષ્ણુ શબ્દનો ઉચ્છેદ કર્યો છે. તેને આ પુનઃજીવન આપનાર પાપીષ્ઠ કોણ છે ! (એક પત્થર લઇ નારદના ઉપર પ્રહાર કરે છે) બોલ પાપી તું કોણ છે ?

નારદ—(ઢળી પડી) અરે દુષ્ટ ! મદોન્મત ! મુઢાત્મા, તેં મને પાષાણુ પ્રહાર શામાટે કર્યો ?

હિરણ્યાક્ષ—તું શું કરતો હતો ?

નારદ—ગોવિંદના ગુણ ચિંતવન કરતો હતો

હિરણ્યાક્ષ—હેં ! ! તે વળી ગોવિંદો કોણુ છે ?

નારદ—તને મને અને આ સકળ સંસારને ધારનાર, પાળનાર ને સંહારનાર. જા એજ ગોવિંદાને હાથે તારૂં મૃત્યુ થશે.

હિરણ્યાક્ષ—અરે ! શું મારાથી મોટો ? મને મારનાર ! છટ્ છટ્, એ તે વળી કોણુ ? મારૂં બળ કેટલું છે. ધારૂં તો પૃથ્વીને પાણીમાં ડુબાવું, આકાશને હેઠું પાડું, પ્રકાશનો નાશ કરૂં, પવનને પીશી નાખું. ને અગ્નિનો આહાર કરૂં. તો પછી એ ગોવિંદાની ગણુતરી કોણુ ?

નારદ—ગર્વિષ્ટ, ઘેલછા છોડ. ન રાખ એટલો તોર. ગોવિંદ તંત્રનો કેવો છે ઘોર. તે તું જાણે છે ચોર ? ફેલમાં ફુલ્યમાં, દંભમાં ડુલમાં. તું જેવા તો અનેક જીવોને તે પળમાં મારનાર, ને પુન્યવાનને પાળનાર છે.

હિરણ્યાક્ષ--હેં ! શું તે મને મારશે ? આ અજીત યોદ્ધાને સંહારશે ? ચાલ બતાવ મને તારો ગોવિંદો કે હું તેને આ હિરણ્યાક્ષના હાથ બતાવું. ને ચરણે નમાવું.

નારદ—(સ્વગત) આ પાપી અભિમાનમાં અંધ થયો છે ભુંડાઇનો બાઇબંધ થયો છે માટે એને અમરસ્થાન બતાવું ને દેવો જોડે લડાવું. તો વિષ્ણુ બ્હાર કરી, થાશે એના અરિ. બંને યુદ્ધ મચાવશે, તો જોવાની ઠીક ગમ્મત આવશે. માટે ચાલ ઉંચો ચઢાવી નીચો પછાડું. (હીરણ્યાક્ષ પ્રતિ જોઇ) હિરણ્યાક્ષજી ! હું તો આપનું પાણી જોતો હતો પાણી હું તો જાણું છું કે આપ તેનાથી ડરો તેવાએ નથી, ને મરો તેવાએ નથી. હું એક દીવસ ઇંદ્રપુરીમાં ગયો હતો. ત્યાં ઇંદ્ર સભામાં ઇંદ્ર એમ વાત કરતા હતા કે ગોવિંદ ગર્વિષ્ટ હિરણ્યાક્ષને મારશે. ત્યારે મેં જાણ્યું કે તે તમારાથી જોરાવર હશે માટે વખાણુ કરતો હતો.

હિરણ્યાક્ષ--(હાસ્ય કરી) ઠીક ત્યારે. પણ શું ઇંદ્રને ત્યાં આ વાત થતી હતી ?

નારદ--જીહા. (સ્વગત) જાવા ઘો પરભાર્યું ને પોણુઆર લાકડે માંકડુ ઠીક બાઝશે, નારાયણ નારાયણ.

હિરણ્યાક્ષ--હું તમારો ઉપકાર માનું છું કે તમે મારા શત્રુની માહિતી આપી. હમણાંજ ઇંદ્રને જગાડું છું ને ગોવિંદની ભાળ કાઢું છું.

નારદ--હં ? પધારો. (સ્વગત) ટાઢે પાણીએ ખસ ગઇ, ઠીક ગમ્મત થઇ. નારાયણ ! ! નારાયણ ! !

હિરણ્યાક્ષ-- ગાયન ૬ ઠું

ગોતું ગોવિંદાને જઇ પકડીને પટકું એક પળમાં.
શોધુ જઇ ત્રિભુવનમાં, સ્થળ સ્થળમાં—
છોડું નહિ, તોડુ ઝટ, એનું ગુમાન,
સંહારૂ, બસ મારૂ, લઉ એનો જાન.
ન થાવા દઉં હુંથી મોટો, બનાવી દઉ પળમાં છોટો,
ઝાલુ ટોટો ! મારૂ સોટો ! દઉ મસ્તક પર ભારે ચોટો,
કાપુ આ શમશેરથી–ખુબ વેરથી–ગોતું૦

પ્રવેશ આઠમો.

સ્થળ--ઇંદ્ર ભુવન

પાત્રો-ઇંદ્ર, બ્રહસ્પતિ, દેવતાઓ, અનુચર, અને હિરણ્યાક્ષ વિગેરે.

ઇંદ્ર--(બ્રહસ્પતિ પ્રતિ) ગુરૂ મહારાજ ! ! મૃત્યુ લોકમાં હિરણ્યાક્ષને હિરણ્યકશ્યપુ નામના બે અસુર ઉત્પન્ન થયા છે, ને તે મહા રંજાડ કરે છે; એમ મારા સાંભળવામાં આવ્યુ છે. તે શું સત્ય હશે ?

બ્રહસ્પતિ--સત્યછે રાજેંદ્ર ! !

ઇંદ્ર--મેં એમ પણ સાંભળ્યું છે કે જે કોઇ વિષ્ણુનું નામ લે છે તેની જીભપર તે ડામ દેછે. લલાટે તીલક ધારે છે તેને તે સંહારે છે. વિષ્ણુ ભજન તજાવે છે ને પોતાનું નામ ભજાવે છે એમ હશે ખરૂં ?

બ્રહસ્પતિ--સુરપતિ ! તમે કહો છો તેમજ છે. કેમ વિસરી ગયા! વિષ્ણુના દ્વારપાળ, જય વિજયને સનકાદિકોના શાપથી કશ્યપપત્નિ દિતી ઉદરે જન્મ ધારવો પડયો છે. તેજ એ હિરણ્યાક્ષ ને હિરણ્યકશ્યપુ છે.

ઇંદ્ર--(સખેદાશ્ચર્ય) બ્રહ્માના પુત્ર કશ્યપથી ઉત્પન્ન થયેલા ને દિતી જેવી સર્વોત્તમ સતીનું પય પીનાર પુત્રો આસુરી બુદ્ધિવાળા કેમ બન્યા ?

બ્રહસ્પતિ--જે બને છે તે દૈવ ઇચ્છાથીજ બને છે. દિતીએ શીવ પ્રદોષ સમયે કામાતુર થઇ હઠથી સ્વપતિગમન કર્યું હતું જેથી આસુરી બુદ્ધિના બાળકો ઉત્પન્ન થયા. તેમાં રજકે વિર્યનો દોષ નથી હેમંત રૂતુની હયાતી શીતળતા સિંચે છે છતાં તરૂણ તરૂઓ પોષાવાને બદલે શોષાય છે તેમાં શીતળતાનો શો દોષ ?

ઇંદ્ર—યથાર્થ છે. પણ કદાચ તે પોતાની ઉદ્ધતાઇમાં ઉગ્ર બની અહીં આવી પહોંચે તો પછી આપણે શું કરવું ?

બ્રહસ્પતિ—તમારો પ્રશ્ન યોગ્ય છે. પાણી પહેલાં પાળ બાંધવી એજ ચતુર પુરૂષનું ચિન્હ છે. જુઓ કદાપી તે અહીં આવી પડે તો તેની સાથે વિનયવાણી વાપરી પરભાર્યો ભોળવીને બ્રહ્મા પાસે મોકલી દેવો. કે પછી દાદાને દોહીત્ર ફોડશે માથું, ને કાઢશે રાતું.

અનુચર—(પ્રવેશ કરીને) સ્વર્ગ પતિ ! ! કોઇ પ્રચંડ અસુર દરબારની ડેલીમાં ધસી આવ્યો છે. ને આપની સમક્ષ આવવા ઉદ્ધતાઇ કરે છે. માટે શી આજ્ઞા છે ?

ઇંદ્ર—તેને કાંઇ પણ અટકાવ નહિ કરતાં અત્રે આવવા દ્યો.

બ્રહસ્પતિ—હા. એમજ કરો.

અનુચર—જી હુકમ. (જાય છે)

હિરણાક્ષ—હં ! બોલ ઇંદ્ર ! ! ત્હારો સાલક ગોવિંદો કોણ છે ? કયાં છે ? સત્વર બતાવ. નહિ તો એક પળમાં ત્હારી આ અમરાપુરીનો નાશ કરીશ.

ઇંદ્ર—વીરપુરૂષ ! ! આપ કોણ છો, તે કૃપાળુ થઇ કહેશો ?

હિરણાક્ષ—હું આલમ સરદાર, દેવદંભ ઉતારનાર, હરિવર હિરણાક્ષ છું. બોલ હવે શું કહે છે ? બતાવ ગોવીંદો.

બ્રહસ્પતિ—વાહ સર્વ દુઃખ ગયાં કે અત્રે આપનાં ચરણ થયાં. અમારે પણ તે ગોવિંદાથી ગુહ્ય વૈર છે, અંતરનું ઝેર છે. આપ બ્રહ્મભુવનમાં પળશો, તો જરૂર તેને મળશો. જઇને યુદ્ધ કરો, ને અમારાં સંકટ હરો.

ઈંદ્ર—બરાબર છે. એમ થાય તો વૈર પુરેપુરૂં લેવાય, ને સુખ થાય.

સર્વદેવો—હા મ્હોટી છાયથી છવાયો છે, જઈને બ્રહ્માની સોડમાં ભરાયો છે. જલદી જલદી દોડો, ગોવિંદનું ગુમાન તોડો.

હિરણાક્ષ—હાં...ત્યાં જાઉછું, મ્હારા હાથ બતાવું છું. જો જપશો એના જાપ તો આપીશ સંતાપ. (ભયંકર ઘોષ સહીત) હ-લો-લો-લો-હો (જાય છે)

સર્વસભા—(આનંદે) ગાયન ૭ મું.

ખુશાલી ખુશાલી અહાહાહા ! ! ! અતિ થઈ ઘઈ,
દુઃખની વાદળી ચઢીને આવેલી, વાહવા વિખરાઇ ગઈ ગઇ-ખુ૦
શુળીની આફત કાંટે ગઇ, ફોડશે માથુ બ્રહ્મા પાસે જઇ;
ફરેશું ફુઇને, પાપી પાખંડીને, કાદયોજ બંડીને તહીં તહીં-ખુ૦

પ્રવેશ નવમો.

સ્થળ-બ્રહ્મભુવન.

પાત્ર—બ્રહ્મા અને હિરણાક્ષ.

બ્રહ્મા—અરે દૈવ ! મ્હારા કુળમાંજ આસુરી જીવની ઉત્પત્તિ ? પૌત્ર હિરણ્યાક્ષ અને હિરણ્યાકસ્યપૂ કુલાંગારો ઉઠયા. વિષ્ણુ સાથે વૈર બાંધવામાં ખુવાર થશે, ને છેવટ જાનથી જશે. હવે શું કરવું કે શાન્તિ થાય ?

હિરણાક્ષ—(ઉદ્ધત ચહેરે પ્રવેશી) દાદાજી, તમે મ્હારા દુશ્મનને દેખાડી દ્યો તોજ દંડવત કરીશ. ને નહિ દેખાડો તો તમને મારીશ ને હું મરીશ, પણ પાછો નહિ ફરીશ.

બ્રહ્મા—અરે ભાઇ કયો દુશ્મન ? શી વાત ? શું છે તારી પંચાત?

હિરણ્યાક્ષ—કયો તે પેલો ગર્વિષ્ટ ગોવિંદો. કહેવરાવે છે ત્રીભૂવન નાથ, તેથી મેળવવો છે હાથ.

બ્રહ્મા—અરે મૂર્ખ ! શું કરે છે ગર્વ અતી, તું તેના લેખામાં નથી. મોંથી વિચારી બોલ, તે આગળ શો છે તારો તોલ ? હોડ કરતા હારશે, તે તને સંહારશે. માટે મુક એ ખંત, તારાથી તે છે બળવંત.

હિરણ્યાક્ષ—અરે ડોકરા ચુપ રહે. તેના ભાર શું છે ? બતાવ મને આવાર, તારા દેખતાં કરૂં ઠાર. તું તેનો પક્ષ તાણે છે પણ

મારૂં જોર જાણે છે. ધારૂં તો સૂર્યને સળગાવું, પહાડને પછાડું, સમુદ્રને શોષી જાઉં, તો એની આંટીમાં કેમ આવું. બતાવ જલ્દી ક્યાં છે ?

પ્રહ્લાદ—તું જ્યાં દેખે ત્યાં છે.

હિરણ્યાક્ષ—તો મારાથી કેમ દેખાતો નથી ?

પ્રહ્લાદ—(સ્વગત) મુર્ખને શું કહું કથી ? (પ્રકાશમાં) દેખાશે તો શું તું તેને મારશે ?

હિરણ્યાક્ષ—હા હા. આ હિમતવાન હાથો સંહારશે.

પ્રહ્લાદ—હિણુભાગી હિરણ્યાક્ષ ! તારી ખોટી સાન છે, જાણજે કે આ તારા મોતનું નિશાન છે. જક્ક છોડી જા, મારાથી દુર થા.

હિરણ્યાક્ષ—પણ મને તે મળશે ક્યાં ?

પ્રહ્લાદ—પૃથ્વિના પડમાં જા. (ક્રોધમાં ચાલ્યા જાય છે)

હિરણ્યાક્ષ—(વિચારમાં ગીરફતાર) શું આ મારો ડોકરો દાદો કહી ગયો તે સાચું હશે ? ગોવિંદો પૃથ્વિના પડમાં ભરાઈ પેઠો હશે ? હં બીકથી ત્યાં બેઠો હશે. (વિચારીને) કાંઈ ફીકર નહીં ક્યાં જનાર છે. આખી પૃથ્વિને ઉઠાવું ને જળમાં ડુબાવું કે ગોવિંદો ગુંગળાઇને મરશે ને મારૂં કાળજું ઠરશે.

ગાયન ૮ મું.

જળમાં ડુબાવું ! ખુડાવું —આ ધરાને, જલદી ઉઠાવું;
જાઉં ત્યાંહી-ધાઉં ત્યાંહી, જ્યાં સિંધુ કિનાર
રસાતાળ કાઢુંજ ત્રાડું, મસ્તક વાઢું, મળેજ્જે માધુ;
ભૂતે ઢાળુ-ઉધી વાળુ, સમુદ્ર મોઝાર—

(જાય છે.)



પ્રવેશ દસમો.

સ્થળ-પૃથ્વિદમન.

પાત્ર—હિરણ્યાક્ષ, ઇંદ્ર, બ્રહ્મા, ને વ્યારાહ ભગવાન.

હિરણ્યાક્ષ—(ગમગીન) દાદાએ દાટ વાળ્યો, મ્હારો સંદેહ નહિ ટાળ્યો. ડીકરાને બહુ સતાવ્યો, પણ દુશ્મનને નહિ બતાવ્યો. શું કરૂં વડિલ જાણી જીવતો મુકયો છે, નહીં કે આ હિરણ્યાક્ષ ચિત્તથી ચુકયો છે. જો હું એને ઝાઝો સતાવતે તો તે શત્રુને ચેતાવતે. માટે મૌને ધર્યું છે. સર્વે સહન કર્યું છે. પણ હવે શું કરૂં ! કયાં વિચરૂં ? દુનિયામાં કોઇ કોઇનુંજ નથી. સર્વે છે સ્વાર્થિ. દાદો પણ જણાય છે વિષ્ણુ ભક્ત, તેથીંજ તેની રાખી પત. પણ હવે મારે તે ગોવિંદા શત્રુને કેવી રીતે શોધી કહાડવો. ને પેશ પહોચાડવો ? (નિઃશ્વાસ નાંખી) હા યાદ આવ્યું તે પૃથ્વિના પડમાં ભરાઇ બેઠો છે. માટે જો પૃથ્વિને ઉપાડી સમુદ્રમાં ડુબાવી દઉં તો તે પણ ભેળો ગુંગળાઇને મરી જશે, બસ એજ કરૂં જરા નહિ શરમાઉં, તેને મારીને પૃથ્વિપતિ થાઉં. કે સર્વ કષ્ટ જશે ને ઇંદ્ર, વરૂણ, કુબેર વિગેરે દેવતાઓ પણ મારે તાબે થશે. બસ એજ નક્કિ. (પૃથ્વિ ઉઠાવવા જાય છે. ને નેપથ્યમાં અવાજ થાય છે.)

ગાયન ૯ મું.

અરે હો ! અરે હો ! કરે છે આ શું? શાન્તથા શાન્તથા શઠ નથા તુ,
મોતના મુખમાં જાય છે કાં તું ?............. —શાન્ત થા.
અધમ આ કૃત્ય કરીશમાં તું, ગુમાની શમતાથી ગમ ખા તું;
ચળ ન ભક્ષ આ મૃત્યુકનાં તુ................—શાન્ત થા.

હિરણ્યાક્ષ—(વ્યાકુળ)અરે ! આ ગેબી અવાજ કયાંથી આવે છે ! કદાચને ગોવિંદો તો પૃથ્વિના પડમાંથી નહિ બોલતો હોય.

બ્રહ્મના કુળને લજાવ ના તું, મુઢ ! આ તોફાન મચાવ ના તું,
નીચ ! ત્હારૂ નામ ભજાવ ના તું................—શાન્ત થા.

હિરણ્યાક્ષ—હા. સમજ્યો. મારી સન્મુખ આવવાની હિંમત નહિ થતી હોય માટે પૃથ્વિના પડમાં રહી બોલે છે, ડુબવાના ડરથી

ડોલે છે. અરે ! છુપાઈ ગએલા ચોર બાયલો બની શું બેઠો છે. નીકળી બાહાર આવ. ને તારૂં જોર બતાવ. સમજ વગરના શિયાળવા આ સિંહ તારૂં ભક્ષ કરવા ટાંપે છે. તેથી તું કાંપે છે કાં ! (વિચારી) એમ નહિ આવે માટે હું સંતાઇ બેસું તો એ ચિંત્યામુક્ત થશે, ને આવશે. (સંતાઇ જાય છે.)

બ્રહ્મા—(પ્રવેશી) ઇંદ્રરાય ! દુષ્ટ આપણા કહેવાથી અટકયો તો ખરો, પણ હજીએ પોતાની દ્રઢતા છોડશે નહિ એમ લાગે છે.

ઇંદ્ર—સત્ય છે એ મદોન્મત્ત કેર કરશે ને એના તોફાનથી અનેક જીવો મરશે. માટે આપણે વિષ્ણુભગવાનની પ્રાર્થના કરો કે તે એને પેશ પહોંચાડશે.

બ્રહ્મા—હા, એ શિવાય બીજો ઇલાજ નથી. એમજ કરીએ.

બ્રહ્મા-ઇંદ્ર—(દીન સ્વરે) હે ? દિન દયાળ ! પ્રજા પ્રતિપાળ ! કૃપાળ કુરૂણા કરો. ને હમારાં સંકટ હરો. કાંતો આ દુષ્ટને વારો કે સંહારો.

ગાયન ૧૦ મું.

ઉગારો આ અસુરથી હરિ ! ! સુર તમારા,
કૃપાળુ થાવ, માફ કરી, દોષ હમારા—ઉગારો૦
દાનવ હસ્ત, આ સમસ્ત, ભૂમિ જવ ડુબાશે,
ભૂધર ! નામની હે ! તારી છાપ સ્યામ ! જાશે—ઉગારો૦

વિષ્ણુ—(નેપથ્યમાંથી)—

ડરો નહિ દેવ અભય રહો, હરિ અવતાર લેશે;
બારાહ રૂપ અસુર ! ભૂપનેજ દંડ લેશે.—ઉગારો૦

ઇંદ્ર—સાંભળ્યુ. બ્રહ્માજી ! આ શાંતિ નાદ કયાંથી સંભળાયો ?

બ્રહ્મા—મને તો લાગે છે કે ક્ષીરસાગરમાંથી શબ્દ ઉઠે છે.

ઇંદ્ર—પણ શબ્દનો ભવાર્થ શું થયો તે સમજ્યા ?

બ્રહ્મા—હા એનો ભાવાર્થ એમ થાય છે કે વિષ્ણુ ભગવાન બારાહ રૂપ ધરી, થાશે એના અરી. અભિમાન ઉતારશે, ને એને મારશે.

ઇંદ્ર—ચાલો ત્યારે આપણે ઉગ્ર થએલા અમરોને આ વૃતાંત વરણવી શાંતિ આપીએ.

બ્રહ્મા—હા ચાલો. (જાય છે)

હિરણાક્ષ—(પ્રત્યક્ષ થઇ) બીકણુ બાયલો હજી સુધી આવ્યો નહીં. શું આવે ? મોતથી સર્વ ડરે, ત્યાં એ કેમ નીસરે. ત્યારે હવે મારે ક્યાં સુધી વાટ જોવી ? વળી કદાચ પૃથ્વિમાંથી પાતાળમાં પેસશે તો મારે આખું પાતાળ ઉઠાવવું પડે, માટે વિલંબ નહિ કરતાં ધરાને ઉઠાવું, ને જળમાં ડુબાવું (પૃથ્વિ ઉઠાવતાં) અ-લ-લ-લ-હો.

વ્યારાહ—(ભયંકર અવાજ સહીત પ્રગટ થઇ) સબુર પાપી સબુર. જો આ ગોવિંદનું નુર અધમ કુર થાય છે, દુર, કે કરૂં ચુર.

હિરણાક્ષ—કોણ તું ગોવિંદો ? આવ આવ તારૂંજ કામ છે, લઢવાની મને હામ છે.

વ્યારાહ—ચાંડાલ ! ચુપ રહે હમણાજ તારો ગર્વ ઉતરશે, ઠાર મરશે.

હિરણાક્ષ—અરે મગતરા ! શું તું માતંગને મારશે ? શિયાળથી સિંહ હારશે ? ચાલ તૈયાર થા આવી જા.

વ્યારાહ—(શીર કેશ સાહી) બોલ પાપી શું કહે છે ?

હિરણાક્ષ—(છટકતો) અરે તારાથી કોણ ડરે છે.

વ્યારાહ—ઠીક ત્યારે કરણીનાં ફળ ખા ને કાળનો ભોગ થા. (પૃથ્વી ઉપર પટકે છે હિરણાક્ષ ભયંકર ચીસ પાડે છે ને અમરો અંતરીક્ષમાંથી પુષ્પ વૃષ્ટિ કરે છે.)

દેવતાઓ— ગાયન ૧૧ મું

વાહ્વા અભિમાની અસુરનો આવ્યો અંત,
ધરી વ્યારાહરૂપ........પ્રગટ્યા ભગવંત—વાહ્વા॰
અમૃત વૃષ્ટિ થઇ ત્રિભુવનમાં,
જય જય ધ્વનિ થાયે જ અનંત—વાહ્વા॰
ચંદન પુષ્પે વધાવો હરિને,
ચરણ કમળમાં વંદન કરીને,
કરી સુર વ્હાર ! ભૂમિનોજ ભાર ! ઉતાર્યો મોરાર !
આનંદની ધાર વરસાવી કીધાં,સુખી સૌ જીવજંત-વાહ્વા॰

પ્રવેશ અગિયારમો.

સ્થળ—જંગલ

પાત્ર—શાંતિદેવ, કાંતિદેવ, ખોડાસુર, ચીબાસુર ને વરૂણ વગેરે.

કાંતિદેવ—(પ્રવેશી) શાંતિદેવ ! સ્વર્ગાધિપતિ ઈંદ્રરાયે જે સમાચાર આપ્યા, તે શું ખરા હશે ? તે પાપી હિરણ્યાક્ષનો નાશ થશે ?

શાંતિદેવ—હા, સભામાં વાતો થતી હતી કે સમુદ્રમાંથી એવો શબ્દ સંભળાયો કે વિષ્ણુ ભગવાન વ્યારાહ રૂપ ધરી તે દુષ્ટનો નાશ કરશે.

કાંતિદેવ—પ્રભુ કરેને એમ થાય. નીચ આપણને થોડા રંજાડે છે? વારંવાર સ્વર્ગમાં આવે છે, ને આપણને સતાવે છે. જુઓને તે દીવસે અસુરો યજ્ઞ ભ્રષ્ટ કરવા આવ્યા હતા. ને આપણને કેટલા હેરાન કર્યા હતા ! એ તો ઠીક થયું કે ગુરૂ બ્રહસ્પતિને અમરાધિસે તેમને મારી હઠાવ્યા. નહિ તો વિષ્ણુયાગ ભ્રષ્ટ થતે ને સર્વ પવિત્રતાનું સત્યાનાશ વળતે. ભાઈ ઉતાવળે આંબા પાકે નહિ, સૌ સૌના નિરમાણ પ્રમાણે સૌ યથાજ કરશે. પણ હવે તો કોઇપણ રીતે તે પાપી શાંત થાય તો સારૂં. નહિ તો આપણી દુર્દશા છે, કેમકે હમણાં ન્યાય યુદ્ધ થતું હોય તો પુરૂ પડાય. પણ નિચતા વાપરે ત્યાં કેમ ઉભુ રહેવાય ?

શાંતિદેવ—હા નિચતા તો અતિશય. આપણે હથીઆર લઇ સામા થઇએ. ત્યારે એ દુષ્ટો હાડકાં લે આપણે પાષાણ પ્રહાર કરીએ ત્યારે તે હરામખોરો વિષ્ટા ફેંકે. હવે એમને પુરૂ કેમ પડાય !

કાંતિદેવ—હા, પણ અટલું બધું વેર થવાનું કારણ શું તે સમજાયછે?

શાંતિદેવ—ના ભાઇ મને તો કાંઇ સમજાતું નથી. તમે જાણતા હો તો કહો.

કાંતિદેવ—કેમ ? તે દિવસે સભામાં વાત થઇ હતી તે યાદ નથી ! કે કચ્છાવતારે સમુદ્ર મંથન કર્યું તે વખતે અમરોને અમૃત પાયું હતું ને અસુરોને દુર કાઢયા હતા તે દીવસનું એ લોકોએ આપણી સાથે વેર બાંધ્યું છે.

શાંતિદેવ—હા બરાબર છે, હવે યાદ આવ્યું ત્યારનાજ એ આપણા શત્રુ થઇ પડ્યા છે.

ખોડાસુર—(પ્રવેશી) અરેરે ! શોધ કરી કરીને થાક્યો પણ હિરણ્યાક્ષજીનો પત્તો ન લાગ્યો કે તે ક્યાં છે ? સ્વર્ગમાં શોધ્યા, પાતાળમાં પેઠા, અવનીપર આથડ્યા, પણ સમજાતું નથી કે તેમનું શું થયું ?

ચીબાસુર—(પ્રવેશ કરી) કેમ ખોડાસુર ! ક્યાંએય હિરણ્યાક્ષજીનો પત્તો લાગ્યો ?

ખોડાસુર—ઓહોહો ! આવો ચીબાસુર. હું તો હવે હામ હારીનો બેઠો છું, શેનો પત્તો ને શી વાત. હું તો ધારૂં છું કે કાંઇપણ અમરોનો દગો છે. તે લોકો એવા લુચ્ચા છે કે ગમે તે યુક્તિથી સામાને ફસાવી દે.

ચીબાસુર—ત્યારે શું તે લોકોએ કાંઇ નવા જુની તો ન કરી હોય ?

ખોડાસુર—મને તો એમજ લાગે છે કે કોઇપણ રીતે દેવોએ દગેથી દંડ દીધો, ને એમનો પ્રાણ લીધો. (દેવો તરફ દૃષ્ટિ લંબાવી) અરે પેલા બે કોણ છે ?

ચીબાસુર—મને તો અમરો જેવા લાગે છે.

ખોડાસુર—હા એમજ છે. મારો હરામખોરોને શું જુઓ છો ?

વરૂણ—(પ્રવેશી) કોણ કાંતિદેવ ને શાંતિદેવ ?

કાંતિદેવ ને શાંતિદેવ—હા આવો વરૂણ દેવ ! કેમ ક્યાંથી આવોછો ?

વરૂણ—મારે સ્થાનકેથી.

શાંતિદેવ—કાંઇ નવાજુની ?

વરૂણ—પાપી હિરણ્યાક્ષને ઠાર કર્યો.

શાંતિદેવ—હેં ! કોણે ?

વરૂણ—વ્યારાહરૂપ ધરી વિષ્ણુએ.

શાંતિદેવ-કાંતિદેવ—ચાલો ફતેહ ફતેહ ! (તાળી લે છે)

ખોડાસુર—ચીબાસુર ! આ સાંભળ્યું. વિષ્ણુએ વ્યારાહરૂપ ધરી હિરણ્યાક્ષજીની ઘાત કરી. દેવોને તાર્યા ને એમને સંહાર્યા.

ચીબાસુર—હા વરૂણના બોલવા ઉપરથી એમજ જણાય છે.

ખોડાસુર—ત્યારે હવે જુઓછો શું ? આતો આપણા કટ્ટાશત્રુ. માટે પહેલા કરો એમની ઘાત પછી વિષ્ણુની વાત.

ચીબાસુર—ચાલો ત્યારે (અસ્થિ પ્રહાર કરતા) હરામખોરો જોઇ લ્યો હવે ઝપાટો.

ખોડાસુર—મારો. પાપીઓને મારો શું જુઓ છો ?

વરૂણ—કાંતિદેવ શુરવીર થાઓ. મારો એ નીચને.

કાંતિદેવ—અરે પણ એમના હાથમાં હાડકાં છે. જેથી આપણે ભ્રષ્ટ થઇશું.

શાંતિદેવ—ત્યારે હવે શો ઇલાજ. ભાગ્યા વિના છુટકો નથી.

કાંતિદેવ—હરામીથી હારવું એજ ઉચિત છે. નાસો.

વરૂણ—હા નાસો. (નાસી જાય છે.)

ખોડાસુર—પાપીઓનાં ઠીક હાડકાં રંગાયાં છે.

ચીબાસુર—હા. થોડી ચળ ઉતરી તો ખરી.

ખોડાસુર—હવે આપણે જલદી ચાલો. હિરણ્યકસ્યપુને ખબર આપીએ કે હિરણ્યાક્ષજીનો નાશ થયો.

ચીબાસુર—હા ચાલો. (ખબર આપવાના આવેશમાં ઉતાવળા જાય છે.)

પ્રવેશ બારમો.

સ્થળ-હિરણ્યકસ્યપુનો મહેલ.

પાત્ર—હિરણ્યકસ્યપુ, શંબુક, અનુચર, દૈત્યો ને દુત.

હિરણ્યકસ્યપુ—(પ્રવેશ કરીને) અહાહા ! ! આ શો જુલમ કે શોધ કરી કરીને થાક્યો પણ મારા બંધુ હિરણ્યાક્ષનો પત્તો ન લાગ્યો કે તે ક્યાં છે. દશે દિશાઓ ઉજ્જડ કરી પણ ન મળ્યો ફરી. શું તેને કોઇ અમરે માર્યો તો નહિ હોય? (વિચારીને) ના, ના, મારે તો શું ધુળ. સન્મુખ આવે તો કાઢે તેનાં મૂળ તેવો છે. ત્યારે કેમ થયું હશે ? (નેપથ્યમાં જોઇ) શંબુક !

શંબુક—(સવિનય પ્રવેશી) જી હજુર.

હિરણ્યકસ્યપુ—મારા ભાઇનો પત્તો લાગ્યો કે નહીં? કઇ ભાળ છે. કે જરૂર એનો કાળ છે.

શંબુક—ચીરછત્ર પૃથ્વિનાં પડેપડ ખોળ્યાં, દરિયાનાં પાણી ડોળ્યાં, પણ ભાળ નથી કે તે ક્યાં છે ?

હિરણ્યકશ્યપુ—ત્યારે શું મારો બંધુ મુઓ હશે ? શું એ બાજને કોઈ ચીડિયાની ઝપટ વાગી હશે ?

શંબુક—માહારાજ ! આ શું બોલોછો ? મણીધરને મેડક કેમ મારી શકે ? સાવજને સસલું શી રીતે સંહારી શકે ! એ કોઇથી જીતાય તેવા તો નથી, પછી તો કોણ જાણે?

હિરણ્યકશ્યપુ—અફસોસ ! કે આજ કેટલા દિવસ થયા બંધુના વિયોગમાં ઝુરૂછું. મને લાગે છે કે તે બહુ હઠીલો છે. જેથી દેવતાઓ સાથે યુદ્ધમાં પડ્યો હોય તો તેને એકલો જાણી સુર લોકોએ કરી હોય હાની. આજે મારૂ મંન બહુજ અકળાય છે, ચિત્ત વ્યાકુળ થાય છે. કાંઇ સુઝતું નથી કે શું કરવું?

શંબુક—માહારાજ શાન્ત થાઓ. ધૈર્ય ધરો. તેમનાં વિઘ્ન દુર થશે. ને આપને આવી મળશે. પાછો આજે હું પોતેજ તેની ખોળમાં જાઉંછું, ને ગમે ત્યાંથી પત્તો મેળવી લાવું છું.

હિરણ્યકશ્યપુ—પણ આજે મારૂ વામ અંગ ફરકે છે, જેથી કાળજુ ધડકે છે. અનિષ્ટનાં ચિન્હ દેખાય છે, મને ચિંત્યા થાય છે.

અનુચર—(પ્રવેશ કરીને) દાનવપતિ ! દ્વારે કોઇ દુત આવેલ છે, કંઇક સંદેશો લાવેલ છે. તે આપને મળવા ચાહ્ય છે, શી આજ્ઞા છે ?

હિરણ્યકશ્યપુ—જા તેને આવવા દે. (હિરણ્યાક્ષપ્રતિ) મ્હારા ભ્રાતની ભાળ લાવ્યો હોય તો કેવું સારૂં ? એમજ હોય તો હું તે દુતને ન્યાલ કરૂં.

બોડાસુર—(અનુચર સહિત પ્રવેશ કરીને) અસુરેશ્વર ! કહેતાં જીભ ઉપડતી નથી.

હિરણ્યકશ્યપુ—બોલ બોલ શું છે ? મારા ભ્રાત સંબંધી વાત છે?

બોડાસુર—હા.

હિરણ્યકશ્યપુ—શું તે મળ્યા?

બોડાસુર—ના. પણ સંસારમાંથી ટળ્યા.

હિરણ્યકશ્યપુ—શું ગોવિંદાને શોધવા ગયા ?

બોડાસુર—નાના પુરા હાલ થયા.

હિરણ્યકશ્યપુ—શું છે પરિણામ ?

બોડાસુર—પહોંચી ગયા સ્વધામ.

હિરણાકશ્યપુ—હેં શું તે મુઓ ?

ખોડાસુર—હાજી. આપ તપાસી જુઓ.

હિરણાકશ્યપુ—ક્યાં ?

ખોડાસુર—યુદ્ધ થયું ત્યાં.

હિરણાકશ્યપુ—કોને હાથે ?

ખોડાસુર—વઢતાં બ્યારાહની સાથે.

હિરણાકશ્યપુ—કયા સૈન્યનો નાયક ?

ખોડાસુર—અમરોનો સ્રાહ્નક.

હિરણાકશ્યપુ—આહ ! ! થઇ ચુક્યું, વૈરીઓએ વૈર વાળ્યું. હવે કમર કસુ, ને અમરો સામો ધસુ, દેવને પેશ પહોચાડું, અમરાપુરી બાહાર કાહાડું. દરવા ન દઊં, મારા બંધુનું વૈર પુરેપુરૂં લઊં. જરા નહીં બ્હીશ, તેમનું શોણીત પીઇશ, જીવ લઇશ, ત્યારેજ શાન્ત થઇશ. (શંબુક તરફ જોઇ) શંબુક ! આપણા સૈન્યને સજ કરો, જલદી પરવરો.

શંબુક—જેવો હુકમ (જાય છે.)

હિરણાકશ્યપુ—આહ ! ! મારે રૂવે રૂવે જ્વાળ પ્રગટ છે. વેરી હાથ ક્યારે આવશે ? ઓ હિરણાકસ્યપુ ! જ્યાં સુધી તેં તારા બંધુનું વૈર લીધું નથી, ત્યાં સુધી તું વીર નહિ પણ હિચકારો છે, અરે ગજરાજ નહિ પણ ઘેટું છે. (હાથ પ્રતિ દૃષ્ટિ કરી) અરે ઓ બળિષ્ટ બાહુઓ ! જ્યાં સુધી તમે દુસ્મનને નથી પટક્યા, ત્યાં સુધી છો કાષ્ટના કડકા. (સમશેર પ્રતિ) ઓ વિજયી સમશેર ! જો તારાથી શત્રુ નહિ હણાશે. તો તુંપણ કટાયલા કાતારૂપ ગણાશે.

શંબુક—દાનવપતી ! લસ્કર તૈયાર છે, ફક્ત હુકમનીજ વાર છે.

હિરણાકશ્યપુ—મારી સમક્ષ લાવો.

શંબુક—જેવી આજ્ઞા. (લસ્કરીઓ દાખલ થાય છે.)

હિરણાકશ્યપુ—સર્વે તૈયાર છો ?

અસુરવૃંદ—હાજી.

હિરણાકશ્યપુ—શંબુક ! હું પિતામહ બ્રહ્માનું તપ કરવા જાઉં છું, ને વરપામી અજીત થાઉંછું. તું તૈયાર થા. તને આ લસ્કરની સરદારી આપું છું, માટે તું સૈન્ય સાથે જા, ને સ્વર્ગમાં જઈ

દેવોને દુભાવ. એમ થશે તોજ શત્રુ હાથ આવશે. કેમકે તે અમ્મરોનો સાહાયક છે. માટે વા'રે આવશે, કે મારવાનું ફાવશે. અમ્મરોને હેરાન કરો. ધર્મનો નાશ કરો. નારાયણ નામ લેનારની જીભ કાપો. તીલક કરનારને તેવાજ ડામની છાપ આપો. યજ્ઞકુંડ ભ્રષ્ટ કરો. જાવ જરા નહિ ડરો.

ગાયન ૧૨ મું.

જાઓ જાઓ દેવોને ઝટ મારો,
શુર ધરો, ચુર કરો, શત્રુ સંહારો—ટેક;
ધર્મ હોય ત્યાં ધાડયજ પાડો, યજ્ઞકુંડ મુર્તિ ભંજાડો;
ખુબ જઇ ડારો.........મારો.............બસ મારો.
ત્રાડો-ફાંડો-ભાંડો-જઇ ભૂમાં ખોદી ગાડો-દેવ મંદીર પાડો;
જાઓ-થાઓ-અસુર અભિમાન ચિત્ત ધરો—જાઓ૦

પ્રવેશ તેરમો.

સ્થળ-ઇંદ્રનો મહેલ.

પાત્ર—ઇંદ્ર, અનુચર, અને પાછળથી મેનકા.

ઇંદ્ર—(પ્રવેશ કરીને) પ્રભુ ! ! પ્રભુ ! ! હવે શું થશે ? પાપીઓનું પ્રબળ વધ્યું. હિરણ્યાક્ષ મરવાથી અસુર વૃંદનાં ટોળેટોળાં અમ્મરોને પીડવા નીકળી પડ્યાં છે. તો હવે કેમ કરવું? સર્વે દેવો કંપાયમાન થઇ રહ્યા છે. તો બચાવને માટે શો ઇલાજ યોજવો ?

અનુચર—(પ્રવેશ કરી દોડતો) સ્વર્ગાધિપતિ ! ? ચેતવું હોય તો ચેતજો સમય છે. નહિ તો વિપત્તિમાં આવી પડીશું.

ઇંદ્ર—(ચકિત થઇ) શું છે શું છે. કેમ ગભરાય છે ?

અનુચર—કાળજુ થરથર થાય છે.

ઇંદ્ર—શામાટે ?

અનુચર—અસુર ભયના ઉચાટે.

ઇંદ્ર—કેમ વળી કોઇ દુષ્ટ આફત લાવે છે ?

અનુચર—હા શસ્ત્રધારી શંબુક આવે છે.

ઇંદ્ર—છે કોઇ સાથે મદદગાર ?

અનુચર—અસુર વૃંદ છે અપરંમપાર.

ઇંદ્ર—કેણી તરફ જાય છે ?

અનુચર—આણી ગમ ધાય છે.

ઇંદ્ર—હજી કેટલે દુર છે ?

અનુચર—સો જોજન જરૂર છે.

ઇંદ્ર—હિરણ્યાકસ્યપુ સાથે આવ્યો છે ?

અનુચર—ના. તે તો તપ કરવા સીધાવ્યો છે.

ઇંદ્ર—હરિ હરિ ! હવે લજયા રહેશે કેમ કરી ? પાપી હમણા આવશે. ને સર્વને સંતાપશે. શો ઘાટ ઉતારૂં કે બચવાનું મળે બારૂં (વિચારી)હા હા મેનકાને મોકલું સન્મુખ, તોજ ભાગશે દુઃખ. તે તેને લાલચમાં લપટાવશે. અહીં આવતો અટકાવશે. (દુત તરફ જોઈ) અનુચર ! ! જલદી વીચર, મેનકા અપ્સરાને તેડી લાવ. જલદી આવ.

અનુચર—જી હુકમ. ત્વરાથી જાઉં છું. હમણાંજ તેડી લાવું છું (જાય છે.)

ઇંદ્ર—(સ્વગત) આ વિચાર ઠીક છે. મેનકાથી ફસાય તો પછી શી બીક છે ? મને ખાત્રી છે કે એ લટકાળી લટકામાં લોભાવશે. ને અહીં આવતો થોભાવશે. હશે જબરજસ્ત, તોએ એ કરશે વશ.

મેનકા—(વંદન કરતી પ્રવેશી) અમરપતિ ! દાસીને શી આજ્ઞા છે. ફરમાવો. ?

ઇંદ્ર—શોભિત સુંદરી ! આજે તારે અગત્યનું કામ કરવાનું છે. પરપુરૂષનું મન હરવાનું છે. શંખુક નામનો એક દાનવ અસુરવૃંદ સહિત આ તરફ આવે છે. તેને જઇ હાવભાવમાં લોભાવ, અહી આવતો અટકાવ. ને રસ્તામાં રખડાવ. આટલું કામ પૂર્ણ કરીશ. તો હું તને અભરે ભરીશ.

મેનકા—ઓહો ! એના શા ભાર છે ? ત્યાં મને જતાંજ વાર છે. આમ અણીઆળી આંખ લગાવી, કે તુરત ચોટલી હાથ આવી. મોટા મોટા તપસ્વીઓને તંત્ર્યા છે. તો એના શા ભાર બન્યા છે ? એજ છે કે બીજું કંઇ ?

ઇંદ્ર—એજ.

મેનકા—હ્યો ત્યારે જાઉછું, કાર્ય બજાવું છું. નિશ્ચય તામે કરીશ તોજ પાછી ફરીશ.

ઈંદ્ર—શાહ્બાસ. શાહ્બાસ. સુંદરી શાહ્બાસ. જા૫તેહ કર. (મેનકા ગયા પછી) ચાલ. એક પીડા તો ટળી. મેનકા એને આગળ વધવા દેશે નહીં. હિરણ્યાકસ્યપુ તપ કરવા ગયો છે એ પણ ઠીક થયું. હવે ત્યાં કોઈ મહારથી યોદ્ધો હશે નહીં. હિરણ્યાકસ્યપુ આમ છે. શંબુક આમ છે, ને હિરણ્યાક્ષ ઠેઠ સ્વધામ છે. માટે લાગ સાધુ. ને હિરણ્યાકસ્યપુને ત્યાં જાઉં, ને તેની સ્ત્રીનું હરણ કરી લાવું. પછી ખૂબ સંતાવું. તો બરાબર વૈર વળશે ને મનની દાઝ ટળશે. (જતાં) બસ એજ કરૂં.

પ્રવેશ ચૌદમો.

સ્થળ—જંગલ.

પાત્ર—હિરણ્યાકશ્યપુ, અને બ્રહ્મા.

બ્રહ્મા—(તપશ્ચર્યા કરતા હિરણ્યાકસ્યપુ પ્રતિ) વરંબ્રુહી, વરંબ્રુહી, વરંબ્રુહીઃ તપસ્વી હિરણ્યાકસ્યપુ જાગૃત થા. તારા ઉગ્ર તપથી હું પ્રસન્ન થયો છું. માગ માગ જે જોઇએ તે માગ. વાંચ્છના પૂર્ણ કરીશ.

હિરણ્યાકશ્યપુ—દાદાજી ! દોહીત્રપર કૃપા કરી પ્રસન્ન થયા, બહુ કરી દયા. પણ મને શું મનઇચ્છિત વર આપશો ?

બ્રહ્મા—તપનો તાબેદાર છું, માગ માગ જે માગે તે આપવા તૈયારછું.

હિરણ્યાકશ્યપુ—તો હું એવું વરદાન માગુંછું કે અખિલ વિશ્વમાં કોઇપણ મારો નાશ કરી શકે નહીં. જળમાં કે સ્થળમાં. અગ્નિ, વાયુ કે પ્રકાશથી. સત્ય કે સુકસ્યથી. મંત્ર તંત્રથી કે અસ્ત્રશસ્ત્રથી. તમામ ધાતુના ઘાટથી કે નાદના ઘોંઘાટથી. દરેક જાતની ઔષધીથી કે વચન સિદ્ધિથી ગિરિપર કે ગુફામાં ઘરમાં કે બહાર. દિવસે કે રાત્રે. અવનિપર કે અદ્ધર. મનુષ્યથી કે દૈત્યથી. પશુથી કે પક્ષિથી. હું મરૂં નહીં. નાશવંત થાઉં નહીં.

બ્રહ્મા—તથાસ્તુ. જા હું આપી ચુકયો.

હિરણ્યાકશ્યપુ—અતિ આભારી થયો.

બ્રહ્મા—હવે હું અંતર ધ્યાન થાઉછું. (અદૃશ્ય થાય છે)

હિરણ્યાકશ્યપુ—સુખેથી પધારો. (પુષ્કળ આનંદ પુર્વક)

ગાયન ૧૩ સું.

થાઉં ત્રિલોકનાથ, બસ-બસ, વર આવ્યો છે હાથ;
અમ્મરોને મારૂં ઠાર—વિષ્ણુને। કરૂં સંહાર—ટેક૦
મરણ શરણ હવે ગયું છે, આયુષ્ય મુજ અમ્મર થયું છે;
બળ મારૂં પ્રફુલિત થયું છે, સુરસાથ-ભિડુ બાથ-થાઉં૦
ડરથી નિડર થઇ ગયો છું, અજીત યોદ્ધો હું રહ્યો છું;
સહુંનો શિરમણી થયો છું, સુરસાથ-ભિડુ બાથ-થાઉં૦

પ્રવેશ પંદરમો.

સ્થળ-જંગલ.

પાત્ર--ઇંદ્ર, નારદ, અને સન્મતિ.

ઇંદ્ર—(સન્મતિને ઘસડતાં)ચાલ દુષ્ટા !! તારે ઘેરથી આટલે સુધી ઘસડી લાવ્યો છું તે શું હવે તને પાછી જવા દઇશ ખરો કે ? સમજીને આગળ ચાલ, નહિ તો મહા કષ્ટ આપીશ.

સન્મતિ—(સંતાપ જનક સ્થિતિમાં) અરે પાપી ઇંદ્ર ! વિના કસુરે તું મને શા માટે પીડે છે ? તું મારા ઉપર આટલો જુલમ ગુજારે છે એમાં તારૂં વીરપણું નહિ પણ હિચકારાઇ જણાય છે. બાથ ભરે તો બરોબરીઆથી ભર. હું નિરાધાર અબળાને સતાવતાં જરા શરમા.

ઇંદ્ર—બરોબરીઆથી બાથ ભીડવાને માટેજ આ કૃત્ય છે. તારા સ્વામિ હિરણ્યાકસ્યપુ તરફથી કાંઇ હમોને ઓછું કષ્ટ નથી પડયું, ને હજી પણ તે હમારી કેડ મુકતો નથી. માટે તે વૈરનો બદલો વાળવાનેજ હું તને ઘસડી જાઉંછું.

સન્મતિ—પણ મને લઇ જવાથી તારૂં વૈર શું વળશે. હામ હોય તો મારા સ્વામી સાથે યુદ્ધ કર. તું સ્વર્ગાધિપતિ થઇ હું નાથ વિનાની હરણીની ઉપર સાવજ રૂપ થા માં. આમ કરવાથી તું બાહાદુર નહિ પણ બાયલો ગણાશે. પુરૂષ નહિ પણ હાતડો લેખાશે.

ઇંદ્ર—ચુપ રહે ચંડાળણી ! તારી વિષ ઝરતી જીભને અટકાવ નહિ તો અહીંજ પુરી કરી દઇશ.

સન્મતિ—અરે નીચ ! કાંઇ તો દયા લાવ. મારી નહિ તો મારા ઉદરમાં ગર્ભ છે તેની તો લાવ.

ઇંદ્ર—એ તારા ગર્ભનો નાશ કરવાને માટેજ આ યત્ન આરંભ્યો છે. કારણ કે જે તારો પતિ આવો દુષ્ટ છે તો તેનો પુત્ર પણ એવો કેમ નહિ થાય ? ઝેરી ઝાડનાં ફુળ ઝેરીજ નીપજે છે. માટે ઉગતા છોડને મોડી નાંખવો એજ ઉચિત છે. (પદ પ્રહાર કરતો) ચાલ આગળ થા, નહિ તો ઠાર મારીશ.

સન્મતિ—(ચીસ પાડતાં) ઓ મારા બાપરે ! મરી ગઇરે ! કોઈ ધાઓરે ! મુકાવોરે ! આ કસાઇના હાથથી ગરીબ ગાયને બચાવોરે !

નારદ—(પ્રવેશી) સબુર ! સબુર ! સાધવી સ્ત્રી ઉપર સાહસ કરીશ નહીં, અધમ પગલું ભરીશ નહીં, (ઇંદ્રને) ઇંદ્રરાય ! આ શું કરોછો, કોના ઉપર જુલ્મ ધરો છે ?

ઇંદ્ર—મહામુની ! આ મારા શત્રુ હિરણ્યકશ્યપુની ભાર્યા છે. જેથી હમારૂં વૈર વાળવા આ પગલું ભરૂંછું.

નારદ—એથી તમારૂં શું વૈર વળશે ?

ઇંદ્ર—એના ઉદરનો ગર્ભ ઉચ્છેદાશે, તો ઉગતા શત્રુનો ભય ઓછો થશે.

નારદ— આમાં તમારી ભયંકર ભુલ છે. તમે જાણો છે કે એ દાનવની સ્ત્રી છે. છતાં પણ શુદ્ધ વિચારે ભરપુર છે. અને એના ઉદરમાં વસનાર બાળક પ્રૌઢ પ્રતાપીને શ્રેષ્ટ હરીભક્ત નિવડશે. જેના ભક્તિના પ્રભાવથી પરમાત્માને નૃસિંહ અવતાર ધારણ કરવો પડશે, ને તે તમારા શત્રુને સંહારશે. માટે જો આ સાહસ કરશો, તો પાછળથી પશ્ચાતાપ કરવો પડશે.

ઇંદ્ર—રૂષિવર્ય ! ! આપનું વચન મસ્તક ધરૂં છું, ને મારી ભુલની ક્ષમા ચાહુંછું. હવે આપ આજ્ઞા કરો તેમ કરૂં ?

નારદ—એ સતીને મારે સ્વાધિન કરો ને સ્વસ્થળે પાછા ફરો.

ઇંદ્ર—જેવી આજ્ઞા. લ્યો આપને યોગ્ય લાગે તેમ કરશો. હું રજા માગું છું.

નારદ—હા જાઓ.

સન્મતિ—યોગેશ્વર ! આપે મને આ આફતમાંથી બચાવી છે. જેથી આપનો અંતઃકરણથી આભાર માનું છું. આપનું નામ જણાવવા કૃપા કરશો ?

નારદ—મારૂં નામ નારદ છે. પણ તારા સંબંધમાં મેં મારા સ્વભાવનું ખરૂં રૂપ દર્શાવ્યું નથી, નહિ તો લડાલડી ને મારામારી જોવાનું તો મને ખાસ વ્યસન છે, પણ તે તલપને તારી દુઃખી દશા જોઇ દાબી દીધી છે.

સન્મતિ—કિંકરીપર આભાર થયો.

નારદ—હવે તારે ક્યાં જવા વિચાર છે ?

સન્મતિ—મારે સ્થાનકે.

નારદ—તારૂં સ્થળ અહિંથી ઘણે છેટે છે, માટે તું અહીંથી એકલી જશે તો તને હિરણ્યકશ્યપુની સ્ત્રી જાણી અમ્મરો હેરાન કરશે. જેથી હાલમાં તું મારા આશ્રમે ચાલ; હું તને પુત્રી તુલ્ય પાળીશ, ને પ્રસવકાળ વ્યતિત થયા બાદ નિર્વિઘ્ને તારા નાથ પાસે પહોંચાડીશ.

સન્મતિ—ભલે જેમ આપની ઇચ્છા. હું આપને મારા પિતા તુલ્ય માનું છું.

ગાયન ૧૪ મું.

સમજી જનક રૂષિરાજ, હાલો આપ સંગે આવુંછું
સાથે રહીને સુબોધ પામીશ, એવું અંતર મમ ચાહુ,
ગોવિંદ ગુણ ગાઉ—સંતોષ મન લાવું;
સેવા આપની કરીને આનંદિત થાઉં—આપ૦

પ્રવેશ સોળમો.

સ્થળ—અરણ્ય

પાત્ર—શંબુક, અસુરવૃંદ, મેનકા, અને શૈલ્યધર.

શંબુક—મારા શુરવીર યોદ્ધાઓ સુર સાથે આપણે કેવું વૈર છે તે તમો સારી પેઠે જાણો છો. માટે તેનો બદલો કેમ વાળવો તેમાં તમને શીખવવું પડે તેમ નથી; છતાં વિશેષ સમજાવવાની જરૂર પડે છે કે આ યુદ્ધમાં આપણું ને આપણા

કુટુંબનું બળીદાન થાય તોપણ પાછા પડવું નહીં. જ્યાં સુધી આપણી નસોમાં લોહી ફરકે છે ત્યાં સુધી દેવોને વીણી વીણીને મારવા, ને તેમનું નિકંદન કાઢી નાંખવું, તોજ આપણી બહાદુરી ગણાશે.

અસુરવૃંદ—જેવો હુકમ,

મેનકા—(પ્રવેશી સ્વગત્) અહાહા ! સર્વ સ્થળો શોધી વળી, ત્યારે અહીં આ શંબુકનો મેળાપ થયો. ચાલ હવે મારી કપટ જાળ પાથરી પાપીને ફંદામાં ફસાવું. જો એને આ અસુરવૃંદથી છુટો પાડું તોજ એની ધારેલી મુરાદ વીંખાઇ જશે; એકડો હાથ આવ્યો તો મીંડાં શું કરી શકશે ?

શંબુક—(દૃષ્ટિ પડતાં) અરે ! આ મનોહર મૂર્ત્તિ કોણ ? શું સુંદીર સ્વરૂપ છે ? (મેનકાને) અરે નારી તું કોણ છે ?

મેનકા—હું કુમારીકા છું.

શંબુક—શું તું કુમારીકા છે ?

મેનકા—હાજી.

શંબુક—તારાં લગ્ન થયાં નથી ?

મેનકા—નાજી.

શંબુક—શું કારણ ? યુવાવસ્થામાં આવી છે, છતાં પરણી કેમ નથી ?

મેનકા—મારા લાયક કોઈ મરદ નથી માટે.

શંબુક—શું સૃષ્ટિ સુન્ય છે કે તને કોઇ પુરૂષજ ન પેખાયો ?

મેનકા—મારી નજરે તો નથી દેખાયો.

શંબુક—એટલે ?

મેનકા—મારી એવી પ્રતિજ્ઞા છે કે કોઇ પણ પુરૂષ મને છેતરીને જીતે એવી હોડ કરે, તે મને વરે. ને જો એ કામમાં પાછો પડે તો મારી ગુલામગીરી કરે.

શંબુક—(સ્વગત્) અરે ! આ તો અભિમાની પુતળી જણાય છે. (પ્રકાશ) તું ક્યાંથી આવે છે ?

મેનકા—ફરતી ફરતી. ઘણી ઘણી મુસાફરી ફરી પણ કોઇએ મારી શરત કબુલ નહિ કરી. જેથી મેં એમ માન્યું કે પૃથ્વિપર કોઇપણ મરદ છેજ નહિ પણ સૌ નામર્દ છે.

અસુરવૃંદ—શું બોલે છે કોઇજ મરદ નથી ?

મેનકા—નથી, નથી, નથી.

શંબુક—ત્યારે આ મારી ટોળીમાંથી કોઈ પણ પુરૂષ તારી હોડ પુરી કરે તો તેને તું વરે ?

મેનકા—બેશક. એમ થાય તો આ બંદી કબુલ કરે. (સ્વગત) સાણસામાં સપડાય એમ લાગે છે તો ખરૂં.

શંબુક—મારા શુરવીર યોદ્ધાઓ આ અબળા મરદ ને નામર્દ બનાવવા નીકળી છે તો આપણું પુરૂષ જાતીનું પાણી રાખવા કોઇપણ હિંમત ધરો ને એની સરત પૂર્ણ કરી એ અભિમાની પુતળીને વરો, કે તુટે એનો બરો.

અસુર ૧ લો—કેમ ભાઇ કોઇની હીંમત થાય છે ?

બોડીઓ—કદાચને હોડમાં હારીએ તો ?

અસુર ૨ જો—હારશો તો ગુલામ થશો.

બોડીઓ—હા, ને જીતશો તો મોજ કરશો.

અસુર ૩ જો—ના ભાઈ એ ઉંડા ખાડામાં આપણે તો પગ મુકવો નથી.

અસુર ૨ જો—નાજુક નારી, લાગે છે તો પ્યારી.

બોડીઓ—હા, જો તાબે થાય તો તો છે મોજની સરદારી, ને હારીએ તો ગદ્ધેકી અસ્વારી ને મોતની બારી.

શંબુક—કેમ કોઇની હીંમત થતી નથી ?

સર્વે—ના સરદાર.

મેનકા—(શંબુક પ્રતિ) બસ થયું. છે જોઇ લ્યો કોઇ આમાં મરદ ?

શંબુક—છે છે, હું પોતે છું મરદ.

મેનકા—શું તમારે કબુલ છે મારી શરત ?

શંબુક—અલબત, અલબત.

મેનકા—ઠીક ત્યારે કરો લખત, શી વાર ?

શંબુક—છું તૈયાર. (કલમ કાગળ કાઢતાં) બોલ શું લખવું છે ?

મેનકા—લખો "કે રંગીલી નારીની સંગ, હોડ કરી છે રમવા રંગ." તમારૂં નામ શું છે ?

શંબુક—શંબુક.

મેનકા—ઠીક, "હું શંબુકની એ છે સરત, રંગીલીને જીતું તરત" "છળથી છેતરવી એ કામ, ન ઓળખાવા દઉં મુજ નામ,"

"પીછાને જો મુજને તુંય, ગુલામ થાઉં હારો હુંય,"
"ઓળખ નહીં મુજ સાબીત ઠરે, તો રંગીલી મુજને વરે."
હવે નીચે તમારી સહી કરો.

શંબુક—લ્યો શંબુકધર, ભક્ષકર સહી દા. પોતે....એ.

મેનકા—લાવો મારા લટકાળા, એ પત્ર આ તમારી અલબેલીને આપો.

શંબુક—લ્યો, લ્યો, મારાં ચટકાળાં તમારા ખીસ્સામાં ચાંપો.

મેનકા—(પત્ર લઇને) હવે હું જાઉ છું. આપ હોડ કરવા આવજો ને પ્રેમના મેવા લાવજો.

શંબુક—વારૂં, વારૂં આવીશ, આવીશ. મારી રંગીલી તને રંગમાં રમાડીશ ને હાર પ્રમાડીશ. પણ મારે તને મળવું ક્યાં ?

મેનકા—મદનબાગમાં.

શંબુક—ઠીક ત્યારે જાવ પધારો.

મેનકા—(લટકાં કરતી) આવજો મારા રશીયાજી.

શંબુક—વારૂં મારી રસીલી. તારો રસ પીશ ત્યારેજ જંપીશ(તાબાના માણસને) શૈલ્યધર ! તું આપણું લશ્કર લેઈ ઇંદ્રપુરીના માર્ગે પ્રયાણ કર એટલે થોડીજ વારમાં એ ઉન્મત્ત અબળાને જીતી હું આવી પહોચ્યું છું.

શૈલ્યધર—જેવો હુકમ. (લશ્કરને) ચાલો સર્વે.

અસુર—જી હુકમ. (જાય છે.)

શંબુક—(સ્વગત) હવે મારે શું કરવું ? એ અબળાને કેવી રીતે જીતવી ? (વીચારી) હા હા. આજારી બનીને ભીક્ષુક વેશમાં જાઉં ને ફંદમાં ફસાવું; એના શા ભાર છે. (જાય છે).

ખોડીઓ—(છુપાયલો નીકળી હસી દેતો સ્વગત) જોઇ લ્યો સરદારની સરદારી, મળી નાજુક નારી કે તરત કીધી પ્યારી. લશ્કરને લડવા મોકલ્યુ ને મેહેરબાને મઝાનું મોં કીધું મોકળું. યુદ્ધના મામલા ભુલ્યા ને નખરેદાર નારીના ડોળમાં ડુલ્યા. જોઉં છું હવે શું કરે છે, આ ખોડાજી પણ તે પ્યારીને ફસાવવામાંજ ફરે છે. શંબુક ને અદ્ધર ઉડાવું ને બસ હું એકલોજ રંગીલીથી મોંજ લુંટાવું. જો જો મારા શંબુક શેઠ રંગીલી તમારી થાય છે કે મારી ? (જાય છે)

પ્રવેશ સત્તરમો.

સ્થળ—નારદમુનીનો આશ્રમ.

પાત્ર—સન્મતિ, નારદ, અને બે બાળાઓ

સન્મતિ—(અસ્વસ્થ ચ્હેરે સ્વગત) અરેરે ! મારા નસીબમાં આ અરણ્ય શું, રૂષિજી શા, ને રખડવું શું ? હું એક રાજ્ય મહેલમાં રહેનારી, સ્હેલમાં સ્હેનારી, પુષ્પ સૈયામાં પહોઢનારી, ને અમુલ્ય વસ્ત્રો ઓઢનારી આજે આ રીબાઉછું અકળાઉછું, મુઝાઉછું, રે ! કોને કહું, ક્યાં જાઉં, શું કરૂં ? ભાગ્યની કેટલી ભુંડાઈ ? કર્મની કેટલી કઠણાઇ ! પ્રસુતી કાળ તો પાસે આવ્યો, હવે આ સાથરે સુંવું કેમ સહન થાય. ને વિયોગ દુઃખ કેમ વિસારે પડે. હરી હરી ! ! હું હારી છું, જાતે નારી છું; દાસી કે દાસ પાસે નથી. વહાલું કોઈ વાંસે નથી. તો દીનબંધુ દયા લાવો ને બચાવો.

નારદ—(સ્વગત) અત્યારે વળી આ કોણ આક્રંદ કરતું હશે ? (ચારે બાજુ તપાસ કરી) અરે ! આ તો સન્મતિ સંતાપ કરે છે. લાવ જઈ એને શિખામણથી સમજાવું, નહિ તો વળી આમને આમ ચિત્ત ભ્રમિત થઇ જશે, ને વખતે વિનાશ પામશે. (સન્મતિ પ્રતિ) બેન, શાન્ત થા. સદાચરણી, ક્ષમાવાન ને સંતોષી થઇ તું આ શું કરે છે ? ગંભીર થા, ને જરા જ્ઞાન દૃષ્ટિયે જો. કપાયેલાં ઝાડ ફરીથી ફુટે છે ને ક્ષીણ થયેલો ચંદ્ર વખત આવ્યે વૃદ્ધિને પામે છે તેમ તારે માટે પણ સમજી લે. તું જાણે છે કે તરતાં તુંબડાંને અપૂર્ણ વિચારનાં મનુષ્યો સદા સંકટમાંજ સપડાતાં ચાલે છે. પૂર્ણ વિચાર કરી જો. શ્રીહરીની કેટલી દયા કે તું મારા સંરક્ષણમાં સોંપાઈ. પળની કોને ખબર છે ? તડકા છાયા થયા જાયછે, ચડે છે તે પડે છે, ફુલે છે તે કરમાય છે, જન્મે છે તે મરે છે, ને ભરાય છે તે ઠલવાય છે. માટે હરખ શોક મુકી દે ને સંતોષથી સહનશીલ થા.

સન્મતિ—(હાથ જોડીને) પીતાજી હું સમજું છું કે વિપત્તમાં ધીરજ રાખવી. પણ આ પ્રસુતી કાળની પીડા મને ગભરાવી નાંખે છે, અકળાવી નાંખે છે.

નારદ—પુત્રી ! અધીરાઇમાં આંધળી ન બન ને ગભરાટમાં ઘેલી ન થા. લે સત્ય કહું છું કે અત્યારથી હું બહાર જઇશ નહિ ને તારાથી દુર થઇશ નહીં. છે પછી કાંઇ ?

સન્મતિ—તો શું શિરછત્ર ! આપ એમ સમજ્યા કે આપની સેવાની ન્યુનતાના અભાવે હું આમ રોઉં છું. નહિ નહિ એમ સમજતા નહીં. મારે રોવાનું કારણ જુદું છે. આ પ્રસંગ એવો છે કે જેમાં પુરૂષની સેવા પાલવે નહીં ને અવશ્ય સ્ત્રીઓની અગત્ય પડે છે.

નારદ—શું ત્યારે તારે રોવાનું કારણ તેજ છે ?

સન્મતિ—હાજી.

નારદ—તો લે એ તારા સંકલ્પો પુરા કરાવું તો કેમ ?

સન્મતિ —મહંતં કૃપા. નવું આયુષ્ય આપ્યું સમજું.

નારદ—નિઃશ્ચીંત થા, હમણાજ નિરમાણ કરૂં છું; (મંત્ર બોલી બે દર્ભની સળીઓ પાતાળમાં પછાડતા.) મારા તપના પ્રભાવે બે સુંદર બાળાઓ સરજાવ ને પ્રગટ થાવ.

બે બાળાઓ—(પાતાળમાંથી નીકળી) શી આજ્ઞા છે સ્વામિન્ !!

નારદ—(સન્મતિ તરફ આંગળી કરી) આ સન્મતિની સેવા એકનિષ્ઠાથી બજાવો, ને તેના સંતાપ તજાઓ. માગે તે આપો ને સંકટ કાપો.

બે બાળાઓ—(બે હાથ માથે મુકી) તત્પર છીએ ત્રાતા !! આપની પવિત્ર આજ્ઞા પાળીશું, ને એમને પડતી વિપત્તિ ટાળીશું

સન્મતિ—(આશ્ચર્ય ચકીત) પિતાજી !!આ કોણ ?

નારદ—મારી ઇચ્છા શક્તિ. જા તે તારી સેવા બજાવશે, ને તું ક્હેશે તે લાવશે.

સન્મતિ—દયાળુ! આ દીન બાળકીને દુઃખમાં દપટાતી ઉગારી છે, એ અપુર્વ ઉપકાર કદીએ નહીં વિસરીશ.

નારદ—(આશિર્વાદ વાચક હાથ રાખી) સુખી રહે. હું સ્વર્ગ લોક તરફ જાઉં છું. (જાય છે)

પ્રવેશ અઢારમો.

સ્થળ-રંગીલીનું ઘર

પાત્ર—શંબુક, અને ખોડીઓ.

શંબુક—(પ્રવેશ કરતાં બીમારીના વેશમાં) રંગીલી ! રંગીલી ! મારી દીલોજાન રંગીલી ! તારા રંગમાં તો હું બેઢંગ બની ગયો. અહાહા ! તારાં અણિયાળાં નયન કટાક્ષો એ તો મારૂં કાળજુ કોરી નાંખ્યું છે. જેમ પતંગીઉં દીપકના તેજમાં દીવાનું બની બળવાની બીક બાજુએ મુકી પ્રેમને વશ થઈ પોતાના પ્રાણનું બળીદાન આપે છે; તેમજ હું પણ તારી મનહર છબીથી છળાઇ બાજુપર મુકી.લઇશ ને વઇશ મોહ કાળને મારો પ્રાણ આપ્યો છે ને આ દરદીનો ડોળ લેઇ તને છેતરવાને નીકળ્યો છું. જોઉં છું કે હવે તું કેવી નથી છળાતી ?

ખોડીઓ—(છુપી રીતે પ્રવેશી) રંડીકા યાર, સદા ખુવાર; તેમ આ શંબુકજીનો ભરાવા માંડ્યો છે સંભાર; ગમ્મત તો ઠીક છે હું છુપી રીતે મેહેરબાનની પછાડી ફરૂં છું પણ શેઠને ખબર નથી કે ખોડીએ મારી ખંત લીધી છે.

શંબુક—પ્યારી રંગીલી તારા રંગમાં હું ક્યારે રંગાઇશ ?

ખોડીઓ—(સ્વગત) સ્મશાન બાગની સહેલ જોશો ત્યારે.

શંબુક—અરેરે ! તારા અધરામૃતનું પાન હું ક્યારે કરીશ ?

ખોડીઓ—(સ્વગત) મુખમાં તુળશી પત્ર મુકાશે ત્યારે.

શંબુક—ઓ પ્રેમી પુતળી તારા પ્રેમમાં હું ક્યારે પહોડીશ ?

ખોડીઓ—(સ્વગત) ગૌ ગોબરના ચોકા થશે ત્યારે.

શંબુક—ચાલ, હવે વધારે વિચાર નહી કરતાં દવાને બ્હાને જાઉં ને મારૂં પરાક્રમ બતાવું.

ખોડીઓ—(સ્વગત) કંઇ ફીકર નહિ. તમારી પહેલાં હું જાઉં ને મોજ ઉડાવું. પછી જોઇએ કે ખોડીઓ જીતે છે કે ખાપરો. (ચાલ્યો જાય છે) બસ એજ.

શંબુક—બહુજ બીમારી હોય તેવો ડોળ દર્શાવી એના આંગણા આગળ જઇને પડું, એટલે એ મને જોવા આવશે ને મારી કપટ જાળમાં ફસાશે કે બસ પાસા પોબાર. (જાય છે)

પ્રવેશ ઓગણીસમો.

સ્થળ-નારદનો આશ્રમ.

પાત્ર—નારદ, અને સન્મતિ.

નારદ—(પ્રવેશ કરી) કેમ બેન, બાળક ક્યાં ?

સન્મતિ—પહોડયો છે, જગાડું ?

નારદ—ના ના ઉંઘતો ઉઠાડશો નહિ, નહિ તો વળી રોશે.

સન્મતિ—(હાથ જોડી) પિતાજી ! આપણે એને બાળક કહીનેજ બોલાવીશું કે કંઈ નામ પાડીશું ?

નારદ—હા, હવે નામ પાડવુંજ જોઇએ.

સન્મતિ—જ્યારે વળી વિલંબ શો. શુભ મહુર્ત જોઇને સંસ્કાર કરી લ્યો.

નારદ—સાભળ સુતા ! મનોભાવના એજ મોટું મહુર્ત છે, માટે આ આનંદી વખતેજ એ ઉત્તમ કામ આરંભીએ. પ્રાતઃ કાળનો સમય છે માટે પ્રકારનો ઉચ્ચાર કરી તેમાં આપણા આ અહ્લાદને ઉમેરી લઇ પ્રલ્હાદ નામ પાડીએ તો કેમ ?

સન્મતિ—સર્વોત્તમ. વાહ એ તો બહુ સુંદર છે.

નારદ—તો હવે અત્યારથી આપણે આ કોડીલા કુંવરને પ્રલ્હાદજી કહીને પ્રમોદવો.

સન્મતિ—ઠીક ! પણ વડીલશ્રી એ પરાક્રમી કેવો થશે વારૂં ?

નારદ—એ જાણવા માટે એની હસ્ત રેખા જોવી પડશે.

સન્મતિ—લ્યોને ત્યારે એને જગાડું. આપ જુઓ.

નારદ—ભલે, એમ કર. જેમ તારી ઇચ્છા. (પ્રલ્હાદનો હાથ જોતાં જગાડીને) વાહ,!! બહુ સદ્દગુણી નિવડશે ને એથીજ તારૂં પણ ભલું થશે.

ગાયન ૧૫ સું.

શુભ તારૂં થશે, પ્રૌઢ પ્રતાપીજ થાશે, તારો તન, સંકટ સૌ જશે-ટેક૦
નામ તેનું ત્રિભુવન ગવાશે, એવો રૂડો મહા ભક્તજ થાશે;
ભવ સિંધુ તરશે...—શુભ૦

નારદ—ચાલ, હવે હું સ્નાન કરવા જાઉં. (જાય છે)

પ્રલ્હાદ—(પારણામાંથી) ઉંવા-ઉંવા-ઉંવા-ઉંવાં...... ......

સન્મતિ—(ઘોડીઆ પાસે જઈ) વારૂં વારૂં મારા મેં જોયા, દીકરીઓ ગઢ જીતીને ઉઠયા તે મેં જાણ્યું.

પ્રલ્હાદ—ઉંવા-ઉંવા-ઉંવા-ઉંવા.................................

સન્મતિ—જા ત્યારે બેટા હવે, તું તો બહુ જકીલો થયો. અમથો અમથો સંતાપ્યા શું કરતો હોઇશ !

પ્રલ્હાદ—ઉંવા-ઉંવા-ઉંવા-ઉંવા.................................

સન્મતિ—મૂર્ખા. માનું કહ્યુંએય ન માનીયે કે ! લે આવ મ્હારા લાડસઘેલા, લાડકવાયા તું પહોડી જા. ને હું હાલરડાં ગાઉં.

સન્મતિ-- ગાયન ૧૬ મું.

ઝુલો ઝુલો લાડકવાયા બાળ ! !
સ્યાણા ત્હારી સ્નેહે લઉં સંભાળ
હાલરડાં ત્હને હેતથી ગાઇને, ખમા ખમા કહું ખુબ રીઝાઇને;
કોડે કરૂં રખવાળ......વ્હાલા ત્હારી કોડે કરૂં રખવાળ-ઝુલો૦
હેમનું પારણું હેતે ઘડાવીને, હીરાની ચુનીઓ હોંશે જડાવીને;
બંધાવું ફરતી મોતીની માળ...........................
ઝુલાવું જાયાને ! ! સોનાની સાંકળે ! ! ગાઇને ગીતના ઢાળ-ઝુલો૦

પ્રવેશ વીશમો.

સ્થળ-રસ્તો.

પાત્ર—ઇંદ્ર, અને બ્રહસ્પતી.

ઇંદ્ર—ગુરૂવર્ય ! મેનકા શંબુકને છળવા ગઈ છે. પણ હજી સુધી તેણે શું કર્યું તેના સમાચાર નથી.

બ્રહસ્પતી—સ્વર્ગપતી ! શાન્ત થાવ. તે બાળા ચતુર છે. જેથી હું ધારૂં છું. કે તે દુષ્ટને તાબે કર્યા વિના રહેશેજ નહિં.

ઇંદ્ર—એતો ઠીક. પણ કદાપી શંબુક મેનકાને તાબે ન થાય અને પાપીઓ એકદમ અહીં ચઢી આવે તો આપણો બચાવ શી રીતે કરવો ? યુદ્ધ આરંભવું, વિનયથી સમજાવવો કે સ્થાન તજી ચાલ્યા જવું ?

બ્રહસ્પતી—તે સમજાવ્યો સમજે તેમ નથી. તેમજ હિરણ્યકશ્યપુ જો સૈન્યની સાથે હોય તો તો આપણે યુદ્ધમાં ફાવીએજ નહીં. કેમકે તે બ્રહ્માથી વર પામી અજીત યોદ્ધો બન્યો છે. તમારા

જેવા સો ઈંદ્ર, ને મારા જેવા સહસ્ત્ર બ્રહસ્પતી સામા થાય તોપણ તેનો નાશ થઇ શકે તેમ નથી. માટે જો તે સાથે હોય તો તો આપણે સમય વિચારી સ્થાન ભ્રષ્ટ થવું એ સર્વોત્તમ છે. ને જો અવર યોદ્ધો હોય તો હાથ બતાવવામાં હોશિયાર રહેવું.

ઈંદ્ર—બરાબર છે. મને પણ એજ ગોઠવણ ઉચિત લાગે છે,

પ્રવેશ એકવીશમો.

સ્થળ-ઇંદ્રની કચેરી.

પાત્ર—ઇંદ્ર, બ્રહસ્પતિ, દેવો, નારદ, સન્મતિ પ્રલ્હાદ, શૈલ્યધર, અસુરસૈન્ય દેવસૈન, વારાંગના, શુક્રાચાર્ય, હિરણ્યકશ્યપૂ અને કુલ દરબાર.

દરબારીઓ— ગાયન ૧૭ મું.

વાહ વાહ વાહ વાહરે, સકળ અમ્મરના પર અમ્મર રહો;
ગતિ મતિ અતિ સુકૃતિ સુરપતિ પ્રેમથી ચહો—વાહ.
અચળ રાજ કરો, સંગત રંગત સુંદર જોમો;
સારા સારા રંગ રાગોમાં—બાગોમાં, આનંદ આનંદ પામો;
અરી હરી ઇંદ્ર ચરણે નામો, દાનવ દંભના સ્થંભને ઉથામો—વાહ.

અનુચર—(પ્રવેશ કરીને) માહારાજ, રક્ષાકરો, રક્ષાકરો, કોઇ અધમ અસુર મોટું લશ્કર લઇ પુરવેગથી ધસ્યો આવે છે. અટકાવ્યો અટકતો નથી. જેને તેને મારતો ધસે છે.

ઈંદ્ર—ખરેખર પાપી આવ્યો કે શું ! ગુરૂદેવ હવે કેમ કરવું ?

દૈત્યવૃંદ— ગાયન ૧૮ મું.

મારો સુરને અસુર, બસ કરો ચકચુર.
નવ ધારવી સબુર રે'મથી;
કરી દેવા બસ ઠાર–વેર વાળવા નિરધાર;
કરી નાંખો ખ્વાર–ખ્વાર નેમથી—મારો.
ક્યાં છે ! દેવ, ક્યાં છે દેવ ! મારો મારો તતક્ષેવ;
રાજ એનું લઇ લેવ, પ્રેમથી—મારો.

સર્વદેવ—(ચમકી ઉભા થઇ) ઓહ ! દુષ્ટો આવી પહોંચ્યા કે શું !

(દેવદાનવોનું ભયંકર યુદ્ધ થાય છે.)

હિરણ્યકશ્યપૂ—(પાછળથી દોડતો પ્રવેશી) ડરો નહિ. ડરો નહિ. મારો મારો. હું આવ્યો છું આવ્યો છું.(દેવોને નાસતા જોઈ) આહાહા ! સર્વ અમરો ભાગી ગયા. મારાથી કેટલા બધા ડરે છે ?

શૈલ્યધર—માહારાજ, આપની હાક વાગે તો આકાશ હેઠું પડે. તો એ બિચારાં કપાસનાં પુમડાંની શી ગણતરી.

હિરણ્યકશ્યપૂ—હા, પણ હજી જ્યાં સુધી ઇંદ્ર તથા વ્યારાહને મારી મારા બંધુંનું વેર મેં લીધું નથી, ત્યાં સુધી મારૂં જીવન વ્યર્થ છે. (શૈલ્યધર પ્રતિ) અરે પણ શંબુક ક્યાં ! કેમ કોઇ જવાબ આપતા નથી !

શૈલ્યધર—અસુરેન્દ્ર ! ! માર્ગમાં એક અબળા એવું અભીમાન ધરાવતી આવી હતી. કે દુનિયામાં હું કોઇને મરદ દેખતી નથી કેમકે કોઇ પણ મને છળીને જીતે ને મારાથી ઓળખાય નહિ તેને મારે વરવું. ને જ્યાં સુધી કોઇ પણ પુરૂષ તેવો નીકળે નહિ ત્યાં સુધી હું સર્વને બાયલા જાણુંછું. જેથી તેનું અભી-માન ઉતારવા શંબુકે તેની સાથે હોડ કરી છે ને તેને છ-ળવા ગયા છે. ને મને લશ્કર સોંપી આ તરફ મોકલ્યો.

હિરણ્યકશ્યપૂ—હેં ! શું તે ત્રિયાના તરંગમાં ડુલ્યો છે. ને લઢ-વાનું ભાન ભુલ્યો છે ! કેવો નિમકહરામ ? ફિકર નહિ એક વખત તેને શોધી કાઢવા દે પછીવાત.

અસુર—(પ્રવેશ કરી) મહારાજ ! કોઇ રૂષિ, માહારાણી સન્મતિ બા અને તેમના સંતાન પ્રલ્હાદજી સહિત અત્રે આવ્યા છે. તે આપની સમક્ષ આવવા રજા માગે છે.

હિરણ્યકશ્યપૂ—જા તેમને દાખલ કર.

અસુર—જેવી આજ્ઞા. (જાય છે.)

હિરણ્યકશ્યપૂ—શું મારી પ્રિયાને ગર્ભ હતો તેજ બાળક હશે !

સન્મતિ—(નારદ તથા પ્રલ્હાદ સહિત પ્રવેશી) સ્વામિન્ વંદન કરૂંછું. (પ્રલ્હાદને) બાઈ આ તારા પિતાશ્રી છે.

પ્રલ્હાદ—પિતાશ્રી ચરણકમળમાં વંદન કરૂંછું.

હિરણ્યકશ્યપુ—પ્રિયા ! આ કોણ મારો પુત્ર ?

સન્મતિ—હા. પતિ આપ તપ કરવા ગયા, તે સમયનો લાભ લઈ પાપી ઇંદ્ર મને હરી ગયો હતો. તેના હાથમાંથી આ રૂષિવર્ય નારદમુનીએ મને છોડાવી હતી. ને પોતાના આશ્રમમાં તેડી જઇ અતિ સુખમાં રાખી હતી. ને મને પ્રસવ થયો તી વેળાએ મર્યાદા સહિત મારી અપૂર્વ બરદાસ કરી હતી.

હિરણ્યકશ્યપુ—ધન્ય છે. ! ધન્ય છે. ! રૂષિદેવ ! આપનો આભાર માનુંછું.

નારદ—હું હવે પ્રયાણ કરૂં છું ?

હિરણ્યકશ્યપુ—ભલે પધારો.

સન્મતિ—(પાછા વળતા નારદજીને) ધર્મપિતાા વંદન કરૂં છું.

પ્રલ્હાદ—મુનેશ્વર અભિવંદન કરૂંછું.

નારદ—કલ્યાણમસ્તુ. (સ્વગત) પાપી હિરણ્યકશ્યપૂએ અહીં કેર કર્યો હોય એમ જણાય છે. દેવ કોઇ નદીએ પડતા નથી. માટે નસાડ્યા હોય એમ લાગે છે. જરા વહેલો આવત તો લડાઇ જોવાની ઠીક ગમ્મત પડત. ચાલો જે બન્યું તે ખરૂં. નારાયણ. નારાયણ. (જાય છે.)

હિરણ્યકશ્યપૂ—બહુજ આનંદ થયો. આપણો વિજય થયો માટે પિતામહ બ્રહ્માજીની પ્રાર્થના કરો. કે જેમના પ્રતાપથી ફતેહ પામ્યા છીએ.

સર્વે—બહુ સારૂં.

ગાયન ૧૯ મું.

વાહ !! દિગ વિજય અમ કીધો રે, બ્રહ્મા પિતાજી;
અમ અરજ પત્ર ઉર લીધોરે, થયા બહુ રાજી;
સહાય અતિ અમપર આ ધારી;
જન્મો જનમના છીએ આભારી
વાહ ! દેવનેજ દંડ દીધોરે, બ્રહ્મા પિતાજી—અમ૦

ડ્રોપ.

શ્રી પ્રલ્હાદ વિજય નાટક, પ્રથમ અંક સમાપ્ત.

પ્રલ્હાદ વિજય.

અંક બીજો.

પ્રવેશ પહેલો.

સ્થળ—જંગલ.

પાત્ર—ઇંદ્ર, ઇંદ્રાણી, બ્રહસ્પતિ, દેવો અને અપ્સરાઓ.

ઇંદ્રાણી—(વ્યાકુળ સ્થિતિમાં) સ્વામિનાથ.!! હવે તો આ ભયંકર કષ્ટો સહન નથી થતાં. તૃષા, હેમંત ને ગ્રિષ્મના ઘોર ત્રાસ નથી વેઠાતા. કોઇ પણ પ્રકારે શાન્તિ થાય તો સારૂં.

અપ્સરા ૧.—સ્વર્ગપતિ! કંકર કાંટા નડવાથી કઠોર ભૂમીપર ચાલી શકાતું નથી. સૂર્ય તાપ શરીર રક્તને સોષે છે. હવે શું થશે?

અપ્સરા ૨.—પ્રાણની હાની છે, મોતની નીશાની છે. આહાર ભાવતો નથી, દુઃખનો આરો આવતો નથી.

અપ્સરા ૩.—મારો કંઠ સુકાય છે. તૃષાએ જીવ જાય છે.

ઇંદ્રાણી—અહા!....તાપથી મને તમ્મર આવે છે (મુર્છિત થાય છે)

બ્રહસ્પતિ—હરી. હરી. આશો ત્રાસ!

ઇંદ્ર—(આશ્વાસન આપતા) સાવધ થાઓ. પ્રિયા સાવધ થાઓ. પ્રભુ આપણને સાહાય કરશે ને સંકટ હરશે. ચાલો આપણે સર્વે સર્વેશ્વરની સ્તુતી કરીએ. કે તે આપણી વ્હાર કરશે.

ગાયન.

હે ! વિષ્ણુ વખત વિચારો, વ્હારે ચઢી દૈત્ય ડારો;
અમર ઉગારો..................... ચિત્ત ઠારો—હે વિષ્ણુ૦
વનવન રખડે તમ સુરો, અતિ દે ત્રાસ અસુરો;
જુલ્મી થયા અતિ એ ક્રુરો, આણો આ દુ:ખનો આરો—હે વિષ્ણુ૦
તન મન તપતુ રહે ત્રાતા, ઘો શાન્તિ જળથી શાતા;
ધાઓ હવે અભય વર દાતા, સૌનાં સંકટ સંહારો—હે વિષ્ણુ૦

પ્રવેશ બીજો.

સ્થળ—કુંભારનું ઘર.

પાત્ર—કીહલો કુંભાર, દુલભી કુંભારણ, પ્રલ્હાદ, સિપાઇ અને બિલાડીનાં બચ્ચાં.

દુલભી—ઓય માડી! આ મારી ચેવી ભુલ થઇસે. મારો ઘરવાળો પુહસે તો હું હો જવાબ દેસ? જે હાંડલામાં મીનડીનાં બચાં સે ઇ હાંડલું તો ભુલથી નેભામાં મુચાઇ જ્યું. ને નેભો પણ સા...રે કોરથી હળગી ઉઠયો સે. રામ! રામ! રામ! રામ. હવે તો પરભુ એને બસાવે તારે. (હાથ જોડતી ઉંચે જોઇ) હે મારા નાથ ચૌદ લોકના ધણી. આ નેભામાં મીનડીનાં બસાં મારી ભુલથી મુકાઇ જ્યાંસે. તેને તું બસાવજે.

કેહલો—(પ્રવેશી) કેમ રે! દુલભી હો વસાર કરે છે! આમ રડવા જીવું મોઢું ચિમ કર્યું સે?

દુલભી—તમારાથી વાત સુપાવવી એતો પરભુથી સુપાવવા જેવુંસે તેથી હાસુ કહુસુ. બન્યુસે ઇમ. (અટકી જઇ) બળ્યુ આ મારી જીભ ઉપડતી નથી.

કેહલો—કાંઇ ગજબ જેવું સે? પરભુના અપરાધમાં તો નથી આવ્યા ને.

દુલભી—(શોકાન્વિત) અરે હારે હા. ઇમજ બનુસે. જે હાંડલામાં મીનડી વીયાંણીતી તે હાંડલુ મેં ભુલથી નીભાડામેં વસોવસ ગોઠવી દીધુસે. તેનું હું થાહે? બસાં તરફડીને મરી જાહે તો આપણુને મોટું પાપ લાગહે.

કેહુલો-ઓયા બાપલિયા તિયારે તો એ ચારનાંએ ફરરપડીને બળી મુવાં હો હે રાંડ આપણી આજ હુધીની ધોળી દૂધ જેવી ભગતીમાં આંબલીનો રહ રેડ્યો. આ પાપતો હોમણુ હાબુ લઇને હાત હમુદરના પાણીથી ધુઇએ તો પણુ ધોવવાનું નથી. પાપણી, આ હો કેર કર્યો ?

દુલભી—માફ કરો મારા નાથ. જે થીયુસે તે અજાણમાં થીયુસે. એમાં મારો દોહ નથી. પરભુ આપણી લાજ રાખહે.

કેહુલો—હા. હવે તો એનોજ આધારસે. એ વના આપણું કોઇ બેલી નથી. હાલો પરભુનું ભજન કરો કે ઇબસ્સાંને બસાવે. ને આપણુને પાપમાંથી સોડાવે.

પ્રહ્લાદ—(સિપાઇ સાથે પ્રવેશ કરી) શું છે અલ્યા ? કોનાં બચ્ચાંને બચાવે. જલદી જણાવ નહીં તો સજાને પાત્ર થઇશ.

કેહુલો—બાપજી હમારો મોટો અપરાધ થીયોસે. અમારા ઘરમાં એક હાંડલામાં મીનડી વીયાંણીતી. તે બસ્સાંવાળુ હાંડલુ ભુલથી હમે આને તગમાં મુકી દીધુસે. તેથી પ્રભુ એને બસાવે તો હારૂં. એમ વસારી તેનું ભજન કરવા બેહતાંતાં.

પ્રહ્લાદ—શું તમારા ભજનથી પ્રભુ તેને બચાવશે ? આવી ભડભડતી લાહ્યમાંથી જીવતાં રાખશે !

કેહુલો—આપણુ ભગવાન હાથે હાસુ હોય તો બસાવે પણુ ખરા.

દુલભી—હોવે. એક દલથી આરાધીએ તો ઇમોય થાય.

પ્રહ્લાદ—(સ્વગત) ખરેખર આ દંપત્તિ ઇશ્વરપર અદ્દભુત આસ્થા રાખતાં હોય એમ જણાય છે. આ ધગધગતા અગ્નિમાં એ શી રીતે જીવતાં રહેશે ? શું આ સંભવીત છે ? (વિચારી) નહીં નહીં એમાંનુ શું ? કુંભાર તું ભક્ત છે. માટે હાલમાં તો તને કાંઇજ નથી કહેતો. પણ જો તે બચ્ચાં નીભામાંથી જીવતાં નીકળશે તોજ તું બચશે. નહિ તો સજાને પાત્ર થશે.

કેહુલો—રાંડ બહુ ભુડું થયું. મારો નાથ એને બસાવહે. મારી હી ગુંજાહસે.

દુલભી—કુંવરજી ! અમને માફ કરો. ભગવાન અમારી લાજ રાખહે. (ગદગદીત થાય છે)

કેહલો—અરે ગાંડી રૂવેસે હા હારૂં. હાલો આપણે પરભુનું ભજન કરીએ. કે તે બાપલીઓ વારે આવહે, ને વધામણી લાવહે.

કીહલો, દુલભી— ગાયન ૨૧ મું.

પ્રભુ અરજ હુણી અંઇ આવો, માંજારી બાળ બસાવો- ટેક૦
નેભા વસ્સે મુચ્ચું હાંડલું, મિનડીનાં તન માંહે
સો ફેર અગની ફરી વળ્યોસેં, હાય હવે હું થાહે—પ્રભુ૦
અણુજાણે આ કામ થિયુંસે, વાંક નથી હંમારો,
લાજ હવે તુજ હાથ હરિ સે, ધણી હમારા ધાઓ—પ્રભુ૦
વાધરીએ હુતાસ જગાવી, ઉપર કાસ્ટઓ મુચ્યો,
ઇ ટાણે તું મા’વા મારા, મેહ લઇને ઝુક્યો—પ્રભુ૦

પ્રલ્હાદ—ચાલ હવે તારા રાગડા તાણવા બંધ કર ને આ નેભાને વીખેરી નાંખ ને એ બચ્ચાંવાળુ હાંડલું મને બતાવ.

કેહલો—વારૂ બાપજી. (સ્ત્રીને) હાલ બુડી હાલ. નેભો વીખેરીને માંહે જોઇએ.

દુલભી—(ઉંચું જોઇ) હે પરભુ તું મારી લાજ રાખજે ને મીનડીનાં બચ્ચાંને જીવતાં દેખાડજે.

કેહલો—હો ધણી હવે તારો આધાર છે (નેભો વિંખીને બચ્ચાંવાળુ હાંડલું લઇને) વાહ્રે વાહ્ ! બસ્સાં તો જીવતાં સે. (હસે છે) ઓય માળું આતો રમેસે. જો કે અલી !! કેવાં ખેલેસે ?

દુલભી—(આનંદ પામી) ધન મારા પરભુ લાજ રાછી ખરી.

કેહલો—જોજો, મારાં દીચરાંતો માંહે કુદા કુદ કરે સે. (પ્રલ્હાદને) જુઓ બાપલીઆ જુઓ હાંડલામાં બચ્ચાં રમેસે.

પ્રલ્હાદ—જોઉં. (હાંડલું હાથમાં લઇ) ખરેખર જીવતાંજ છે. (સ્વગત) આ શો ચમત્કાર ? શું ઇશ્વરેજ આ બચ્ચાંને ઉગાર્યાં હશે ? એમજ હોવું જોઇએ. ઓહોહો ! શું ઇશ્વરની આ કુંભાર પર આટલી બધી દયા કે મોટા હાથી સળગી જાય એવા ભારે ધગધગતા અગ્નિમાંથી આ કોમળ કુસુમ જેવાં મીનડીનાં બચ્ચાંને બચાવ્યાં. ખરેખર ઇશ્વર ઉપર દ્રઢ આસ્થા છે એજ સાચી સમશેર છે. પરમાત્મા શું ના કરે ? વ્હાય તેવા અગ્નિનો, વજ્ર જેવા પહાડનો કે કાળના કાળનો

પણ નાશ કરવાને તે શક્તિમાન છે. અહાહા! ભક્તિનો આટલો બધો પ્રભાવ છે એ પ્રત્યક્ષ દાખલો તો મેં આજેજ જોયો. આ નેભામાં સર્વ પાત્ર પાકી ગયાં છે, માત્ર આજ હાંડલું કાચું રહ્યું છે. કેવો ચમત્કાર! નક્કી હાજરા હજુર છે કિરતાર.

કેહલો—કેમ કુંવરજી! હા વસારમાં ગુચાયાસો? હવે કાંઇ અમારો વાંકસે બાપજી?

પ્રલ્હાદ—નહિ નહિ, પ્રિય ભક્ત કુંભાર, તમે કાંઇજ દોષિત નથી પણ હુંજ પાપી છું કે તમારા જેવાં નિર્મળ હૃદયના ભોળા ભક્તોને અત્યાર સુધી કટુ વચનોથી દુભાવ્યા. માટીમાં મળેલા કનકને મેં ઓળખ્યું નહીં. તમે સાચા ભકત છો, મારો અપરાધ ક્ષમા કરજો. તમે મને પરમાત્માનો પ્રત્યક્ષ પરચો બતાવી ભક્તિપર મારા મનને દૃઢ કર્યું માટે હું આજથી તમને મારા ગુરૂ તુલ્ય માનું છું. આ અજ્ઞાન બાળકને કાંઇક શુભ ઉપદેશ આપો.

કેહલો—બાપલા, ઉપદેહ બુપદેહ કંઇ નહીં. એક પરભુના ભજન વના બીજું હરવે ખોટું સે એમ માની બેહવું. હાચા મનથી હેવા કરહો તો મુગતી પામહો, એ મારો ઉપદેહ.

પ્રલ્હાદ—બીજું કાંઇ?

કેહલો—ઉંહું, બસ. રામલો ભગવાન હાચો ને બીજાનો ભરોંહો કાચો. જીવ ના મારવા, જુઠું બોલવું નહિ, બરમચારી વરત પાળવું ને પારકા ધનને પતથર માનવું એ આપણો ધરમ.

દુલભી—હા, એટલું હાચવીને પરભુના ગુણ ગાઇએ એ હઉથી રૂડું.

પ્રલ્હાદ—સત્ય છે, મેં આપનો ઉપદેશ ગ્રહણ કર્યો છે. તમે મારી માયાની અંધારી દુર કરી જ્ઞાન ચક્ષુ ખોલ્યાં છે જેથી હું આપનો આભાર માનું છું. હવે સદૈવ હું આપનાજ બોધ પ્રમાણે વરતીશ, ને ઇશ્વરના ભજનમાં દ્રઢ મને લીન રહીશ.

દંપતી—બહુ હારૂ બાપલીઆ એમ કરહો તો તમારો બેડો પાર થાહે.

પ્રલ્હાદ—ખરૂં છે. ભક્તિરૂપી નૌકામાં બેસીએ તોજ ભવસાગર તરાએ, ને જન્મ મરણનો ફેરો જાય.

પ્રહ્લાદ-- ગાયન ૨૨ મું.

ભક્તિ નૌકામાં બેશીનેરે, ભવ તરીએ,
ભવ તરીએરે-જગથી શાને ડરીએ (૨)-ભક્તિ૦
અમૃત અજાણુ કરી વિષ શીદ પીજીએરે;
સૈયા છોડીને શીદ ભૂમી દરીએરે,
જગથી શાને ડરીએ (૨) ...—ભક્તિ૦
જુઠી છે જગની માયા પ્રભુ પદ સાચુંરે;
હેતે કરીને હરિવર • વરીએ રે;
જગથી શાને ડરીએ (૨)........—ભક્તિ૦

પ્રવેશ ત્રીજો

સ્થળ-રંગીલીનું મકાન.

પાત્ર—રંગીલી શંભુક અને ખોડીઓ

ખોડીઓ—(પ્રવેશ કરી) મ્હારા શોખીન શંભુક શેઠ રંગીલીના રંગમાં રમવાનું કરે છે, પણ જાણતા નથી કે આ બંદા પણ એજ ઘાટમાં ફરે છે. એતો રહેશે બાજુપર ને આપણે થઇશું દીલેજાન દીલહરણીના દીલબર. ફરેબથી એ નારીનો નોકર બની જાઉં તોજ મુરાદ હાંસીલ થાય.

રંગીલી—(ખોડીઆ પ્રતિ) અરે તું કોણ નર?

ખોડીઓ—આપનો ચાકર.

રંગીલી—ચાકર કયારનો ?

ખોડીઓ—નજરે નિહાળ્યો ત્યારનો.

રંગીલી—મરમમાં કેમ ઉચરે છે ?

ખોડીઓ—બંદો કાંઇ અરજ કરે છે.

રંગીલી—શી છે તારી અરજ ?

ખોડીઓ—પેટ બદલે નોકર રહેવાની ગરજ.

રંગીલી—કોઇ બીજી જગ્યા જડતી નથી ?

ખોડીઓ—સર્વોત્તમ છે આ સરવથી.

રંગીલી—બરાબર નીમક હલાલી રાખશે ?

ખોડીઓ—મહેરબાની હશે તો જાન પણ આપશે ?

રંગીલી—એમ ?

ખોડીઓ—ત્યારે વળી કેમ.

રંગીલી—મારૂં કહેલું કરીશ ?

ખોડીઓ—અરે તમારી પુંઠે પુંઠે ફરીશ.

રંગીલી—ચાલ્ય ત્યારે પેલું મારૂં બીછાનું બીછાવ. થઇ જા હોંશિયાર.

ખોડીઓ—બંદા છે તૈયાર.

રંગીલી—વખત નહી ગબીશ, ચુક કરશે તો ચાબુક મારીશ. હું જઇને આવું છું. (મકાનમાં જાય છે.)

ખોડીઓ—અરે ! તારી ચાબુક ખમીશ. પણ ' રંગમાં તો રમીશ. ચાલ પલંગ લાવું ને બીસતર બીછાવું. (જઇ પલંગ તથા બીસતર તૈયાર કરીને) આહાહા ! એને આવતાં વાર છે. ત્યારે લાવને હુંજ બે ઘડી આવા સુંદર બીછાનાની સહેલ લઊં. (કપડું ઓઢી સુઇ જાય છે.)

શંભુક—(પ્રવેશી)આહા ! પ્યારી પલંગમાં પોઢી હોય એમ જણાય છે. શું કરૂં ? (વિચારમાં પડે છે)

ખોડીઓ—(સુતો સુતો મોં ઉઘાડી) શેઠ આવ્યા ને મારા પર પ્યારી ભાવ લાવ્યા. ફીકર નહીં. ચિંગો થઇને સુઇ જાઉં, ને નજીક આવે તો આસ્માનમાં ઉડાઉં. (ઓઢીને બરોબર સુઇ જાય છે)

શંભુક—બસ એજ. ધીમેથી એનું ઓઢેલું વસ્ત્ર ઉઘાડું, ને મારી પીછાણ પાડું. હળવેથી એને બોલાવું, ને પ્રેમમાં ડોલાવું. (પાસે જઇને) રંગીલી ? રહેમ વાળી રંગીલી ! રસીક રંગધર ને આ દરદીને સારો કર. (જવાબ નહીં વળવાથી) બતાવતો ખરી રંગ.

ખોડીઓ—(લાત મારતાં) કોણ છે એ ઢંગ.!

શંભુક—અરે તારીની. થઇ નહી વાત, ને મહુર્તમાં ખાધી લાત. ફિકર નહીં. મન હિંમત ધાર. હડ નહિ લગાર, એના શા છે ભાર. (પુનઃ પાસે જઇ) પ્યારી હવે કાળજુ નહી કોર.

ખોડીઓ—(એકદમ ઉઠી થપડ મારતાં)કોણ છે હરામખોર—ચોર!

શંબુક—(સ્વગત) અરરર ! આતો ખોડીઓ કાળ. જાણે ચીતરેલો મોર. એ અહીં ક્યાંથી? નાઠો તો નહિ હોય યુદ્ધમાંથી ? ફીકર નહીં હાલમાં તો કામ માપું, એને ઓળખ નહિ આપું. જો એ ઓળખી કાઢશે તો બધી બાજી બગાડશે.

ખોડીઓ—(સ્વગત) હાં–આં–આં–મારાથી ડરે છે. ત્યારે આ બંદો હવે પુરી વેતરણ કરે છે. (શંબુકને) તું કોણ છે ગમાર, કેમ આવ્યો છે આ ઠાર ?

શંબુક—મૅંય દરદસે બેજારહું. દવાઇકા ઇંતેજાર હું.

ખોડીઓ—અચ્છા અચ્છા ! દવાઇ આઇગી. આપકો હોશિયારી લાયગી. બયઠો. બયઠો. (બેસાડે છે.)

રંગીલી—(શંબુક તરફ જોઇને) તુમ કોનહે જુવાન ?

શંબુક—દરદી હું મહેરબાન.

રંગીલી—ઇધર આનેકા કયા સબબ ?

ખોડીઓ—જી આપકી દવાઇકી મતલબ.

રંગીલી—કીસને મારા મકાન દીખલાયા ?

શંબુક—ઢુંઢતા ઢુંઢતા ચલા આયા. ઇસ ગામમેં સબ બાત કરતેથે. કે ઇધર કોઇ રંગીલીપરી આઇહય. ઔર સબ દરદકી દવાઇ લાઇ હય, જીસલિયે મૅંય આયા હું, આપકા પત્તા પાકાહું.

રંગીલી—કૌન જાત હો. મેં તુમપે રહેમ લાઇ હું.

શંબુક—જી. મેં જાતકા તાઇ હું.

રંગીલી—ઠીકઠીક. મેં સમજ ગઇ. (સ્વગત) તાઇ શંબુકકા દુસરા ભાઈ કાંઇ ફીકર નહીં, પાપી મને છળવા ફરે છે. પણ આ બંદી તાંરો ઘાટ કરે છે, (પ્રકાશ) દેખુ તમારા દરદ. (નાડી તપાસતી) તુમકો કયા હોતા હય ?

શંબુક—તુમારે જયસે હકીમ બીન મેરા જી રોતા હય.

રંગીલી—દુસરી કયા હય ખટપટ ?

શંબુક—પાની પીતાહું તબ ગલેમેં હોતા હે ગટગટ.

રંગીલી—તુમારા પૅયર હોતા હય થર થર ?

શંબુક—નહિજી, પેટમાં હય જલધર.

રંગીલી—અચ્છા જબ દેખો મુજસેં તો થોરાસા જ્ઞાન હય, મગર મેરા ઉસ્તાદ હય ઉસ્કો અચ્છી પહેચાન હય. આપ ઈધર બયઠો, મેં ઉસકો ભેજતી હું. (જાય છે)

શંબુક—(સ્વગત) કાંઇ ફીકર નહી, મને ઓળખ્યો તો નથી એટો પાર.

ખોડીઓ—દેખુજી તુમારા દરદ કયસા હે ?

શંબુક—તુજકો નહિ બતલાને જયસા હય.

ખોડીઓ—અરે સાબ મય તો ઉસ કામકા ઉસ્તાદ હું.

શંબુક—નહિ નહીં, તુમ અલગ રહો.

ખોડીઓ—અજી મુજે દેખને તો દો. (પેટ દબાવે છે)

શંબુક—અરે ભાઈ મેં મર જાઉંગા, મત દબાવ.

ખોડીઓ—આવ આવ, દોસ્ત ઈધર આવ. મેં તુજકો ગરમ શાસેકા રસ પીલાઉંગા, ઉસી બખ્ત દરદકો દુર હટાઉંગા.

શંબુક—નહિ નહિ યાર ઇસસેં તો મેં ધોરમેં જાઉંગા, તુમ તુમારા કામ કરો, હમકો હેરાન મત કરો; મૈંય તો ઉસ્તાદકી દવાઈ ખાઉંગા, તબ લહેજત પાઉંગા.

ખોડીઓ—કુછ ફીકર નહીં, તેરેકો ઉસ્તાદહીં અચ્છા બનાયગા (સ્વગત) કબરસ્તાનમેં પહોંચાયગા. (પ્રકાશ) ઠયર ભાઇ ઠયર, હો ગઇ ઉસ્તાદકી મહેર.

રંગીલી—(ઉસ્તાદને વેસે પ્રવેશી) (ખોડીઆ પ્રતિ) નોકર ! કૌન હય દરદી હાજર કર.

ખોડીઓ—જી એ રહા, દરદસે બેજાર (સ્વગત) કુત્તેકા સરદાર. (શંબુકને) ચલોજી ઉસ્તાદ બોલાતે હય; તુમકો દવાઇ પીલાતે હય.

શંબુક—અચ્છા, ચલો ભઈ (ઉસ્તાદ પાસે જાય છે) મેરે ખુદા! મૈંય દરદસેં બેજાર હું, આપ મહેરબાનકી દવાઇકા ઇન્તેજાર હું.

રંગીલી—અચ્છા ગભરાઓ મત. આપકે ખાતર મૈંય અચ્છી દવાઇ લાયાહું. લો એઇ ઉમદા દવાઈ હય. પી જાયગા તો અભી આરામ હો જાયગા. તુમકો દસ્તકી બીમારી હય જીસલીગે આજારી હય.

શંબુક—જી. મુજે દસ્ત તો દીનમેં દો દફે સાફ આતા હય. બંધ

તો આપકી રહેમ ચ્હાતા હય રહેમ.

રંગીલી—રહેમકી ખાતીરહી યેહ ઉમદાઇ દવાઇ પીલાઉંગી, અચ્છા કીયે બીન નહીં જાને દઉંગી.

શંભુક—(સ્વગત) સાલી મુજકો ક્યા પીલાયગી. ના કહુંગા તો ઇજ્જત જાયગી (પ્રકાશ) જી મુજે યહી દવાઈ નહિ ચાહીએ.

રંગીલી—(આગ્રહ પુર્વક) નહિ નહિ આપકો પીનાહી ચાહિયે. (ખોડીઆને) નોકર ઇસકો દવાઇ પીલાવ, ગલે ન ઉતરે તો લકડીસે હીલાવ.

શંભુક—અરરરર ! ! મૈંય મર જાઉંગા.

ખોડીઓ—પીજા, નહીં તો ચાબુકસેં ૫ટકાઉંગા.

રંગીલી—પીલાવ, પીલાવ. ઉસ્કો અચ્છા બનાવ. ઉસ્કો સોલા દો. દવાઈ પીલા દો.

શંભુક—અરે મેરા નીકલ જાતા હય જી ! !

રંગીલી—જબ એ દવા પી. (દવા જબરજસ્તીથી પાય છે)

શંભુક—(મોંહું કટાણું કરી થુંકતો સ્વગત) સાલેને ગટરકા પાની પીલાયા કે બલા જાને પાયખાનેકા ગંગાજલ દીલાયા. થૂ થૂ થૂ થૂ. કયસી બદબો આતી હય ? ક્યા કરના યાર એ સબ સરતકી સત્યાનાશ જાતી હય. એક બખ્ત ઉસકો ઝીત લઉં, તો ફીર સબી બતલા દઉં.

રંગીલી—અબ તુમારે પેટમાં કુર કુર હય; ઇસ લિયે એક ડાઘ દેનેકી જરૂર હય.

શંભુક—(ચમકીને) નહિરે મેરે બાવા, ડાઘકા નામ સુનાયા તબસેહી મેરા આધા દરદ ભાગ ગયા.

રંગીલી—અયસા ?

શંભુક—જી, હા.

રંગીલી—વાહ્‌વાહ્‌ ! ડાઘકા નામ સુનતેહી ઇતના આરામ પાયા તબતો ડાઘ દેનેસેં સભી આરામ હો જાયગા. (ખોડીઆને) નોકર ! ડાઘ દેનેકા ખીલા ગરમ કરકે લાવ, જલદી આવ.

ખોડીઓ—જી, બોહોત ખુબ. (ખીલો લેવા જાય છે.)

શંભુક—નહીંરે મેરે બાવા! મેરેકું તો ડાઘ બી નહી ચાહતા હય. ઓર દવાબી નહી ચયતી હય. (સ્વગત) સાલી રંગીલી કીધર ભાગ ગઇ ઓર યહ બલા કહાંસે આઇ!

ખોડીઓ—(ગરમ ખીલો લઇ આવી રંગીલીને) લો જી એ ગરમ ખીલા.

રંગીલી—લાવ, (શંભુકને) ચલો તુમ ઇધર આવ. એ ડાઘ લો ઔર હકીમ સાબકું દુવા દો.

શંભુક—નહીં નહીં નહીં, મેરેકું ડાઘ નહીં ચાહીયે મૈંયતો જાતાહું.

રંગીલી—અબ જાને નહિ દઉંગી. જરૂર ડાઘ દઉંગી.

શંભુક—નહીંરે મેરે બાવા, મેરેકું તો અચ્છા હો ગયા.

ખોડીઓ—ઉસ્તાદ, ઉસકો ડાઘ દેનાહી ચાહિયે. (શંભુકને) મહેરબાન ઇધર આઇએ. (હાથ પકડીને ખેંચે છે)

શંભુક—અરે દુર હઠ દોજખકા ફીરસ્તા, મુજકો મત સતાવ, ઇધરહી દુર જાવ.

રંગીલી—ચલ ઉસ્કો પકડ લાવ.

ખોડીઓ—(શંભુકને પકડી લાવતાં) ચલો મીયાં આ જાવ.

રંગીલી—ઉસ્કું જમીનપર સુલા દો.

ખોડીઓ—બ્હોત અચ્છા. (શંભુક ચીસો પાડી દે છે ને પરાણે ડામ દે છે)

શંભુક—અરરર ! જલ ગયારે, જલ ગયારે, ઓય મેરે બાવા, અરરર. સાલે ઉસ્તાદને મુજે માર ડાલા.

ખોડીઓ—અરે એ ઉસ્તાદ નહિ હય મહેરબાન, હય રંગીલી પ્યારી જાન. તુમકો ડાઘ દિયા, છળકે મુંહ કાલા કિયા.

રંગીલી—(વેશ પાલટી દઇ) ક્યું મેરે શંભુકજી ! અબ દરદકા આરામ હુવા યા નહીં ?

શંભુક—(હાથપર હાથ ઠોકતાં) અરે તારીની, આ તો રંગીલી પોતે, માર્યો વગર મોતે; શું મોં બતાઉં, હવે તો ભાગીજ જાઉં. હીંમત ભીડીશ તો બીજી વખત તાબે કરીશ. (નાશી જાય છે ને રંગીલી ખોડીઓ ખુશ થાય છે.)

પ્રવેશ ચોથો.

સ્થળ-રાણીવાસ.

પાત્ર—સન્મતિ, પ્રલ્હાદ, દાસી, પ્રતિહાર, અને હિરણ્યાકશ્યપ.

પ્રલ્હાદ—(પ્રવેશ કરતો નમન કરી) માતુશ્રી વંદન કરૂં છું.

સન્મતિ—ચીરંજીવી રહો બેટા, ભાઈ આટલીવાર ક્યાં ગયો હતો ?

પ્રલ્હાદ—ભગવાનનું ભજન કરતો હતો.

સન્મતિ—વ્હાલા પુત્ર ! તારાં મધુર વચનો, ભક્તિ ને સત્યતા જોઇ મારૂં હૈયું ઠરે છે, પણ તારા પિતાનો ત્રાસ મને ભયભીત કરે છે; તું રામ નામને રટે છે તે તેમના જાણવામાં આવશે તો નિશ્ચે તારી હાણ થશે.

પ્રલ્હાદ—માતાજી, એમાં હું શું ખોટું ક મારી હાણ થશે ? રામ નામ છે એજ ઠરવાનું ઠામ છે, જ્યારે હું એ શબ્દો ઉચરૂં છું ત્યારે મારાં સર્વ દુઃખ વીસરૂં છું.

સન્મતિ—પણ બેટા એ તારા પિતાને ગમતું નથી, માટે એ લત છોડી દે તો સારૂં.

પ્રલ્હાદ—તેમને નહીં ગમે તો તે નહીં ભજે, પણ આ સેવક તો નહિ તજે.

સન્મતિ—(કપાળમાં તીલક જોઇ ચોંકતી) અરે વળી આજે આ નવું ટીખળ ક્યાંથી શીખ્યો ?

પ્રલ્હાદ—શું માતા ?

સન્મતિ—આ લલાટે તીલક તાણીને આવ્યો છે તે, એ વળી તને કોણે શીખવ્યું ?

પ્રલ્હાદ—મારા ગુરૂએ.

સન્મતિ—એવો ગુરૂ તને કોણ મળ્યો?

પ્રલ્હાદ—જેનાથી મેં રામના પ્રતાપનો ભેદ કળ્યો.

સન્મતિ—કોણે આપ્યો ભેદનો સાર ?

પ્રલ્હાદ—આપણા ગામનો કેહલો કુંભાર.

સન્મતિ—તેણે શી બતાવી શોધ ?

પ્રલ્હાદ—રામ તત્વનો બોધ. માતા તેના સળગના નેભામાંથી મીનડીનાં બચ્ચાં રામ રટણને લીધે જીવતાં નીકળ્યાં, તે વાત

મેં કળી, એટલે આંખની અંધારી ટળી; નથી હું ભ્રમણે ભુલ્યો, પણ મારા અંતરનો પડદો ખુલ્યો.

સન્મતિ—એ તો ઠીક, પણ તે બિચારા ગરીબ કુંભારનું નામ કોઇને મોંઢે દઇશ મા, નહિ તો તારા પિતા તેને ઠાર મારશે, ને તને પણ સંહારશે, માટે મારૂં કહેલું માની આ તીલક ભુશી નાંખ

પ્રલ્હાદ—વ્હાલી માતા ! તારી આજ્ઞાએ અનુસરવું એ મારી ફરજ છે, પણ રામ રટણ નહીં મુકાવા મારી અરજ છે, તેમજ આ તીલકની પણ મારે ખાસ ગરજ છે, જયારે મારા ધડથી માથું જુદુ થાય ત્યારેજ એ તીલક ભુંસાય.

સન્મતિ—બેટા ! આ તારી ખોટી હઠ છે, તું જાણે છે કે તારા તાતને ને તેને કટાકટ છે, તેમની આંખમાં ઝેર છે, રામની સાથે પુરેપુરૂ વેર છે; માટે જો તું એ જક નહિ છોડશે, તો તારૂં જીવન તોડશે; આણશે કાળ તો કોણ કરશે રખવાળ ?

પ્રલ્હાદ—મારો રામ લેશે સંભાળ જે મીનડીનાં બચ્ચાં બચાવનાર છે, તે મારૂં પણ રક્ષણ કરનાર છે.

ગાયન ૨૩ મું.

રખેવાળ થાસે મારો રામ,
હો ! ! તું જાણ જનુની રે—ટેક૦

શલ્યાની અહલ્યા કીધી, કરમાની ભડકી પીધી,
તેની છે હૈયે મુને હામરે, તું જાણ જનુનીરે—રખેવાળ૦
વારીપર તારી જેણે, પાપાણી પાજ ભારી,
એવી થાશે તે બહુ નામરે, તું જાણ જનુનીરે—રખેવાળ૦
રાવણને જેણે રોળી, કીધી લંકાની હોળી,
એછે ડરવાનું મારૂં ઠામરે, તું જાણ જનુનીરે—રખેવાળ૦

અનુંચર—(નેપથ્યમાંથી) જય જય દાનવપતિ, પ્રબળગતિ વિશ્વેશ્વર હિરણ્યકશ્યપુને ઘણી ખમા.

સન્મતિ—ભાઈ તારા બાપુ આવ્યા, માટે આ જક છોડી દે તો બહુ સારૂ.

હિરણ્યકશ્યપુ—(પ્રવેશ કરી) પ્રિયા ! પ્રલ્હાદ સાથે શી વાતો કરી રહ્યાં છો ?

સન્મતિ—કાંઈ નહિ, પતિ સ્હેજ.

હિરણ્યાકશ્યપુ—(પ્રલ્હાદ પ્રતિ) પ્રિય પુત્ર ! કેમ મ જામાંતો છેને ?

પ્રલ્હાદ—(નમ્રતાપૂર્વક) આપની કૃપા વડે અહોનિશ આનંદમાં રહું છું.

હિરણ્યાકશ્યપુ—(તીલક જોઇ) અરે બાળક આ શું કર્યું છે, લલાટે લીસોટા શાના તાણ્યા છે ?

પ્રલ્હાદ—પિતાશ્રી ! એ લીસોટા નહિ પણ માના ત્રૈલેક્ય નાથનું તીલક છે.

હિરણ્યાકશ્યપુ—હેં ! વળી હું વિના બીજો ત્રૈલોકયનાથ કોણ છે? જો હોય તો તેને નહિ જીવવા દેવો એવું મારૂં પણ છે.

સન્મતિ—(સ્વગત) વિપરીત થયું. (પ્રકાશ) હશે પ્રાણનાથ, એ તો રમતમાં કીધું હશે.

હિરણ્યાકશ્યપુ—હેં ! શું હિરણ્યાકશ્યપુનો પુત્ર રમતમાં પણ તીલક કરે ? શો ગજબ, દ્રષ્ટે જોઈ થાઉં છું અજબ.

સન્મતિ—(સ્વગત) અરેરેરે ! હમણા કોપશે તો કેર કરશે માટે ચાલ કાંઇ સમજાવી એ વાત ઉડાવી દેઉં. (પ્રકાશ) નાથ એની બાળચેષ્ટા છે માટે એમ કર્યું હશે; એને નિશાળે બેસાડવાનું કરો એટલે ત્યાં ગુરૂની શીખામણથી સર્વ ભુલી જશે.

હિરણ્યાકશ્યપુ—હા એમજ કરો, અત્યારેજ એનો બંદોબસ્ત કરૂં છું. (પ્રલ્હાદને) પ્રલ્હાદ, ચાલ મારી સાથે.

પ્રલ્હાદ—ચાલો પિતાશ્રી. (બંને જણ જાય છે)

પ્રવેશ પાંચમો.

સ્થળ-રંગીલીનું ઘર.

પાત્ર-રંગીલી, ખોડીઓ અને શંબુક.

ખોડીઓ—(પ્રવેશ કરીને) રંગીલી ! રંગીલી ! તેં તો મને આશ રાશથી બાંધી ભ્રમણામાં ભટકાવ્યો છે, ને લાલચમાં લટકાવ્યો છે. મોઢે રહે છે હસતી, પણ નથી પ્રેમમાં ફસતી. તાબેદારી તો બરાબર ઉઠાવું છું, તોપણ હજી ગોથાં ખાઉં છું. અરે ! પેલી આવે છે, હવે આ બંદા જરા મસકો મીલાવે છે

રંગીલી—(પ્રવેશ કરીને) કેમ નોકર ?

ખોડીઓ—જી દીલબર ! (જીભ કરડે છે) અં......શો હુકમ છે?

રંગીલી—તને કાંઇ ગમ છે, કે ચિતભ્રમ છે. કામ છોડી શો વિચાર કરતો હતો ?

ખોડીઓ—(વેઢા ગણતો) બાકી રહેલા કામનીજ ગણતરી કરતો હતો

રંગીલી—હવે શું શું કામ રહ્યું છે ?

ખોડીઓ—(બોચી ખજવાળતો ધીમેથી) ફક્ત બે ઘડી તમારી સાથે મીઠી વાતો કરવામાં ધ્યાન ગયું છે.

રંગીલી—બોલ શું છે તારી વાતનો તમાસો ?

ખોડીઓ—પ્રેમના ઘુંટડા પીને પાશો?

રંગીલી—હા. પાઇશ. તુને ન્હાઇશ. પણ ક્યારે ? શંભુકજી ફરીવાર શરતમાં હારે ત્યારે. તું એ કામમાં બરાબર મદદ કરશે, તો આ રંગીલી તારી થશે.

ખોડીઓ—અરે મદદ તો એવી કરૂં, કે શંભુકજીનો સંભાર ભરૂં.

રંગીલી—ઠીક ત્યારે જા પહેલાં મારાં કપડાં ધોઇ નાંખ, ને પછી અહીંથી ઝાડુ કાઢી નાંખ. (ખોડીઓ જાય છે) આ હરામખોર પણ મીથ્યા લોભમાં ફરે છે ને ગુલ્લામગીરી કરે છે. આપણને બહુ મજા છે. વગર પગારે ઘાસીઓ ઘોડો ને પેટીઓ ચાકર ઠીક મળ્યા છે. છેવટે શંભુકની સાથે એની પણ વલે કરીશ.

શંભુક—(હલવાઈ વેશે પ્રવેશી) હલવાઇ તો બરાબર બન્યા હું. નહિ પહેચાના જાઉંગા. પ્યારી રંગીલીકું જરૂર ફંદેમે ફસાઉંગા. હિંમત બડી મજબુત ચીજ હય, મુરાદ ફલકા બીજ હય. ઉસકો જમીમે બોઉંગા, તો બડા ઝાડ બન જાયગા. ફતેહકા ફલ આયગા, ફીર મજેસે ખાઉંગા. ચલ અબ જોરસે હલવાઇકી બુમ મારૂં (કાને એક હાથ દઇને) મજેદાર હલવાઇ, ઉમરમે ન ખાઇ. અપસી લાયા હુંરે ભાઇ. બેકનેવાલા હય છબીલા, રંગીલીકા ભી રંગીલા. (નેપથ્યમાં જઇ આંગળી કરીને,) યહ રંગીલી આઇતો સહી. મેરી બુમ સુનાઇ તો સહી (પુનઃ) ખાયગા વો મજા પાયગા રે ભાઇ, ખુશબોદાર મેરી હલવાઇ.

રંગીલી—(બ્હાર આવી) એઈ હલવાઇ, ઇધર આવો મેરે ભાઈ.

શંભુક—(સ્વગત) અરે ભાઇ ભાઇ કાયકું બોલતી હય, ખરાબ જબાન ખોલતી હય. એક બખ્તતો પ્યારા કહે, પછી લગેલા ડાઘકુ ઠંડક દે.

રંગીલી—એઇ હલવાઇ ! કયસી હય તેરી મીઠાઇ. બનાનેકી ઠીક હય સફાઇ ?

શંભુક—હાજી. બહોત અચ્છી હય. (થોડી આપતાં) લોજી ચખ્ખો, તો હમકું હરદમ યાદ રખ્ખો.

રંગીલી—અયસા કયું ચખ્ખા જાય. તુમ જાતકો કોનહો, વો પ-હીલા બોલો, દીલકા ભેદ ખોલો.

શંભુક—મય જાતકા કનોજીયા બમન હું બમન.

રંગીલી—(સ્વગત) વાહરે ! લુચ્ચા શંભુકજી ! ઠીક બ્રાહ્મણનો ડોળ કીધો છે ને હલવાઇનો વેશ લીધો છે. પણ આ મેનકા તારાથી નહીં ઠગાશે, પાછો માર ખાઇને જશે.

શંભુક—કયું હલવાઇ લેના હય, કે બાતકી લહેજત મેઇ ઉડાના હય.

રંગીલી—લાઓજી લાઓ. થોડીશી દેતે જાઓ.

શંભુક—(ખુમચો નીચે ઉતારીને) બોલો દો કીતની ?

રંગીલી—તુમારા દીલ ચાહે ઇતની.

શંભુક—અચ્છા એક શેરભર દેતા હું. (જોખીને આપે છે) ચલો અબ પૈસા ધર દો, હુમકુ રૂખસત કરદો.

રંગીલી—જબાન કયું પલટતે હો સરદાર ! પૈસા દેનેકા હય કરાર?

શંભુક—અરે ઉસકી નહિ હય દરકાર. મયતો ચહાતા હું તુમારા પ્યાર.

રંગીલી—અયસા હય બિચાર ?

શંભુક—હાંહાં રંગીલી નાર !

રંગીલી—ભલા યેહ તુમારી પઘડીમે કાગજકા પીંડા કયસા હય ?

શંભુક—જી. ઓ તો નસીબ દેખનેકા હય. મય જોસ જોતા હું. હાથકી રેખ દેખતા હું, ઔર ભુત ભવિષ્યકી બાતાંભી કહેતાહું.

રંગીલી—અરે ! વાહરે મેરે હલવાઇજી ! જબતો આપ બડે જોશીહો ?

શંભુક—જીહાં ! મય તો બડા પંડીત હું.

રંગીલી—આપ હુમારા હાથ દેખોગે ભલા ?

શંભુક—અરે કોન ના બોલતી હય બલા.

રંગીલી—તબતો લો દેખો મેરે દીલમે કયા હય વહો કહો ?

શંભુક—અચ્છા લાઓ.(હાથ જુએ છે. ટીપણુ ખોલે છે. ને રમલ ફેંકે છે.)

ખોડીઓ—(પ્રવેશી રંગીલીને) ક્યુજી યેહ ક્યા કરતે હો ?

રંગીલી—યેહ જોસીજીકું હાથ દીખલાતી હું. (શંભુકને) ઠયરોજી મેરા નોકરસે કુચ્છ બાત કરકે મય આતી હું.

શંભુક—અચ્છા ! અચ્છા !

રંગીલી—(ખોડીઆને) યેહ શંભુકજી ! હલવાઇ બનકે આયા હય. ઔર જોસીકા ડોળ દીખલાયા હય. તુમ બરાબર હોંશીયાર રહેના. મય મંગુ ઉસી બખ્ત એક ચાબુક મુજે દે દેના.

ખોડિયો—જી બહોતખુબ. ચાબુકકી સાથ મયભી તૈયાર હું, ઉસકો પીટનેકું ઇતેજાર હું. (જાય છે)

રંગીલી—લોજી અબ હાથ દેખો.

શંભુક—હાં લાઓ (જુવે છે) તુમારે દીલમે એક ઇનશાન ખટક રહા હય, કયુ સચ હય ?

રંગીલી—કૌનસા આદમી ખટક રહ્યા હય ?

શંભુક—કોઈ શંભુક કરકે હય, વોહ કલેજેમે અટક રહ્યા હય.

રંગીલી—છીં. જુઠબાત હય. વોહતો ભંગીકી જાત હય.

શંભુક—(સ્વગત) અરે તેરા ખાના ખરાબ હોય. સાલી પત્તાહી નહિ લગને દેતી હય. (પ્રકાશ) વોહ તુમારે ખાતીર બહોત ખ્વાર હોતા હય.

રંગીલી—ખાલી ઝખ્ખ મારતા હય.

શંભુક—થોરા બ્હોત કોઈ મેરે જયસે હલવાઇમેં ભી દીલ હય કયું ?

રંગીલી—અચ્છા કભિ યું હોગા.

શંભુક—તબ ઉસકો છોડદો, ઔર હુમારેસે નહી મોહબત જોડ દો ?

રંગીલી—ઐસા મત બોલો. મુજકો શરમ લગતી હય. બાત મત કરો અયસી.

શંભુક—અરે દીલ મીલા વહાં જુદાઇ ક્યસી.

રંગીલી—યે બાત મેરે અખત્યાર કી નહી હય. મેરી બુઢ્ઢી કે હાથમેં હય આપ ઉસકો કહો, કભી વ્હો હા બોલ, દે તો મય આપસે તૈયાર હું.

શંભુક—અચ્છા યહ બુઢ્ઢી કયાં હય ?

રંગીલી—મેરે મકાનમેં હય. ઠયરો મય જાકે ભેજતી હું. (જાય છે)

શંભુક—બ્હોત અચ્છા ! બહુત અચ્છા ! (સ્વગત) બુલબુલ પીંજરમેં ફસ ગઈ હય, મુજે પહેચાના નહી હય. અબ બુઢ્ઢી આકે સમજ જાય તો બંદેકા કામ નીકલ જાય. (છાતી ઠોકતાં) હીંમત ! હીંમત ! વાહ મેરી હીંમત. તેરી મજબુતી સેં બેડાપાર હોતા હય. ઔર તુંજે છોડને વાલા રોતા હય.

રંગીલી—(બુઢ્ઢી વેશે આવે છે) કોન હય હલવાઇ હોંશિયાર ?

શંભુક—(નમ્રતાપુર્વક) જી. મય હું આપકા તાબેદાર.

રંગીલી—મેરી બેટીસે સાદી કરનેકા હય તુમારા બિચાર ?

શંભુક—જીહાં, બ્હોત હું ઇન્તિજાર. બ્હોત હું ઇંતેજાર.

રંગીલી—ઉસકો નાચને ગાનેકા બ્હોત હય શોખ.

શંભુક—તો બંદેકી બી અયસી હય ઝોક.

રંગીલી—કયા તુમકો ઇસ કામ આતા હય ?

શંભુક—જબ કયા બુઢ્ઢી અમ્મા એહ જુઠી બાતાં હય ?

રંગીલી—તબ જરા નાચકે દીખાઓ. અજમાયશ બતાઓ.

શંભુક—અચ્છા. તૈયાર હું લો દેખો બુઢ્ઢી અમ્મા ! નાચકે દીખાતા હું ફીર કયા ? (ગત વાગે છે ને નાચે છે.)

રંગીલી—(નેપથ્યમાં જોઈ) નોકર જલદી આવ, (ઈસારેથી ચાબુક બતાવી) સંદીકા સરંજામ લાવ.

ખોડીઓ—લીજીયે સરદાર ! ચહીયે તો યે દુસરા બી હય તૈયાર. (રંગીલીને એક આપી એક પોતાની પાસે રાખે છે.)

રંગીલી—દેખો. તુમકો બરાબર નાચ નહિ આતા હય, જીસલિયે એ ઉસ્તાદ અબ શીખાતા હય.

શંભુક—તોબા. તોબા. કયા મુજે ચાબુકસેં ફટકાયગી ?

રંગીલી—તબ કયા. બીના ઉસ્તાદીસે આયગી ? (મારે છે) ચલો નાચ શરૂ કરો.

શંભુક—(વાંસો પંપાળતાં) ઓહ મેરે બાવા, ચમડા ફાડ ડાલા.

ખોડીઓ—નાચિયે નાચિયેજી હલવાઈવાલા. (ચાબુકો મારે છે.)

શંભુક—અરે યે તો હોગી મેરી ખાલકી બરબાદી.

રંગીલી—જય ક્યા, ફોકટ હોતી હય સાદી ? ચલો (બે ત્રણ ચાબક મારતાં) નાચો હલવાઇજી નાચો.

શંબુક—લે બાવા લે, નાચતાહું મગર ચાબુક મત લગાવ. (ગત શરૂ થાય છે, શંબુક નાચે છે)

શંબુક— ગાયન ૨૪ મું.

દેખો ઇશક ફંદકા હાલ, નીકલ જાતીહે સબ ખાલ,

રંગીલી—

નાચો નાચો મેરે લાલ, પીછે કરો પ્યારકા ખ્યાલ-દેખો.

શંબુક—

રંડીકી યારીમેં ખ્વારી દેખો સબ સરદાર, !!

રંગીલી—

સુરાદ હંસલ હો ગઈ દેખો રંગીલીકી બ્હાર-દેખો.

રંગીલી—(બુઢ્ઢીનો વેશ કાઢી નાંખતી) કેમ શંબુકજી કેવી મઝા!

શંબુક—અરરર. યહ તો રંગીલી સાલીને ફરેબસે ફસાદીયા. જુલમ કર દીયા. (નાશી જાય છે)

પ્રવેશ છઠ્ઠો.

સ્થળ-પાઠશાળા.

પાત્ર—છોકરાઓ, પ્રલ્હાદ હિરણ્યકશ્યપુ, સિપાઇ, શુક્રાચાર્ય, પરમાનંદ અને ભટ્ટાજી.

શુક્રાચાર્ય—ચાલો સૌ સૌના પાઠ તૈયાર કરી લાવો. જે છોકરો વહેલો પાઠ કરી લાવશે તેને ઉપર નંબર આપવામાં આવશે.

ભટ્ટાજી—ગુરૂ મહારાજ, આમાં મને સમજ નથી પડતી. જુઓ ને શું છે ?

શુક્રાચાર્ય—(કાન પકડી) મૂર્ખ દેખાતું નથી ? (આંગળીથી બતાવીને) આ જો માબાપની આજ્ઞા પાળવી. ગુરૂ સેવામાં તત્પર રહેવું. સૌથી હળી મળીને ચાલવું, (વિંગ તરફ જોઇ) જા હમણા બેસી જા. છોકરાઓ જુઓ, પેલા સામેથી મહારાજા હીરણ્યકશ્યપુ પ્રલ્હાદ સહીત પધારે છે તે અહી આવે એટલે સર્વે ઉભા થઈ હાથ જોડી નમસ્કાર કરજો.

છોકરાઓ—બહુ સારૂ ગુરૂજી.

છોકરાઓ—(પ્રવેશતા હિરણાકશ્યપુને) વિશ્વેશ્વરને વંદન કરીએ છીએ.

શુક્રાચાર્ય—પધારો દાનવપતિ.

હિરણાકશ્યપુ—હા, ગુરૂવર્ય !

શુક્રાચાર્ય—આજ કાંઇ શ્રમ લઇ અત્રે પધારવું પડ્યું ?

હિરણાકશ્યપુ—આ પ્રલ્હાદને આપની સેવામાં સોંપવા આવ્યો છું જેથી એને શિષ્ય કરો ને શુભ ઉપદેશ આપો.

શુક્રાચાર્ય—બહુ સારૂ રાજન ! !

પ્રલ્હાદ—ગુરૂજી વંદન કરૂં છું.

શુક્રાચાર્ય—(જમણો હાથ ઉંચો કરીને) કલ્યાણમસ્તુ.

હિરણાકશ્યપુ—શુક્રાચાર્યજી ! આમ આવો, (બાજુપર લઈ જઇને) મારે એને તમારી પાસે લાવવાનું શું પ્રયોજન છે તે તમે સમજ્યા ? જુવો રામ ને વિષ્ણુ સાથે મારે કટ્ટું વૈર છે તેને એ ભજે છે માટે તે ખંત તજાવી મારૂં નામ રટે એવો બોધ આપો.

શુક્રાચાર્ય—બહુ સારૂ એજ કેની ?

હિરણાકશ્યપુ—હા, પણ રામ શબ્દપર એને બહુ દઢતા ચોંટી ગઇ છે તે જેમ બને તેમ જલદીથી છોડાવી દેવી.

શુક્રાચાર્ય—એની પાસે એ લત છોડાવવી, એના શા ભાર છે ? આજે સાંજેજ તમને માલમ પડશે.

હિરણાકશ્યપુ—જુઓ ત્યારે એટલું કામ સિદ્ધ કરશો તો હું તમને સારો શીરપાવ આપીશ. હવે હું જાઉં છું (જાય છે)

શુક્રાચાર્ય—જેવી ઇચ્છા. (પ્રલ્હાદ પ્રતિ) બેટા પ્રલ્હાદ! આમ આવ.

પ્રલ્હાદ—(નમ્રતા પુર્વક) આજ્ઞા ગુરૂજી,

શુક્રાચાર્ય—માતા પિતા ને ગુરૂ પ્રત્યે તારી શી ફરજ છે; સમજે છે?

પ્રલ્હાદ—જી હા. જનક, જનુની, ને ગુરૂની આજ્ઞામાં રહેવું એટલું હું જાણું છું ગુરૂજી આપ મને શુભ ઉપદેશ આપો, ને ફરીથી આ ભવનાં દુઃખ ભોગવવાં નહિ પડે તેમ શીખવો.

પ્રલ્હાદ— ગાયન. ૨૫ મું

શુભ ઉપદેશ આપો ને ગુરૂજી પિતાય
જેનાથી જન્મ મરણ દુઃખ જાય;
રહેજે આ ભવ દુઃખ સિંધુ તરાય;
અંતનો રહાય........જગનો રાય;
કેમ ઓળખાય........કરો કૃપાય— શુભ૦

શુક્રાચાર્ય—ઠીક ત્યારે બોલ કમળનો 'ક'.

પ્રલ્હાદ—કૃષ્ણનો ક.

શુક્રાચાર્ય—એમ નહિ હું બોલાવું તેમ બોલ' કહે કમલનો 'ક'.

પ્રલ્હાદ—ના. કૃષ્ણજીનો ક.

શુક્રાચાર્ય—ખોટું કેમ બોલે છે ? હું બોલું તે પ્રમાણે શબ્દોચ્ચાર કર.

પ્રલ્હાદ—ના હું તેમ નહિ બોલીશ. કેમકે જેમાં મારા હૃદય આધાર રામ કૃષ્ણ કે વિષ્ણુનુ નામ આવતું નથી તે બોલવાનું મને ગમતુંજ નથી.

શુક્રાચાર્ય—(સ્વગત) ખરે ખર ! હિરણ્યકશ્યપુજી કહેતા હતા તે મજ એને લત લાગી હોય એ જણાયછે. કાંઇ ફિકરનહિ હું મણાંઠેકાણે લાવું છું. (પ્રકાશ) પ્રલ્હાદ તારૂં ડહાપણ બાજુપર મુક, ને હું કહું તેમ કર.

પ્રલ્હાદ—ગુરૂજી આપની આજ્ઞાએ અનુસરવું એ મારી ફરજ છે.પણ રામ રટણ નહિ મુકાવો એમ મારી અરજ છે.

શુક્રાચાર્ય—ત્યારે શું તું મારા કહેવા પ્રમાણે નહિ કરશે ?

પ્રલ્હાદ—આ સિવાય સર્વ કરીશ.

શુક્રાચાર્ય—એટલે શું મારા કરતાં તું વિશેષ જ્ઞાનવાન છે, કે હઠ કરે છે. જો કહેવા મુજબ નહિ કરશે તો હું તને શિક્ષા કરીશ.

પ્રલ્હાદ—ભલે ! આપ જે શિક્ષા કરશો તે સહન કરીશ, પણ રામ નામ રટતાં જરા નહિ ડરીશ.

શુક્રાચાર્ય—(એક સોટી મારતાં) મુર્ખ ! એમ નહિ બનશે, હું કહું તેમજ કરવું પડશે.

પ્રલ્હાદ—ભલે, જોઇએ તો આથી પણ વધુ શિક્ષા કરશો તે વેઠીશ પણ મારા રામને નહિ તજીશ.

શુક્રાચાર્ય—અરે ભઇ! રામ તે વળી કેણુ?

પ્રલ્હાદ—તમારો, મારો અને આખી સૃષ્ટિનો સરજનહાર, કરૂણાકર કીરતાર.

શુક્રાચાર્ય—અરે બેવકુફ! એ બધું ખોટું, તારા પિતાથી કોઇ નથી મોટું. એનું સ્મરણ કર, ને તારા રામને પરહર.

પ્રલ્હાદ—શું મારા પિતા પરમેશ્વર છે ?

શુક્રાચાર્ય—હા. એજ સર્વેશ્વર છે. •

પ્રલ્હાદ—એ હું નહિ માનું. ગુરૂજી જેની ઘંટીએ બેસો તેનાં ગીત ગાવાં એ તમારૂં કામ છે, પણ મારે તે નકામ છે, બસ સર્વોપરી શ્રીરામ છે.

શુક્રાચાર્ય—અરે નાદાન ! તું અસુરકુળમાં ઉત્પન્ન થઇ દેવના સાધકને ભજે છે, એ દુઃખનાં સાજ સજે છે. આ વાત તારા પિતાજી જાણશે, તો તને મોટી શિક્ષા કરશે.

પ્રલ્હાદ—ભલે તે સહન કરીશ, પણ મારા ભગવાનને નહિ પરહરીશ.

શુક્રાચાર્ય—(સ્વગત) હાલમાં એ હડે ચઢયો છે. માટે આ વખત જવા દઉં થોડીવાર રહી એ જક મુકાવીશ, ને એની લત ચુકાવીશ. (એક વિદ્યાર્થીને) અલ્યા પરમાનંદ ! આમ આવ. (બાજુપર લઈ જઇ) આ પ્રલ્હાદને વાતે ચઢાવી રામનામ મુકવા ઉપદેશ કરજે ને સમજાવજો. હું જરા જઇને આવુંછું. (જાય છે.)

પરમાનંદ—બહુ સારૂ ગુરૂજી. પ્રલ્હાદજી ! જો તમને ખોટું ન લાગે તો કહું.

પ્રલ્હાદ—ખરીવાતમાં મને કદી પણ ખોટું લાગશેજ નહિ જે હોય તે કહો.

પરમાનંદ—જુઓ ત્યારે આ ગુરૂજી તમને જે વાત કહે છે તે માનવા જેવી છે.

પ્રલ્હાદ—યોગ્ય હોય તો માનવી, કે ખોટી હોય તોપણ માનવી ?

પરમાનંદ—ના યોગ્ય હોય તોજ માનવી.

પ્રલ્હાદ—જુઓ મારા પિતાજી પોતે પરમેશ્વર છે એવું સર્વની પાસે રટણ કરાવે છે. ત્યારે જો એમ માનો કે એ ઇશ્વર ઠર્યા, તો વિષ્ણુને મારવા માટે બ્રહ્માનું તપ કરવા કેમ વીચર્યા ?

જો એમનું હોય ઇશ્વરીજ નુર, તો તપ કરવાની શી જરૂર? ભાઇઓ આ શબ્દો બોલવામાં મને પાપ છે, કેમકે ગમે તેટલા તોપણ મારા બાપ છે. છતાં જાણીને જુઠું બોલું તો મને મોટો સંતાપ છે, તોપણ તમારૂં ભલું કરવું એજ સત્ય ભક્તનું આપ છે. માટે હું તમોને કહું છું કે ૭ લાખ ને ચોરાસી સહસ્ત્ર નર્કના કુંભીપાક છે, તે કરતાં પણ ગર્ભવાસનું દુઃખ અગાધ છે. જ્યારે આપણે માતાના ઉદરમાં હતા ત્યારે આપણે ગર્ભવાસમાં ઉત્પન્ન કરનારને ઓળખતા હતા, પણ પ્રસવ થતાં માયાવી પવનની લહેરી લાગી, કે આપણી જ્ઞાન સ્મૃતિ ભાગી. માટે સમજો કે ખરો ઇશ્વર રામ, જેની ઇચ્છાએ સ્થિર રહ્યાં છે ચઉદ બ્રહ્માંડના ધામ. અંતનો બેલી એજ કીરતાર છે. બાકી સ્વાર્થિઓ સંસાર છે. માટે અજ્ઞાનતાને તજો, ને સાચબેલી શ્રીરામને ભજો.

ભટ્ટાજી—વાત તો ખરી છે. (બીજાઓને) ભાઇઓ આ વાત મારા ચિતમાં તો ઠરી છે. બસ હું તો આજથી રામનેજ ભજીશ.

છોકરો ૧ લો—હું પણ આજથી હિરણ્યાકસ્યપનુ નામ તજીશ.

પરમાનંદ—પ્રલ્હાદજીની વાત તો સાચી છે.

છોકરો ૩ જો—ખર બુદ્ધિવાનની મતિ કાચી છે.

સર્વે—ખરૂં છે હવે તો આ જાન જાય, તોપણ આપણાથી રામનામ નહિ ભુલાય,

છોકરો ૨ જો—ભાઇ તમે બોલો છો પણ જે ફરી જાય તેનાં કંઈ નાક, કાન કપાય.

સર્વ—ખોટી તરી વાત છે-ફરે તે કમજાત છે.

છોકરો ૨ જો—એવો મૂર્ખ કોણ હશે, કે મણી મુકી કાચ લેવા જશે?

ભટાજી સત્ય છે જેની ભુલ હોય પૂર્વકાળે, તેજ આ શિખને નહી સંભારે.

છોકરો ૨ જો—વાહ! તો ઘણોજ આનંદ. પણ શું આ સિદ્ધ તમારી વાત છે?

સર્વે—બદલાય તે બે જાત છે.

પ્રલ્હાદ—વાહ! તો જીંદગાની સફળ થશે, ને લક્ષ ચોરાશી ફેરા જશે.

સર્વે—(હાથ જોડીને) હવે અમને સમજાયું કે આ શુક્રાચાર્ય અમને દમે છે, પણ સાચા ગુરૂ તો તમેજ છો.

શુક્રાચાર્ય—(પ્રવેશ કરી પરમાનંદને) કેમ પરમાનંદ! પ્રલ્હાદને મુકાવ્યું રામનામ?

પરમાનંદ—વાહ ગુરૂજી, સ્વાર્થી થઇ સાધો નહિ કામ.

શુક્રાચાર્ય—કેમ આમ બોલે છે?

પરમાનંદ—અંતરનો પડદો ખુલે છે.

શુક્રાચાર્ય--શું વદે છે અજ્ઞાન?

પરમાનંદ—સાચા સ્વામીની. થઇ પીછાન.

શુક્રાચાર્ય—કોણ સાચો સ્વામી?

પરમાનંદ—સર્વનો અંતરયામી.

શુક્રાચાર્ય—શું છે તેનું નામ?

પરમાનંદ—સીતાપતિ શ્રી રામ.

સર્વે—રામ, રામ, રામ, રામ, રામ, રામ.

શુક્રાચાર્ય—અરે! આતો બાજી બગડી તમામ. સર્વે ચિત્તથી ચળ્યા, ને પ્રલ્હાદના મતમાં ભળ્યા. ગઇ સર્વની ગમ, લેને ગઇ પુત ને બેઈ આવી ખસમ.(પરમાનંદને)મુર્ખ? શું રામ રામ કરો છો, કાંઈ હિરણ્યાકસ્યપુનો ડર ધરો છો! જો તે આ વાત જાણશે, તો સર્વનો અંત આણશે.

સર્વે—નહિ એની હામ છે, બસ અંતનો બેલી શ્રી રામ છે.

શુક્રાચાર્ય—સત્યાનાશ, આ પ્રલ્હાદે તો સર્વ વિદ્યાર્થીઓને એકજ દોરડે નોંગળ્યા હોય એમ જણાય છે. સર્વે શિખ્યા રામ, ને હું બનીશ બદનામ, આ કુંવરે તો સર્વને બરાબર ગુરૂમંત્ર આપ્યો હોય એમ જણાય છે. માટે એના તાતનેજ જઇને સોંપી આવું, એ કાંઇ પોતાનું ધ્યાન ચુકે એવો નથી, ને રામ નામ મુકે એમ નથી. (પ્રલ્હાદ ને) પ્રલ્હાદજી!! ચાલો તમારા પિતાજી પાસે જઇએ.

પ્રલ્હાદ—હં ગુરૂજી ચાલો. (બંને જાય છે.)

સર્વે છોકરાં—ચાલો હવે આપણે કાંઈ ભણવું ગણવું નથી. ઘેર જઇને રામનામ રટીએ. રામ-રામ-રામ-રામ,રામ-રામ-રામ.

(ચોપડીઓ ફેંકી દે છે ને જાય છે.)

પ્રવેશ સાતમો.

સ્થળ-મહેલ.

પાત્ર--સન્મતિ, શુક્રાચાર્ય, પ્રલ્હાદ, હિરણ્યકશ્યપુ, દાસી, નકટાસુર, અને ચીબાસુર.

દાસી— (બેઠેલી સન્મતિ પ્રતિ) મહારાણી ! ગુરૂ શુક્રાચાર્ય અત્રે આવેલ છે. તે આપને મળવા ચહાય છે શી આજ્ઞા છે ?

સન્મતિ—જા તેમને તેડી લાવ.

દાસી—જેવી આજ્ઞા. (જાય છે.)

સન્મતિ—(શુક્રાચાર્યને આવતા જોઇ) પધારો ગુરૂ મહારાજ, વંદન કરૂંછું.

શુક્રાચાર્ય—કલ્યાણ મસ્તુ.

પ્રલ્હાદ—માતુશ્રી પ્રણામ કરૂંછું.

સન્મતિ—ચીરાયું રહો બેટા.

શુક્રાચાર્ય—મહારાણી ! પ્રલ્હાદ મારી આજ્ઞા માનતો નથી, ને અસુર અરી રામરટણ તજતો નથી. માટે હવે તમારે એને જે કહેવું હોય તે કહો.

સન્મતિ—પુત્ર આશું ? તારી ફરીયાદ સાંભળી મને બહુ ખેદ થાય છે. તું એમની આજ્ઞાનો ભંગ કેમ કરે છે ?

પ્રલ્હાદ—માતા ! તમારી, એમની, ને મારા પીતાની આજ્ઞા પાળવી એ મારૂં ખરૂં કર્ત્તવ્ય સમજુ છું. પણ મને ઇશ્વર ભજન છોડાવવા આગ્રહ કરો છો. એ શું તમને છાજે છે ?

સન્મતિ—(સ્વગત) કહેતાં તો જીભ લાજે છે પણ શું કરૂં. તારા તાતના ત્રાસને લીધે આ કૃત્ય છોડાવવા આગ્રહ કરવો પડે છે (પ્રકાશ) બેટા મારૂં કહ્યું માની તારી જક મુક, ને રામ નામ ચિત્તથી ચુક.

પ્રલ્હાદ—દયાળુ માતા ઇશ્વર સાખે તું મને સત્ય બોધ આપ, કે હું કોને ભજુ કે કપાય મારાં પાપ ?

પ્રલ્હાદ— ગાયન ૨૬ મું.

મોક્ષ સ્વરૂપ માત મારી કોને હું ભજું ?
કોને હું ભજુ ને કહો કોને હું તજુરે ?—માત-કોને૦

વિશ્વનો બનાવનાર, પ્રાણીમાત્રનો પાળનાર,
તેને તજાય કેમ લગાર, શામળીઓ સુખનું છજુ-માત-કોને•
કર કપાય કાય જાય, જીભથી તો એ જપાય;
તુજ વેણે મુજ મન તપાય, બોલુ શું વધુ હજુ?—માત-કોને•

છડીદાર—(નેપથ્યમાંથી) ખમા. ખમા. દાનવપતિ, ચક્રવર્તિ મા· હારાજાધિરાજ હિરણ્યકશ્યપુજી પધારીએ... ... ...એ

હિરણ્યકશ્યપુ—(પ્રવેશી) અહો. ગુરૂજી ! પધાર્યા છો ?

શુક્રાચાર્ય—હા. દાનવપતિ!!

હિરણ્યકશ્યપુ—કેમ પ્રલ્હાદ કાંઇ ઠેકાણે આવ્યો કે નહીં ?

શુક્રાચાર્ય—રાજેન્દ્ર ! હું તો એની હઠથી હારી ગયો છું. એ મારૂં કહ્યું કરતો નથી, ને રામનામ વિસરતો નથી.

હિરણ્યકશ્યપુ—અરે પાપી પુત્ર ! હજી તારી જીદ્દ નથી તજતો, કોણ છે તારો રામ ગમાર ?

પ્રલ્હાદ—તમને, મને, ને આખા જગતનો પેદા કરનાર.

હિરણ્યકશ્યપુ—શું એની તને હામ છે ?

પ્રલ્હાદ—હા. એજ મારૂં ઠરવાનું ઠામ છે.

હિરણ્યકશ્યપુ—નહિ નહીં તું નાદાન છે, એ રામતો મારો ગુલામ છે.

પ્રલ્હાદ—બાપુ ! આ મિથ્યા અભિમાન છે.

હિરણ્યકશ્યપુ—અરે બદકાર ! ગમાર ! શા કરે છે ઉચ્ચાર? તારા રામને કરૂં ઠાર, તોજ હું ત્રિભોવનપતિ ધાર.

સન્મતિ—બેટા તારા બાપનું માન રાખ, જેમ તેમ નહીં ભાખ. મુકી દે તારી જક. એમાં શી છે મતલબ?

પ્રલ્હાદ—માતા વિચારીને બોલ, અંતરનો પડદો ખોલ. એજ સારનો સાર છે. આ ભવથી તારનાર છે.

હિરણ્યકશ્યપુ—અરે દુષ્ટ ચાંડાલ ! કુલાંગાર, હમણાંજ કરીશ ઠાર. જાણીને મોત શું કામ માગે છે?

પ્રલ્હાદ—પિતાશ્રી ! મોત માગ્યું આવતું નથી, ને આવતું હોય તો તે દેવાની તમારામાં સત્તા નથી.

હિરણ્યકશ્યપુ—શું મારામાં સત્તા નથી ? હું કોણ છું તે તું મને આળખે છે ?

પ્રલ્હાદ—હા ઓળખું છું. દુનિયાની દ્રષ્ટીએ તો તમો છત્રપતિ છો.

પણ જ્ઞાન ચક્ષુએ ભાળતાં એક પંચભુતના પુદ્ગલ છો. તમે હું અને આખી સૃષ્ટિના જીવો એકજ માટીમાંથી પેદા થનાર છીએને એકજ માટીમાં જનાર છીએ.

હિરણ્યાકશ્યપુ—હું ત્રૈલોકપતિ કહેવરાવનાર, તેને શું તું ઉછળતું બાળક શીખ આપનાર ? શું તું મારા સમાન છું ?

પ્રલ્હાદ—આ તાતની નજરે તો નાદાન છું પણ જગત બાપની સનમુખ તો સમાન છું.

હિરણ્યાકશ્યપુ—બોલતાં વિચાર નહિ કરીશ તો જીવતો જવાળાથી ભસ્મ કરીશ.

પ્રલ્હાદ— **ગાયન ૨૭ મું.**

બાપુજી વિચારી બોલો, અભિમાનમાં 'શું' ડોલો;
જાગી ઝીણી આંખો ખોલો. માયાના ઝોલે નહિ ઝોલો—બાપુજી૦
શંખાસુર શઠ થઈ બેઠો, પોરો થઇ પાણીમાં પેઠો;
મચ્છ રૂપે રામે તેને, બાજનો બનાવ્યો હોલો—બાપુજી૦
કાચ કેમ મણી કહેવાશે ? અસુર ન ઇશ્વર થાશે;
નૃપને ઠેકાણે નહીં ગાદિપતી થાએ ગોલો—બાપુજી૦

હિરણ્યાકશ્યપુ—પાપી પુત્ર! ચુપ રહે. (નેપથ્યમાં જોઇ) કોણ છે હાજર ?

નકટાસુર—જી હુકમ.

હિરણ્યાકશ્યપુ—એકદમ કાષ્ટ લાવી અગ્નિ જગાવો, ને આ નીચને બાળી ભસ્મ બનાવો.

ચીબાસુર—જેવો હુકમ. (બંન્ને જાય છે.)

સન્મતિ—સ્વામિનાથ ! એ બાળક છે. અજ્ઞાન છે ! એના બોલવા સમુ આપે નહિ જોવું જોઇએ.

શુક્રાચાર્ય—રાજેન્દ્ર! શાન્ત થાવ, ને એની એક તકસીર માફ કરો. હું એને પાઠશાળામાં લેઈ જાઉછુ ને યુક્તિથી ફરીને સમજાવું છું.

હિરણ્યાકશ્યપુ—મુન્ય રહો. મને કાંઈ પણ કહો. જરૂર એને અગ્નિમાં બાળીશ. ને એનો રામ બચાવસે તે ભાળીશ.

ચીબાસુર—(પ્રવેશ કરી) દાનવપતિ આજ્ઞા મુજબ અગ્નિ તૈયાર છે, ફક્ત હુકમનીજ વાર છે,

હિરણ્યકશ્યપુ—તો બસ. આ અધમને માંહે નાંખો. (પ્રલ્હાદ પ્રતિ) જોઉંછું કે કેણુ કરે છે તારી વ્હાર?

પ્રલ્હાદ--ધાશે મારો હૃદય આધાર ! !

પ્રલ્હાદ— **ગાયન ૨૮ મું.**

દીનદયાળ વ્હારે ધાવ, દાસ જાણીને બચાવ;
તુજ વિના હે નાથ મારા, ક્યાં ખાઉ જઇ મારી રાવ?-દીન૦
નામ તારૂં નહીં છોડતાં, મૃત્યુ થાએ છે માથારૂ;
મત બાનાની રાખ તારા, રામનામ ખરૂ૦ કરાવ-દીન૦
પ્રેમની દોરી પ્રભુ, બહુ તાણુતાં તુટી જશે.
ઝંટપટ કપટ જવાળ ટાળ, કરી કસોટી ન સતાવ-દીન૦

તિલેસ્માત.

(વરસાદ પડે છે. અગ્નિ હોલવાય છે. સર્વ ચકીત થાય છે ને એકદમ બ્રહ્મ સદન પ્રગટ થાય છે જેમાં પ્રલ્હાદને અદ્ધર ઝીલી લેવાય છે.)

ડ્રોપ.

પ્રલ્હાદ વિજય નાટક, દ્વિતિય અંક સમાપ્ત.



પ્રલ્હાદ વિજય.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો.

સ્થળ—સ્નેહમંદીર.

પાત્રો—હિરણાકશ્યપુ. સન્મતિ અને ચીબાસુર.

હિરણાકશ્યપુ—આહ ! શો ગજબ ? મારૂં ધાર્યું કેમ નહિ થાય ? ત્યારે રામ મારાથી મોટા કહેવાય ? પ્રલ્હાદ અગ્નિથી કેમ બચ્યો હશે ? કાંઇ સમજાતું નથી. કેમ મરે નહિ ? બસ મારૂં મારૂ એને જરૂર મારૂ, ને મારા અંતરની દાઝ ઠારૂં. શું તે મારૂં નામ તજે, ને રામને ભજે. અરે ! એ અભિમાની રામ, તને પહોંચાડીશ સ્વધામ, ત્યારેજ ઠરીશ આ ઠામ, સુરના સાહાયકને હું ક્યારે મારીશ, ને મારી આંતરડી ઠારીશ ?

ગાયન ૨૦ મું.

મારૂ ઝટપટ ક્યારે એ સુરપતને ?
હર યત્ને—લઉ એની પતને— મારૂ૦
છુપાઇ ગયો છે, નિશ્ચિંત થયો છે,
પણ નકી ધાર, નહિ છોડું તને વિષ્ણુ !!
કરી તુને ઠાર, ભક્ષ કરૂં તન શિષનું,
સમ છે મુને—નવ છોડું તુજને— મારૂ૦

અહાહા ! ! એ પાપી સુરપતિને તો મારીશ, પણ઼ આ કપુત પ્રલ્હાદ ! તેની પહેલાં તને સંહારીશ. શું મારો પુત્ર થઇ મારા વૈરીને ભજે, ને મારૂં નામ તજે ? તો એ મારો સુતજ શાનો ? (નેપથ્યમાં જોઇ) કોણ છે હાજર ?

ચીબાસુર—જી હુકમ ?

હિરણાકશ્યપુ—જાઓ પ્રલ્હાદને હાથીના પગ તળે કચરાવીને મારો બસ કાંઇ પણ નહિ વિચારો.

ચીબાસુર—(હાથ જોડીને) ફરમાનને અમલમાં લાવીએ છીએ, તેને કચરાવીએ છીએ.

હિરણાકશ્યપુ—બસ એકદમ જાઓ. હુકમને અમલમાં લાવો, એ કુલાંગારને ઠાર કરો, ને મને ખુશ ખબર આપી શાંત કરો.

ચીબાસુર—જી હજુર. સત્વર હુકમ ઉઠાવું છું. (દોડતો જાય છે)

હિરણાકશ્યપુ—જોઉં છું કે હવે આ આફતમાંથી કેવી રીતે બચે છે ? જો કદાપિ એ ઘાતમાંથી ઉગરશે, તો ઝેરી નાગના જુથમાં નાંખી આ અમર અરિ તેને ઠાર કરશે.

પ્રવેશ બીજો.

સ્થળ—રસ્તો.

પાત્ર—પ્રલ્હાદ, ચિબાસુર અને નકટાસુર.

ચીબાસુર—તારી કંઇ પણ વિનંતી સાંભળવાની અમને જરૂર નથી. બસ તું દાનવ અરિનો દાસ છે, માટે મારવાની જરૂર ખાસ છે.

પ્રલ્હાદ—પણ ભાઇ મને મારશો તેમાં તમને લાભ શું છે ?

ચીબાસુર—તે કોણ પુછનાર તું છે ? (નકટાસુરને) અલ્યા નકટાસુર ! માર ધક્કો, ને કર આગળ, શું જુએ છે ?

નકટાસુર—બિચારો બહુ રૂએ છે.

ચીબાસુર—શું તને એની દયા આવે છે ? દાનવ પતિના નામને લજાવે છે ? બસ એને આગળ ચલાવો, ને માતંગ પાસે ઠાર કરાવો. (ધક્કો મારે છે)

પ્રલ્હાદ—ઓ પ્રભુ, મારા રામ ! સુખ દુઃખના વિશ્રામ, હવે મને તારીજ છે હામ. મહેર કરો મોહનવર મહેર કરો.

ગાયન ૩૦ મું.

પ્રહ્લાદ—

હો ! મોહન મારા-ધ. ઓને જગ ઉદ્ધારા,
અસુર વૃંદ આ પડ્યું છે પુઠય મારી;
મારી નંખાવે આ માતંગથી,
માટે આવો આવોને પ્રભુ પ્યારા-હો મોહન૦
રટે તુજ નામ કોય,
તેને નવ આમ હોય;
સુખ કે દુઃખ મુને નહીં.
રાખ બિરદ તારૂં પ્યારૂં, વિચારી ધારઃ—હો મોહન૦
(ધક્કો મારી લઇ જાય છે.)

પ્રવેશ ત્રીજો.

સ્થળ—રંગીલીનું ઘર.

પાત્ર—રંગીલી, શંભુક અને ખોડીઓ.

શંભુક—(પ્રવેશ) હિંમત! હિંમત! હિમત, તારીતો છેજ નહિ કીંમત તારીજ મદદથી ફતેહનાં ફળ ! ચાખીશ, ને રંગીલીને મારી દીલોજાન કરીને રાખીશ. હવે તો આ ગવૈયાનું રૂપ લીધું છે, ને છબીલીને છળવાનું મન કીધું છે. હવે તો કદી નહિ ઓળખાઉં, કે આંટીમાં આવું. બસ આ વખત તો પ્રેમના પ્યાલા પીઉં ને પાઉં. (છાતી ઠોકીને) હિમત! હિમત! હિમત. બસ તુજ ખરૂં હથિયાર છે, તારાથીજ બેડો પાર છે. (નેપથ્યે જોઇ) અરે પેલી સામેથી એજ આવતી હોય એમ જણાય છે. ચાલ હવે ઠીકઠાક બની જાઉં, ભાષા પણ પલટાવું ને ગવૈયાનો ડોળ દરશાવું (કાને હાથ દઇ તાન મારે છે). આ—આ—આ—આ—આ—આ—આ—

રંગીલી—(પ્રવેશી) અરે! આ કોણ ખુબ તાન પલટા લગાવે છે; (સ્વગત) શંભુકજી જેવો સાદ આવે છે. (નજીક જઇને) તુમ કૌન હો ભૈયાજી ?

શંભુક—જી! મય હું ગપનગરકા ગવૈયાજી.

રંગીલી—સીકલમે તો માલુમ હોતે હો ભવૈયાજી, કે પવૈયાજી

શંભુક—નહીજી. મૅયતો બડા ઉસ્તાદ હું. મત કરો ધીંગાના, સુન્ના હએ હુમારા ગાના.

રંગીલી—કયા આપકી અચ્છી તાન જાતી હય?

શંભુક—અરે! સુનનેકું આશમાનકી પરીઓ જમીનપે આતી હય.

રંગીલી—વાહ! વાહ! એતો બડી તાજુબીકી બાત જબતો હય કુભી થોરા બહોત સુનાઓ. આવ આવ ગવૈયાજી ઇધર આવ.

શંભુક—(સ્વગત) વાહ! મેરી હીંમત•વાહ, ઇસ બખ્ત તો ભુલ ખવાઇ હય, બાજકે પંજેમેં બુલબુલ આઇ હય.

રંગીલી—આઇયેજી બયઠીએ. મય મકાનપે જાતીહું, આપકી ખાતર ચહા બનાતી હું. (જાય છે)

શંભુક—અચ્છા! અચ્છા! જાઇએ, આસ્તેસે આઇએ, મય યહાં બયઠતાહું.

ખોડીઓ—(પ્રવેશી) અયે તુમ કૌન હો ? કાયકું અંદર બયઠે હો ? પરાયે મકાનમેં પયઠે હો ?

શંભુક—જી, મય ગવૈયા મશહુરહું તાન સુરકા પુરહું. કોઇ રંગીલી હય, ઇસને મુજે બોલાયા હય, ઔર ઇધર બૈઠાયા હય.

ખોડીઓ—કયસા ગ્યાન જાનતે હો? ગદ્ધેકાબી તાન પહીચાનતે હો?

શંભુક—હાં હાં. ગદ્ધેકા! કુત્તેકા! ભેંસોકા! બિલ્લીકા, સબકા તાન જાનતાહું; ઔર બુલબુલ બપૈયાકો ભી પહીંચાનતાહું.

ખોડીઓ—અચ્છા! અચ્છા! કુચ્છ ગાઇએ, મીઠા તાન લગાઇએ, ઔર હમકુ ભી જરા સુનાઇએ.

શંભુક—અચ્છા, લો ગાતાહું, ગલેકી મઝા દીખલાતાહું. (કાને હાથ દઇ તાન મારે છે) આ—આ—આ—આ—આ. (ખોડીઆને પોતાનો કાન ચીમોડતો જોઇ) અજી! એ ક્યા કરતે હો?

ખોડીઓ—(હાસ્યપૂર્વક) તંબુરેકી ચાવી ફીરાતાહું.

શંભુક—ગરબડ મત કરો. ચુપચાપ સુનો. આ—આ—આ—આ—આ— (તાન મારે છે ને પુનઃ પાછો ખોડીઆને માથામાં ધબ્બો મારતો જોઇ) એજી! એ ક્યા કરતે હો ?

ઓડીઓ—(ડાગ્કો બની જઈ) તબલે પે થાપ દેતાહું.

શંબુક—ક્યા તુમ હુમારી મજાક કરતે હો ?

ઓડીઓ—નહીંજી, મજાક કયા, કુચ્છ ખાનેકી ચીજ હય ?

શંબુક—કયસા અક્કલકા બારદાન હય, કોઇ બાતકી નહિ પહેચાન હય.

ઓડીઓ—(સ્વગત) અભી રંગીલી આયગી, તબ સબ પહીચાન લાયગી. ઠયરો મેરે શંબુકજી !

રંગીલી—(બાવા વેશે પ્રવેશી) ક્યું રે ! તું કૌન હય ? પરાયે મકાનમેં કયું આયા હય ? કુચ્છ તકરમંજીકા ધ્યાન લગાયા હય ?

શંબુક—(સંકોચ દર્શક) મહેરબાન સંભાલો, કોઈ અચ્છે આદમીકી ઇજ્જતપેં હાથ મત ડાલો.

રંગીલી—ચલ બે સસુરવા ! ઇજ્જતદાર હય તો ઇધર કયું બયઠા હય, પરાયે મકાનમેં પયઠા હય ? હઠ નીકળ, હરામખોર ચોર. (ચાબુક ફટકાવે છે)

શંબુક—અરરર ! માર ડાલારે મેરે બાવા. મહેરબાન ! મહેરબાન ! કદરદાન ! આપસેં માફી ચહાતાહું, ઔર મય જાતાહું. (સ્વગત) સાલી રંગીલી કીધર ભાગ ગઈ, ઔર યહી બલા કહાંસે આઇ ? એકદમ ચાબુક નીકાલા ઔર માર મારકે મેરા ચમડા બી ફાડ ડાલા.

રંગીલી—નૈયતકા હરામ, કયા હય તેરા નામ ?

શંબુક—મૈંય આપકી રહેમ ચ્હાતાહું, નામ ગવૈયાજી કહેલાતાહું.

રંગીલી—ઓહો, તુમ તો બડે ગવૈયાજી હો. (દાઢી ખેંચી લે કયા) ઔર શંબુક ભવૈયાજી ભી હો. ક્યું રંગીલીકુ તાબે કરનેકુ આયે હો ?

શંબુક—સત્યાનાશ. મુજે પહિચાન લિયા. એહી રંગીલી હય કે કયા ?

રંગીલી—(પોતાનો વેષ પાલટી દેઇ) હાં હાં, શિયાણે શંબુકજી ખુદ મેહી હું રગીલી.

શંબુક—(નમ્રતા પુર્વક) રંગીલી ! રંગીલી ! બસ તેં તો મારા બુરા હાલ કર્યા. પહેલાં તેં ગટરનું પાણી પાયું, ને ઉપરથી ડામ દીધો. પછી ચાબુકથી ફટકાવ્યો, ને બંદરની માફક

નચાવ્યો. હવે તો મહેરબાની કર, કંઈ મારી ગરીબાઇ પર ખ્યાલ કર. દયા લાવ ને પ્રેમ બતાવ.

રંગીલી—(ખોટી દયા બતાવી) તમે આટલી બધી બતાવો છો લાચારી, તો જાઓ આજથી હું રંગીલી છું તમારી; હવે પ્રેમ બતાવીશ, ને તમારી સાથે આવીશ. (ગાલમાં લપડાક મારતી) મારા શંભુકજી.

શંભુક—વાહ્વા ! તો તો બહુજ સારૂ પ્યારી દીલદાર, ! સફળ થયો ખાધેલો માર.

ઓડીઓ—(સ્વગત) ત્યારે શું આપણેજ રહ્યા કે ન્યાત બહાર ? ગોલો ગોલીને લઈ જાય, ને મારો હાથ ખાલી જાય; ફોકટમાં ગુલામી કરી, તોએ મને ગઈ વીસરી (વિચારી) ફીકર નહિ તમારો બંનેનો મસાલો કરીશ, ત્યારેજ હૈયામાં ઠરીશ. (પ્રકાશ) કેમ શંભુક સરદાર, ! તમેજ બનશો કે રંગીલીના યાર ?

શંભુક—હા, બસ પોબાર.

રંગીલી—(સ્વગત) બંને હરામખોરોને લાલચમાં લપટાવું ને પછી એમને કોઈ સ્થળે વેચીને ઇંદ્રલોકમાં ચાલી જાઉં.

શંભુક—કેમ પ્યારી રંગીલી, હવે શો છે વિચાર ?

રંગીલી—બસ ઉડાવો બહાર, ચાલો અહીંથી થઇએ પસાર.

ઓડીઓ—બંદા પણ સાથે છે તૈયાર.

રંગીલી—તમે પણ સાથે થશો ?

ઓડીઓ—ત્યારે કેમ, આ શંભુકજી મલ્યા, એટલે હમને ભુલી જશો ?

રંગીલી—ના ના એમ કંઇ થાય ?

શંભુક—ત્યારે શું એને સાથે લેવાય ?

ઓડીઓ—ના તમારા એકલાથી જવાય. તમારે તો રહેલ સદૈવ છે, મારો કાંઇ જીવ છે ?

રંગીલી—ઠીક છે, ઠીક છે, તમે પણ ચાલો ને આનંદમાં મ્હાલો. પણ જુઓ આપણે મોજ ઊડાવવામાં જોઇશે દામ.

શંભુક—પાકો વાંધો કાઢયો આમ ?

ઓડીઓ—(અંગુઠો બતાવી) આપણે પણ કડક અંગાળી ગુલામ.

રંગીલી—કાંઇ ફીકર નહી, તમારી પાસે નથી તો મારી પાસે છે, તે કોનું છે ? એ પણ તમારૂંજ છેને.

આંજુક—વાહ્ પ્યારી વાહ્ ! હવે તો તારો પ્યાર ખરો, ટળી ગયો ખરખરો.

ઓઢીઓ—હા. હવે તો નીખાલસ મંન, વાહ્વા ! ધન્ય ધન્ય.

રંગીલી—જુઓ મારી પાસે બે મોતી છે, તેને વેચી દઇશું કે નાણાં આવશે; ને સ્હેલ કરવાનું પણ.....................

આંજુક—આવશે, વાહ્ પ્યારી વાહ્ ! એમ કરો.

ઓઢીઓ—વાહ્ પ્યારી ! તારી દીલદારી, તારો ચાહ. બસ એમજ કરો, એ બંને મોતી વેચીજ દ્યો.

રંગીલી—ઠીક ચાલો ત્યારે.

આંજણ—ચાલો પ્યારી ચાલો.

રંગીલી— ગાયન. ૩૧ મું

આવો આવો આવો રસીલા ! આવોજી આવો,
છબીલા ! રંગીલા ! રંગમાં રમવાને;
ગમ્મતની ગોઠમાં ગમવાને;
આંજુક— સુધારસનાં ફુલ જમવાને;
ઓઢીઓ— અનંગની આગજ શમવાને;
રંગીલી— સજા નિજ પાપની ખમવાને—આવો૦

પ્રવેશ ચોથો.

સ્થળ-રાણીવાસ.

પાત્ર--સન્મતિ, પ્રલ્હાદ હિરણ્યકશ્યપૂ અને ચિબાસુર.

સન્મતિ—અરેરે ! ઓહ !! હાયરે ! મ્હારા વ્હાલા બાળકનું ત્યાં શું થયું હશે ? હાથીના પગ તળે કચરાતાં એ કેવો દુઃખી થઇ મરશે ? અરેરે ! આ નજરે જોવા કરતાં, હું અભાગણીને મોત કેમ નથી આવતું ? હાય, મારો લાડકો માતંગનો માર ખાઇ મરશે !

સન્મતિ— ગાયન ૩૨ મું.

અરેરે ! ! હો શું હવે થાશે ? કુંવર મુજ હાય કચરાસે-ટેક.
માતંગના માર એ ખાશે, બચાવે કોણ જઈ વાંસે ?
છળી મરશે એ ગજ ત્રાસે, લાડીલો મારો પ્રાણથી જાશે—અરેરે૦
જુલમ મુજથી ન જોવાશે, મરૂં ટટળી અતિ ત્રાસે,
ભયંકર સૌ મને ભાસે, કોડીલા વિના કેમ જીવાસે ?—અરેરે૦

હિરણ્યાકશ્યપુ—(પ્રવેશી) સુંદરી ! તું હજી શાન્ત થતી નથી, ને કલપાન્ત મુકતી નથી ? એવા પુત્રનો તો નાશ કરવોજ ઉચિત છે. એમાં દીલગીર શું થાય છે ?

સન્મતિ—વ્હાલા પતિ ! મારૂં હૃદય કેમ ધીર ધારે ? અરેરે ! ! માતા વાત્સલ્ય પ્રેમ કેમ વીસારે ? વાડ ખેતરને કેમ ગળે ? અમી આપનાર ચંદ્રથી ઝેર કેમ ઝરે ? અગાધ સંકટથી ઉછેરેલા ગુલાબ છોડને કેમ ગુંદી નંખાય ! છોરૂ કછોરૂ થાય પણ પાળકથી પ્રેમ કેમ તજાય ?

હિરણ્યાકશ્યપુ—ચુપ રહે ! એ મારો પુત્ર નથી પણ શત્રુ છે. હું એનો પાળક નથી પણ ટાળક છું; માટે જરૂર એ પ્રલ્હાદને મારીશ, ને મારૂં હૃદય ઠારીશ.

ચીબાસુર—(દોડતો પ્રવેશી) માહારાજાધિરાજ ! ! માહા વિપરીત થયું. (ધ્રુજે છે.)

હિરણ્યાકશ્યપુ—કેમ શું છે ? પ્રહલાદ ઠાર થયો કે નહી ? ધ્રુજે છે કેમ ?

ચીબાસુર—અરે ! માહારાજ એતો ઠાર નથી થયા, પણ હાથી ચલાવનાર મ્હાવતો જાનથી ગયા.

હિરણ્યાકશ્યપુ—શાથી એમ થયું ?

ચીબાસુર—માતંગનું મગજ બદલાઇ ગયું.

હિરણ્યાકશ્યપુ—કેમ તેને મદિરા નહોતો પાયો ?

ચીબાસુર—પાયો તેથીજ થયો હરાયો.

હિરણ્યાકશ્યપુ—કેમ હાથી હુકમથી દુર ખસ્યો ?

ચીબાસુર—હાજી પ્રલ્હાદને મુકી મ્હાવતપર ધસ્યો.

હિરણ્યાકશ્યપુ—કેવી તેણે કરી ફાળ !

ચીબાસુર—તુરત કીધો મ્હાવતનો કાળ.

હિરણ્યકશ્યપુ—ત્યારે શું મ્હાવત મરી ગયો ?

ચીબાસુર—હાજી ઠેઠ પરલોક પહોંચી ગયો.

હિરણ્યકશ્યપુ—ને શું કપુત પુત્ર બચી ગયો ?

ચીબાસુર—હાજી. એતો અચળ રહ્યો.

હિરણ્યકશ્યપુ—ઠીક છે. ત્વરાથી જા આવાર, પ્રલ્હાદને લાવ આ ઠાર.

ચીબાસુર—જી. હુકમ બજાવું છું, હમણાંજ લઇ આવું છું. (જાય છે.)

સન્મતિ—અરે ! ઓ નાથ. આમ નહિ કરો, જરા તો દયા ધરો. વળી તેને તેડાવી શું કરો છો ? જરા તો સાંભળો મારી વાત.

હિરણ્યકશ્યપુ—(ક્રોધાન્વિત) નહીં બસ કરીશ તેની ઘાત.

ચીબાસુર—(પ્રલ્હાદને પકડી લાવી) દાનવપતિ ! ! પ્રલ્હાદને લાવ્યો છું.

હિરણ્યકશ્યપુ—(ક્રોધદ્દષ્ટિથી) વાદીઓને તેડાવો, ઝેરી વિષધરોને મંગાવો, ને એ પાપી પુત્રને નાગકુંડમાં નંખાવો, કે ડંખાઇ ડંખાઇને મરશે

સન્મતિ—(કરગરતી) અરે નાથ ! આ શો હુકમ કરોછો ! બોલતાં લાજો, અંતરમાં જરા તો દાઝો. હવે માફ કરો, એનાપર દયા ધરો.

હિરણ્યકશ્યપુ—ચુપ રહે. હું દયાને ઓળખતોજ નથી. (ચીબાસુરને) જાવ એને લઇ જાવ.

સન્મતિ—(માન માગતી) ઓ સ્વામીનાથ ! આવા ક્રુર કેમ થાઓ છો. મારી વીનંતી ઉરધરો, ને મારા વ્હાલા જાયાને ઠાર ન કરો. (આક્રંદ કરે છે.)

પ્રલ્હાદ—(ધૈર્યપુર્વક આશ્વાસન આપતો) માતા ! રૂવે છે શું કામ ? શાન્ત થા, હીંમત ધર, મારૂં રક્ષણ કરશે વિશ્વંભર. જેણે આગે બળતો અટકાવ્યો છે, માતંગ મારથી બચાવ્યો છે, તે ફરીથી બચાવશે. રામનામની રખવાળી આવશે. ત્યાં મારા અભિમાની પિતાજી નહીં ફાવશે. તું રોઇશ માં.મારા જીવનપ્રાણ જુગદાધારને આધારે જાઉંછું. ને થોડીજવારમાં વધાઇ લઇ આવુંછું.

પ્રલ્હાદ— ગાયન ૩૧ મું.

જનુની ! જીવનપ્રાણ આપણો છે જયકર જુગદાધાર !
જયકર જુગદાધાર ! હરીવર ! હર સંકટ હરનાર—ટેક.
રાંક પ્રમાણે ટગવું મળતું, ભ્રાન્તિ નથી ભળનાર;
નીમ તુટે નહિં નિરધારેલો, શાણો સરજનહાર—જનુની૦
રૂણારબંધે રૂંધાએલાં, ફળ કોણ ફેરવનાર ?
દૈત્ય દીઠા અમૃત આશામાં, મદીરા મેળવનાર—જનુની૦
અસ્ત કર્યો જે મરત અગસ્તે ! ! દધિ, તે શું ડરનાર ?
જગ દૃષ્ટાન્તે જાણી લ્યો કે, વિલપ્યે શું વળનાર ?—જનુની૦

હિરણાકશ્યપુ—જોયા શું કરો છો ? હુકમ અમલમાં લાવો ને એને નાગ ડસાવો. જાઓ.

ચીબાસુર—જી હુકમ. (પ્રલ્હાદને લઇ જાય છે. સન્મતિ મુર્છીત થાય છે.)

પ્રવેશ પાંચમો

સ્થળ–માર્ગ.

પાત્ર—–રંગીલી, ખોડીઓ, શંભુક અને ચતુરચંદા.

રંગીલી—(પ્રવેશી શંભુક ખોડીઆ પ્રતિ) શંભુકજી ! ! જુઓ પેલી સામેથી કોઇ ખાનદાન ઓરત આવે છે. તેને પેલાં બે મોતી આપવાની કોશીશ કરૂં, તમો બંને જણ અહીં બાજુપર ઉભા રહો એટલે હું એની સાથે વાતચીત કરૂં.

શંભુક—ઠીક છે ઠીક. એમ કર દીલબર ! !

રંગીલી—(આવનાર સ્ત્રી પાસે જઇ) બાઇ આપ કોણ છો ?

ચતુરચંદા—હું નાયકા છું.

રંગીલી—નામ ?

ચતુરચંદા—મારૂ નામ ચતુરચંદા છે. તમારે કેમ પુછવું પડ્યું ?

રંગીલી—પુછવાનું તો એ, કે પેલા બે મારા ગુલામ છે, એમને મારે વેચવા છે. તમારે લેવાની ઇચ્છા છે ?

ચતુરચંદા—હા લઉ તો ખરી, પણ કામમાં હોશિયાર છે ?

રંગીલી—(ઠાવકે મુખે) જીહા. બહુજ ખબરદાર છે.

ચતુરચંદા—એને શી માહિતી છે ?

રંગીલી—એક બબરચી બહાદુર છે, ને બીજો પાણી ભરવામાં પુર છે, કહો તમારે જરૂર છે.

ચતુરચંદા—હા જરૂરના છે. પણ એ પોતે વેચાવા તૈયાર છે ? જો મારી રૂબરૂ એ થાય કબુલ, તો ખરીદુ એમાં નહીં ભુલ.

રંગીલી—ભલે એ આપને મોંઢે કહે પછી કાંઇ છે ? કેમ શંભુ-કજી એક વેચુ કે બે ?

બંનેજણ—અરે બન્નેજ આપી ઘો, ને રોકડા દામ લઇ લ્યો.

રંગીલી—કેમ છે હવે કાંઇ વહેમ ?

ચતુરચંદા—નાજી ! કહેવાય કેમ. બોલો શું લેવા છે એના દામ ?

રંગીલી—બસો મ્હોરના છે બંને ગુલામ.

ચતુરચંદા—ઠીક ત્યારે ચાલો મારે ઘેર, બસો મોહોર લઇ લ્યો, ને એ બન્ને મને દઈ ઘો.

રંગીલી—બહુ સારૂ ચાલો, (પેલા બેને) ચાલો એને દ્વાર, એ દામ આપવા છે તૈયાર.

બંનેજણ—હા ચાલો. (સર્વ જાય છે.) વાહ, રંગીલી વાહ ! પ્યારી રંગીલી વાહ ! !

પ્રવેશ છઠો.

સ્થળ-નાગસ્થાન.

પાત્ર—વાદીઓ, પ્રલ્હાદ, ચીબાસુર અને નકટાસુર.

ચીબાસુર—(પ્રલ્હાદને) લે પકડ. ચાલ જા કાળીનાગોની પાસે, કે હમણા તને એ ખાશે.

પ્રલ્હાદ—(આશ્ચર્ય પુર્વક) શું આછે નાગ ?

નકટાસુર—દેખતો નથી અભાગ.

પ્રલ્હાદ—ચુપ રહે કાળા કાગ ! હું તો દેખુછું, પણ દોરડાં પેખુછું.

ચીબાસુર—એમ ? તો હાલ આગળ થા, એ દોરડાં પાસે જા.

નકટાસુર—અલ્યા ભુંડા ! જક મુક, ને તારા રામલાનું રટણ ચુક.

પ્રલ્હાદ—દુષ્ટ ! શાને ઉરાડે છે થુંક. વધુ બોલશે તો જીભ ખેંચી કાઢીશ, મારા રામ નામના મહા મંત્રથી હું એ નાગોને રમાડીશ.

ચીબાસુર—લે રમાડ ત્યારે; જોઉં તો ખરો, ભાગતો નહિ પરો.

પ્રલ્હાદ—ભલે, ત્યારે રમાડુંછું ? તમને દેખાડુછું. (એકાગ્રચિત્તે) હે ! સીતાપતિ શ્રીરામ ! મને છે તારીજ હામ. જો ડંખશે મુને નાગ, તું લાગશે તુંજ બાનાને ડાગ. તારી હીંમતથીજ આગળ ચાલુંછું, ને આ નાગોને ઝાલુ છું. શ્રી રામ ! શ્રી રામ ! ! શ્રી રામ ! ! ! (પાસે જઇ નાગોને પકડે છે.)

ચીબાસુર—(નટકાસુરપ્રતિ) અલ્યા ! આ શો ચમત્કાર, એને ડંસતા નથી લગાર?

પ્રલ્હાદ—જુઓ કરડે છે સાપ, કેવો છે રામનો પ્રતાપ ?

પ્રલ્હાદ— ગાયન ૩૪ મું.

હો ! ગિરધારી, લીધી સુધ મારી,
બંસીધારી—ગાઉ શા ગુણ વિસ્તારી;
ધંન્ય ધન્ય બલિહારી તારી—લીધી૦
પમાર હું પાપી પ્રાણી, તેને નિજ દાસ જાણી;
બિરદની પક્ષ તાણી, પેખાડયું પોતાનું પાણી.
અતિ છું આભારી—લીધી૦
ઉગારી આ વારી મારી, સહાયતા કિધી સારી;
વિપત્તિ વિદારીકારી ઘણી મારા ધર્મ ધારી.
અતિછું આભારી—લીધી૦
ટાળ્યું તે આ ટાણે દુ:ખ, બંધ કીધાં નાગ મુખ;
રાખી છે બાનાની રૂખ, આપિયું અભય સુખ,
ધાઇ ચક્રધારી—લીધી૦

પ્રવેશ સાતમો.

સ્થળ—હિરણ્યકશ્યપુનો મહેલ.

પાત્ર—હિરણ્યકશ્યપુ, ચિબાસુર અને નકટાસુર.

હિરણ્યકશ્યપુ—(પ્રવેશ કરતાં) આહાહા ! ! બસ હવે તો આનંદ ! આનંદ ! આનંદ. પાપી પ્રલ્હાદ ઠાર થઇ ગયો હશે, ટાઢા પાણીએ ખસ જશે. જાલીમ ઝેરથી ભરેલા નાગ ડંસથી એ કદી બચનાર નથી. બસ આનંદ ! આનંદ ! આનંદ.

ચીબાસુર—(ધ્રુજતો પ્રવેશ) દાનવપતિ ! કેર થયો.
હિરણ્યાકશ્યપુ—શું પ્રલ્હાદ મરી ગયો ?
ચીબાસુર—નાજી, અચળ રહ્યો.
હિરણ્યાકશ્યપુ—શા યંત્રથી ?
ચીબાસુર—રામ નામના મંત્રથી.
હિરણ્યાકશ્યપુ—ચુપ રહે ચંડાળ ! ! રામનામ નહિ સંભાર.
નકટાસુર—અરે બાપુ ! તેણેજ લીધી એની સંભાળ, ને વિદાર્યો કાળ.
હિરણ્યાકશ્યપુ—ત્યારે શું નાગ એનાથી બિધા ?
ચીબાસુર—હાજી, પ્રલ્હાદે પંપાળી હાથમાં લીધા.
હિરણ્યાકશ્યપુ—અરે ! આ શુ તેને કરડયાજ નહીં ?
નકટાસુર—નાજી, બીલકુલ અડયાજ નહીં.
હિરણ્યાકશ્યપુ—આહાહા !! આ શો ગજબ, સાંભળતાં થાઉ છું અજબ. આવા ઝેરી ફણીધર કેમ બન્યા બાયલા?
ચીબાસુર—અરે બાપુ ! પ્રલ્હાદે તેને દોરડાની માફક ઝાલ્યા.
હિરણ્યાકશ્યપુ—તમે પણ તેને કાંઇ ન સતાવ્યો ?
ચીબાસુર—અરે અમારી ઉપર નાગોને ફેંકવા આવ્યો.
હિરણ્યાકશ્યપુ—ઓહ !! કેવા સમાચાર માઠા ?
બંને અસુરો—અરે બાપુ ! અમે તો જીવ લઇને નાઠા.
હિરણ્યાકશ્યપુ—પાપીઓ તમે કેમ નાશીને આવ્યા ?
બંને અસુર—અરે બાપુ ! જેમ તેમ કરીને જાન બચાવ્યા.
હિરણ્યાકશ્યપુ—ને તે કયાં વળ્યો ?
ચીબાસુર—રાણી સાહેબના મહેલે ગયો.
હિરણ્યાકશ્યપુ—અરે! જુલમ ! ગજબ! પાપી પુત્ર મર્યો નહીં, મારો ભય ટળ્યો નહીં, નક્કી કાંઇ વિપરીત છે, પરિણામ ભયભીત છે. કાંઇ સમજ પડતી નથી, કે એ કેમ બચે છે સર્વથી. હવે શો ઇલાજ કરૂં, કે એને મારીને ઠરૂં? ચીબાસુર ! અહીંથી એકદમ જાઓ, મારા હુકમપર ખ્યાલ રાખો, ને તે પાપીને પકડી લઇ જઈ ગિરીના શીખરપરથી જમીનપર નાંખો, કે પછડાઇને મરી જશે, છુંદાઇને પતી જશે.
બંને અસુરો—જેવો હુકમ.
હિરણ્યાકશ્યપુ—બસ એકદમ જાઓ, જલદી હુકમ ઉઠાવો.

બંને અસુરો—બહુ સારૂ. (ઝડપથી જાય છે.)

હિરણ્યકશ્યપુ—આ યોજનામાંથી બચનાર તો નથી, સખ્તાઇ છે સર્વથી. ને જો કદાપી જીવતો જોઇશ, તો મારી રૂબરૂમાંજ ઠાર કરીશ.

પ્રવેશ આઠમો.

સ્થળ—સૌમ્યાચળ પર્વત.

પાત્ર.—પ્રલ્હાદ, ચીબાસુર, નકટાસુર, શ્રીરામ અને સીતાજી.

ચીબાસુર—(પ્રલ્હાદને સંતાપતો) ચાલ ચાલ હવે, પહેલાંથી નહોતો જાણતો કે માહારાજાનું અપમાન કર્યું, ને મોતનું પગલું ભર્યું.

પ્રલ્હાદ—(શાંત સ્વભાવે) ભાઇઓ ! મેં એવો તે શો અનાચાર આદર્યો છે ?

ચીબાસુર— તેં તારા રામને વહાલો કર્યો છે. અમારા શત્રુને તું ભજે, ને અસુરપતિના નામને તજે. બસ તને ઠાર કરીશું, નહિ ડરીશું. જો રામ રટણ મુકે, તો તો કાંઇક આફત ચુકે.

પ્રલ્હાદ—(નિશ્ચય પુર્વક) અરે દુષ્ટો ! બ્હાલુ મને મરણ છે, પણ મારે તો રામનુંજ શરણ છે. આવા કનિષ્ટ ઉચ્ચાર નહિ કરો, ન્હાય તેવાં પગલાં ભરો.

ચીબાસુર—અલ્યા ! શું જુવે છે ! નકટાસુર ! એને આપણો બીલકુલ ખ્યાલ નથી, બસ બચાવવામાં માલ નથી.

નકટાસુર—હા જોને, હજુ શત્રુની પક્ષ રાખે છે, ને તેનું ભલું ભાખે છે. બસ એનો ગુમાન ઊતારો, જોઇએ કોણ છે સાહ્ય કરનારો. (ધક્કો મારતો) ચાલ પહાડના શીખરે ચડ, ને ઉપરથી પડ.

ચીબાસુર—(બીજો ધક્કો મારતાં) બસ ચાલ, કર નહિ સોર, જોઇએ તારા રામનું જોર!

પ્રલ્હાદ—(દ્રઢ હૃદય સંકલ્પે) હે રામ ! હવે મને તારીજ છે હામ. પરમ કૃપાળુ કિરતાર, આ દુઃખ દરીએથી મને તાર.

ગાયન ૩૫ મું.

મહા દુઃખ દરિયે ડુબુંછું, મ્હેર કરો મોરલી ધારી;
રામ નામ નૌકામાં બેઠો. છતાં હાણુ થાએ મારી;
ગિરીધર! નટવર! ભયહર! જયકર! લે આફત જલથી તારી—મહા૦
નથી વિના કો તુ મારો બેલી, ફકત નાથ તારો આધાર;
શ્યામ સલુણા તું મારો સાથી, બચાવની ખોલો બારી—મહા૦

ચીબાસુર—હવે રોઇ રોઇને રાગડા શું તાણે છે? તારો રામ જાણે છે કે તું મરવાને ટાણે છે. ચાલ ઉપર ચઢ.

પ્રલ્હાદ--બન્ને ચાલો. (પહાડ ઉપર ચઢે છે) શ્રીરામ, રામ, રામ.

બન્નેઅસુરો—(ધક્કો મારી નીચે પાડતાં) લે હવે લ્હાવો.

પ્રલ્હાદ--(નિચે પડતો) સીતાપતિ શ્રીરામ.

(એકદમ પહાડ ફાટે છે ને પાતાળમાંથી શ્રીરામ અનેસીતાજી પ્રગટ થઈ પ્રલ્હાદને ફુલના હીંડોળામાં ઝીલી લે છે.)

ગાયન ૩૬ મું.

શ્રીરામ, સીતાજી-- (હિંડોળતાં)

ઝુલો ઝુલો ફુલને હિંદોળે પ્રિય બાળ ! !
ચયા છે......રામ સીતા......રખવાળ--ઝુલો૦
અડગ ભકત ધન્ય તારી ટેકનેજ રે,
સાચવ્યો તેં શીર સાટે નેકનેજરે
કમ્પે કદી ન એક વાળ, ત્હારો કમ્પે કદી ન એક વાળ—ઝુલો૦

શ્રીરામ—(મુર્છિત પ્રલ્હાદ પ્રતિ) રે શાબ્બાશ ! શાબ્બાશ, મારા અડગ ભકત, મારા પ્રિય ભકત, તને હજાર ગણા ધન્યવાદ છે, બેટા નિર્ભય રહો. ત્રૈલોકમાં કોઈ પણ તારો વાંકો વાળ કરનાર નથી.

સીતાજી--(વ્યજન કરતાં) પ્રિય પુત્ર, ગભરાઇશ નહીં, સાવધ થા, તારાં સર્વ વિઘ્ન દુર છે, રામ કૃપા પુર છે.

શ્રીરામ--સુવદને ! એને હવે સાવચેતી આવવા માંડી છે, માટે આપણે અહીંથી પલાયન થઇએ.

સીતાજી--નાથ ! એને દર્શન આપતા જાઓ તો શું ખોટું ?

શ્રીરામ--ના, હજી વાર છે થોડી કસોટી લેવી બાકી રહી છે, તે પુર્ણ થયે દર્શન આપીશું, ને એના ભવો ભવના ફેરા ટાળીશું.

સીતાજી—જેવી ઇચ્છા. (પોતાના કંઠની પુષ્પમાળા પ્રલ્હાદને ગળે આરોપણ કરી જાય છે)

પ્રલ્હાદ—(એકદમ જાગ્રત થઈ) અહાહા ! ફુલનો હીંડોળો શો ? મને અહીં કોણે સુવાડ્યો હશે ! આ શો ચમત્કાર ! નક્કી મારા રામેજ લીધી સંભાળ. (પુશ્કળ આનંદમાં આવી) અહાહા ! મનુષ્ય ચાલે તેટલી ચતુરાઇ ચલાવે, પણ જેને રામ રાખનાર છે, તેને કોણ મારનાર છે ?

ગાયન ૩૭ મું.

મ્હાય તેવી ચતુરાઇ ચલાવે, જેને રામ રાખે તેને ન આંચ આવે;
મન મિથ્યા મનુષ્ય ફુલાવે......................................—જેને૦
જગતના જન સહુ ભેળા થઇ, ભાણુ સમિપ મરિત મચાવે;
તપે જરા જોરં કરી રવિ તો, ખલકની ખાક બનાવે-જેને૦
મોટા મહિષ ચાંય તેવા હોય તોય, માતંગ તુલ્ય કાંઇ નાવે !
તારા મંડળ તેજ ઝાઝું કરે પણ, શશિ સમાન નહીં ફાવે-જેને૦

પ્રવેશ નવમો.

સ્થળ—ચતુરચંદાનું મકાન.

પાત્ર—ચતુરચંદા, શંબુક, ખોડીઓ અને સિપાઇઓ સહિત પોલીસ અમલદાર.

શંબુક—(ચિંતાતુર પ્રવેશી) અલ્યા ખોડીઆ મ્યારી રંગીલી ક્યાં ગઇ ?

ખોડીઓ—કોણ જાણે, આપણે વાતોમાં પડયા એટલે મને તો ખબર રહી નહીં.

શંબુક—એણે મોતી વેચીને દામ તો લીધા પણ તે ગઇ ક્યાં ?

ખોડીઓ—કંઇ આટલામાંજ ગઇ હશે.

ચતુરચંદા—(શોધતી પ્રવેશી) ચાલો. એ ગુલામ ! ! કેમ બેઠા છો ઠરીને ઠામ ? (શંબુક પ્રતિ)જા તુ ખાણું પકાવ. (ખોડીઆ પ્રતિ) એ...ઇ...તું, પાણી ભરી આવ. ને પછી જલદીથી ઝાડુ કાઢી નાંખ.

શંબુક—(ધુરકતો) અરે દીવાની દારા ! કોણ છે ગુલામ તારા ?

કોને કામ સોંપે છે ! વિચારીને બોલ, નહિ તો તોડીશ તારો તોલ.

ચતુરચંદ્રા—અરે હરામખોર ! રોકડા દામ દીધા છે, ને મેં તમને વેચાતા લીધા છે.

બોડીઓ—અરે ! ! જાજા ચમકતી ચાંદરણી, વિચારીને બોલવાત, નહીં તો ખાશે હમણાં લાત. કોણે દામ લીધા છે, ને ગુલામી ખત કરી દીધા છે ? હેં...હેં...હેં ?

ચતુરચંદ્રા—કોણે તે, તમારી શેઠાણીએ, રંગીલી રાણીએ.

શંબુક—શું તે અમને વેચી ગઇ, એમ ?

ચતુરચંદ્રા—તો વળી કેમ ? તમે એ બોલ્યા નહોતા. કે બંનેને વેચી ઘો, ને રોકડા દામ લઇ લ્યો ?

શંબુક—અરે ! ! પણ હમે તો મોતી વેચવાનું કહ્યું હતું.

બોડીઓ—હા. મેં પણ એજ ચિત્તમાં લહ્યું હતું.

ચતુરચંદ્રા—અરે ! મોતીની વાત કોણ જાણે છે નાદાન ? સીધા સીધા કરો કામ, નહિતો ભુલાવી નાંખીશ ભાન.

શંબુક—અરે ! જા તું કોણ છે ?

ચતુરચંદ્રા—હું નાયકા છું.

બોડીઓ—શું નાયકા છે!

ચતુરચંદ્રા—હા હા કેમ છે ? આજીજીથી પગે લાગો, ને પોતાની ભુલની માફી માગો.

શંબુક—અરે રંડા ! બોલતાં વિચાર, હમને શી છે તારી દરકાર ?

બોડીઓ—બસ ચાલો, આપણે થાઓ પસાર. (ચાલવા માંડે છે).

ચતુરચંદ્રા—(બંનેને રોકતી) અરે કયાં જાઓ છો ગમાર ?

શંબુક—(ઉગ્ર દેખાવે) હઠ હઠ બદકાર !

ચતુરચંદ્રા—અરે લુચ્ચાઓ ! શું દગો દો છો આવાર;

બોડીઓ—દુર રહે, ખબરદાર.

શંબુક—શમજ લગાર, નહિ તો મારીશ ઠાર.

ચતુરચંદ્રા—અરે હરામખોર ! ચોર ! શેખી શું કરે છે, ઢોર ? ચાલ તાબે થા, ચાલાકી કર માં.

શંબુક—અરે ! જાજા, માંકડીની મા (ધીક્કામારે છે.)

ચતુરચંદ્રા—અરે બદમાસો ! શું ગુલામ થઇ મને મારો છો ?

ખોડીઓ—(શંભુકપ્રતિ) શંભુકજી! શું જુઓ છો! આપો શિયાળાનો ખોરાક.

શંભુક—હા, નહિ તો આમ બોલી આપણી આબરૂ બગાડશે. મારો, બસ વિદારો, (ખોડીઓ મારે છે, ચતુરચંદ્રા સામી થાય છે ને ત્રણેનો ઝગડો જામે છે.)

સરદાર—(ઉતાવળો પ્રવેશી)એઇ...એઈ...આ શું કરો છો! મારા મારી કેમ કરો છો; ચાલો દરબારમાં.

શંભુક—અરે, તમે કોણ છો?

સરદાર—હું હિરણ્યકશ્યપુનો નીમેલો અમલદાર છું.

ખોડીઓ—(શંભુકને સ્વગત્ શંભુકજી!! કમબખ્તી આવી, આતો અમલદાર છે.

શંભુક—(જરા ઠઠારા સહીત) પણ તમારો અમલ શહેરમાં છે. અહીં નગર બાહાર હમને પકડવાનો હક શો છે?

સરદાર—આપણુ તેમનીજ હદ છે, તમારી તકરાર રદ છે. (સીપાઇઓને) શું જુઓ છો; પકડો એને.

સીપાઇઓ—જી. (ત્રણે જણને પકડે છે.)

ખોડીઓ—શંભુકજી!! સત્યાનાશ! આપણે તો યુદ્ધ કરવા નીકલ્યા હતા ને આ હાલતમાં જઇશું! તો માહારાજાને જવાબ શો દઇશું?

શંભુક—(પશ્ચાતાપ દર્શક) સાલી રંગીલી!! દગેથી આપણને વેચી ગઇ, ને પસાર થઇ. થઇ ચુક્યું આ વાત માહારાજા જાણશે, કે, તુરત મોત આણશે.

ખોડીઓ—અરે!! જીવતા બાળશે; કે કોણ જાણે ધાણીમાં પીશીને તેલ કાઢશે.

શંભુક—હાય! નશીબ શા હાલ થયા!

ખોડીઓ—રાંડ રંગીલીના રંગમાં રોળાયા.

શંભુક—હા, લાલચમાં લપટાયા, ને ડોળમાં ડોળાયા. ઇજ્જત ગઈ, ને ફજેતી થઇ.

ચતુરચંદ્રા—રાંડ જાનને છેતરી ગઇ, વિના કાતરે વેતરી ગઇ.

સરદાર—(ધક્કો મારતાં) ચલો હજુરમેં. (લઇ જાય છે)

પ્રવેશ દશમો.

સ્થળ-રાજ્ય કચેરી

પાત્ર—હિરણ્યાકશ્યપુ, દરબારીઓ, કંચનીઓ, ચોપદાર, ચતુરચંદા, શંબુક, ખોડીઆ, અને સીપાઇઓ સહીત પોલીસ અમલદાર.

કંચનીઓ— ગાયન ૩૮ મું.

મુજે છાંડ ચલે સૈયાં મંદિરીયામે,
અબ નહિ મેં તો બોલું સાંવરિયાસે—મુજે૦
સોઇતી નિંદમેં બેહોશ ન ખબર મુજકો...હાં !!
ગયે કબ ગોદસે છોડ યાર એ જીગર મુજકો,
મિલાદે કોય તો મેં દઉં જોડી મંગે ઉસિકો...હાં !!
ન દઉં દીલ દીયા હય જો મેરા પ્યારા જીગર કો,
તલસ તલસ ગઇ રૈન સખીરી રે,
જાન લગ રહી પાતળિયે સે—મુજે૦

અમલદાર—(પ્રવેશ કરીને) દાનવપતિ !! એક ચતુર ચંદાને કોઇ બે પુરૂષો મારામારી કરતા હતા, તેમને પકડી લાવ્યો છું, હુકમ હોય તો હાજર કરૂં ?

હિરણ્યાકશ્યપુ—દાખલ કરો. (બધા આવે છે.) કેમરે ! તમારી શું તકરાર છે ?

ચતુરચંદા—ગરીબપરવર !! કોઇ રંગીલી નામની સ્ત્રીએ, આ બે શખ્સો બસો મોહોર બદલ મને વેચાણુ આપ્યા છે એઓ વેચાણની વાત ઇનકાર જાય છે; ને સામા મને મારવા ધાયછે.

હિરણ્યાકશ્યપુ—કેમરે ! બદમાસો તમારૂં નામ શું છે ! બોલો દુષ્ટો જવાબ આપો ?

શંબુક—(સ્વગત) ખોડીઆ !! હવે કેમ કરીશું !

ખોડીઓ—(નીચુ જોઇ) બોલીશું તો જીવતા મરીશું !

હિરણ્યાકશ્યપુ—જલદી જવાબ કેમ નથી આપતા ! પાપીઓ ઉપર પ્રહાર કરો:—

અમલદાર—(મારતા) બોલો દુષ્ટો ! જવાબ ધો.

સીપાઇ—૧-(મારતાં) બદમાસો ! ! માહારાજાના સવાલનો ઉત્તર આપો.

સીપાઇ—૨-(મારતાં) ખુબ મેથીપાક આપો, કે હમણા બોલશે, ને હૈયાનો ભેદ ખોલશે.

અમલદાર—બસ. મારો, (ત્રણે જણ મારે છે.)

ખોડીઓ—(ધાંટો પાડીને) ઓ બાપજી ! ! મારશો નહીં, આ શંબુકજી છે, ને હું ખોડીઓ છું.

હિરણ્યાકશ્યપુ—હેં ! ! આ શું બોલે છે ? તે બળવાન યોદ્ધો શંબુક તે આ સ્થિતિમા હોય ? મારો એને શું જુઓ છો.

ખોડીઓ—એ શંબુકને હું ખોડીઓ, ન માનો તો તપાસી જુઓ ?

હિરણ્યાકશ્યપુ—સબુર. મને ખાત્રી કરવા ધો. (મોં નિહાળી) કેવું આશ્ચર્ય ! ! આતો શંબુક અને ખોડીઓ. કેમ તમારા આવા હાલ ?

શંબુક—કરમે થયા કંગાલ.

ખોડીઓ—રંગીલીના રંગથી બન્યાતા લાલ.

હિરણ્યાકશ્યપુ—હેં ? રંગીલી કોણ ?

શંબુક—ચુપ રહે ચંડાળ, આબરૂ ન ટાળ.

હિરણ્યાકશ્યપુ—હકીકત શું છે, તે ચોખ્ખુ જણાવો.

ખોડીઓ—બાપજી ! !

"અમે ઇંદ્ર સામે લઢવા ગયા, ત્યાં અ ગરબડ ગોટા થયા"
"મારગમાં એક મહીલા મળી, તેને દેખી દાનત ચળી"
"માર્યું તેણે નયન નિશાન, ભુલ્યા તવ શંબુકજી ભાન"
"હું પણ મનથી ગળતો ગયો, ગુલામ થઇ તેને ત્યાં રહ્યો"
"લાલચમાં લપટાયા બેય; સ્વાર્થ નહિ સધાયા તેય"
"ગટર નીર ગંગાજળ કર્યું, શંબુકજીના મુખમાં ભર્યું"
"વળતી ઉપર દીધો ડામ, ચાબુકથી બગાડ્યું ચામ"
"સમજ્યા નહિ કંઇ તેની પેર, વેચ્યા અમને ગુણીકા ઘેર"
"થઇ અમારે ત્યાં વઢવાડ, આપ સમક્ષ આવી રાડ"

હિરણ્યાકશ્યપુ—કેમ શંબુક ! ! આ સત્ય છે ? બોલ પાપી ! જવાબ આપ નહિ તો ઠાર મારીશ.

શંબુક—(નિચુ જોઇ) સત્ય છે, માહારાજ સત્ય છે. હું નીમક હરામ થયો છું, અવળે પંથે વળ્યો છું. દયા ધરો, મને માફ કરો.

હિરણ્યાકશ્યપુ—(અપુર્વ તુચ્છકાર પુર્વક) તમોને ધિક્કાર છે, ફીટકાર છે. સ્વામી સેવા ઉઠાવી નહિ, ને રાંડના ફંદામાં ફસાયા જઇ. તો નીમક હરામીનાં ફળ ખાઓ, ને સદાને માટે આ નારીના જ ગુલામ થાઓ, જાઓ. (મ્લાન મુખે શંબુકને ખેડીઓ જાયછે)

ચીબાસુર—(હાંફલો ફાંફલો પ્રવેશી) માહારાજ !! ગજબ થયો.

હિરણ્યાકશ્યપુ—બોલ બોલી શું છે ?

ચીબાસુર—અરે બાપજી ! કઇ જીભે કહું !

હિરણ્યારકશ્યપુ—પણ છે શું ?

ચીબાસુર—પ્રલ્હાદ મરતો નથી.

હિરણ્યાકશ્યપુ—કેમ પાહાડપરથી પડતો નથી ?

ચીબાસુર—પાડ્યો, પણ કુદરતે બચાવ્યો.

હિરણ્યાકશ્યપુ—શું ! ત્યાંથી ભાગ્યો ?

ચીબાસુર—નાજી, ઝોલાપર ઝુલવા લાગ્યો.

હિરણ્યાકશ્યપુ—હેં !! ત્યાં ઝોલો કેવો ?

ચીબાસુર—ફુલની વાડી જેવો.

હિરણ્યાકશ્યપુ—પણ આવ્યો કયાંથી ?

ચીબાસુર—પાતાળમાંથી.

હિરણ્યાકશ્યપુ—પછી પ્રલ્હાદ કયાં ગયો ?

ચીબાસુર—માહારાણી સાહેબના મહેલે વળ્યો.

હિરણ્યાકશ્યપુ—ફીકર નહીં, તું ત્યાં જાને તેની માતા સહીત તેડીને ચમન બાગમાં લાવ, હું ત્યાં જાઉંછું, લોહ સ્થંભ ધમ ધગાઉં છું, તેની સાથે તેને બાથ ભરાવીશ, ને મારી રૂબરૂમાં જ ઠાર કરાવીશ. જા જલદી તેડીને આવ.

ચીબાસુર—જેવી આજ્ઞા. (જાય છે.)

પ્રવેશ અગીઆરમો.

સ્થળ-રાણીવાસ.

પાત્ર—સન્મતિ, પ્રલ્હાદ, ચીબાસુર, અને બે દાસીઓ.

સન્મતિ— ગાયન ૩૮ મું.

થયું હશે શું હાય મારા રે ? તનનું;
રક્ષણ કરે કોણ વ્હાલા જીવનનું ?—
ગિરીશિખરથી કુટાય, અરે હાય, રે હાય.
હે ઇશ્વર તું સાહે કરજે, હે ! ! નટવર વર સંકટ હરજે,
ધૈર્ય ઢાલ તેની પર ધરજે... ... ... —વ્હાલા૦
મૃદુલ શરીર એનું, હાય કચરાઇ જશે, અરેરે છુંદાઇ જશે,
વિપત્તિ વિદારી કોણ ? અંતરની ઓથ થશે ?
હઠીલો છે અતિ બાળ—નહિ મુકે પ્રભુ માળ;
ભજનની એને ભાળ—રામ નામની જંજાળ;
કરાવશે એનો કાળ રે................—વ્હાલા૦

(અપુર્વ આક્રંદ કરતી) અરેરે ! ! મારા સકોમળ પુત્રનું ત્યાં શું થયું હશે ? અરે તે કોમળ કુસુમ પર્વત પરથી ફેંકતાંજ ફેંદાઈ જશે, હાય હાયરે ! મહા ભુંડી હાલતે તેના પ્રાણ રમી જશે. હાય! મારા વ્હાલા પ્રલ્હાદને કોણ બચાવશે? અરેરે ! ! હું અભાગીણીનું જીવતર રેણમાં રોળાશે. અરે મારા સુખની નૌકા ! ભર દરિયે પટકાઇ પડશે હાય ! મારૂં શરીર કંપે છે, હૃદય ધડકે છે, હવે હું શું કરૂં? હાય ! હાય ! મ્હારો પુત્ર મુઓ હશે ? અરે ! આ શું બોલાય છે ? હાય ! (મુર્છા ખાય છે.)

પ્રલ્હાદ—(પ્રવેશી) શાન્તથા; મારી પ્રેમાળ માતા ! ! શાન્તથા. હુ જીવતો આવ્યો છું. આંખ ઉઘાડી જો, ને પરમદયાળુ પરમેશ્વરનો ઉપકાર માન.

સન્મતિ—(આનંદ પુર્વક) કોણ મ્હારો પ્રલ્હાદ ? ઓ, મ્હારા વ્હાલા ઉદર ! ! તું આવ્યો ?

પ્રલ્હાદ—હા, માતા !

સન્મતિ—બાઇ થી રીતે ફાવ્યો ?

પ્રલ્હાદ—મારા રામે બચાવ્યો.

સન્મતિ—શું રામે તારી રક્ષા કરી !

પ્રલ્હાદ—હા તેણેજ ઢાલ ધરી.

સન્મતિ—તને પર્વત ઉપરથી ફેંકી દીધો હતો !

પ્રલ્હાદ—હા. રામે મને ઝીલી લીધો હતો.

સન્મતિ—શી રીતે ઉગાર્યો ?

પ્રલ્હાદ—ફુલના હીંડોળે બેસાર્યો.

સન્મતિ—શું. આ બધું રામેજ કીધું ?

પ્રલ્હાદ—હા. તેણે જ અભય પદ દીધું.

સન્મતિ—ધન્ય ! ધન્ય ! કેવો આનંદ ? ભલે મારા જાયા, મારા લાડકવાયા, તારૂં આયુષ્ય અમર થાઓ. (ઓવારણાં લે છે.) મારી આંખોના તારા, તું ભુખ્યો થયો હોઇશ, માટે સ્નાન કરી ભોજન કરી લે.

પ્રલ્હાદ—(વિનય પૂર્વક) આજ્ઞા ને આધિન છું. પણ મારા નિત્ય નિયમ પ્રમાણે રામની સેવા કરી પછી ભોજન લઇશ.

સન્મતિ—હવે સેવાને રહેવા દે ને. વળી તારા પિતા જાણશે, તો બળતામાં ઘી હોમાશે, ને તારો નાશ કરાવશે.

પ્રલ્હાદ—માતા આતું શું બોલે છે ! શું આ ક્ષણભંગુર દેહનો બચાવ કરવાની આશાએ, મારા પરમ પિતા પ્રભુને છોડું ! અને આ ઐહિક પિતાથી પ્રીતિ જોડું. ના કદી નહીં, સાંભળ ?

ગાયન ૪૦ મું.

જનક જનુની તન ગુરૂને ચેલા,
સ્વાર્થ સબંધે છે વળગેલા;
માયિક લતાના એ ઝુકેલા વેલા,
સાચો છે તાત, પ્રભુ મારી માત—જનક૦
કનક વિસારી કેમ કથીર ચ્હાઉં,
દ્રાક્ષ તજી નહીં નિંબ ફળ ખાઉં
સાચોછે તાત, પ્રભુ મારી માત—જનક૦

સન્મતિ—(સ્વગત)ખરેખર બાળક હઠીલો છે, માટે હાલમાં એ વાત રહેવા દઈ આડી વાતે ચઢાવી દઉં તો પછી સમજાવ્યો સમજશે. (પ્રકાશ) ઠીક ત્યારે બાઇ લે, તારી સેવા સામગ્રી

દાસી પાસે તૈયાર કરાવી આપુંછું; એટલી વારમાં તું સ્નાન કરી આવ, ને પછી જમી લે.

પ્રલ્હાદ—હા, ત્યારે એમ હોય તો લ્યો, હું સ્નાન કરવા જાઉંછું.

સન્મતિ—દાસી !

દાસી—બાઇ સાહેબ શી આજ્ઞા છે ?

સન્મતિ—જા. પ્રલ્હાદ સ્નાન કરવા ગએલા છે. તે આવે એટલી વારમાં તેના માટે તું પુજાનું સાહીત્ય તૈયાર કર દે.

દાસી—જેવી આજ્ઞા,

સન્મતિ—અહાહા ! ! આવા નાના બાળકને પણ ઇશ્વર ઉપર આટલી બધી આસ્થા ? ખરેખર મારી કુખે કોઇ દેવાંશિ જીવજ અવતરેલો છે. (નેપથ્યમાં જોઇ), કેમ ભાઇ પુંજા કરી રહ્યો ?

પ્રલ્હાદ—હા માતુશ્રી. હવે જમી લઉંછું.

સન્મતિ—ઠીક બેટા ચાલો જમી લ્યો. (જમવા બેસે છે.)

અનુચર—(ઉતાવળો પ્રવેશી) રાણી સાહેબ ! ! આપને, પ્રલ્હાદ સહીત, માહારાજા સાહેબે હાલને હાલ બોલાવ્યાં છે, માટે કાંઇ પણ વીલંબ નહિ કરતાં સત્વર ચાલો—

સન્મતિ—અરે ! આ વળી શું નવું ચેટક ?

દાસી—કાંઈ નહી બા સાહેબ ! ! ધીરજ રાખો, સૌ સારૂ થશે. પ્રલ્હાદજી ભોજન કરી લે, ત્યાર પછી આપ સુખેથી તેમને લઇ પધારો ને હું પણ સાથે આવીશ.

પ્રલ્હાદ—(ભોજનનો થાળ દુર કરી) ના માતાજી, હવે હું ભોજન કરવા જેટલી પણ વીલંબ નહીં કરૂં, મારા પિતાજીની તુરત આવવાની આજ્ઞા છે તે ઉલંઘન કેમ થાય; ચાલો આપણે તેમની પાસે જઇએ.

સન્મતિ—બેટા ! મારા લાડકવાયા ! બાળ તું આમ શું કરે છે ? અન્નને ન તરછોડ. વળી ત્યાં કોણ જાણે શું વિપત્તિ આવી પડશે ? માટે તું જરા જમી લે, ને મારા જીવને શાંતિ પમાડ.

પ્રલ્હાદ—માજી ! મારા પિતાજીના હુકમ પ્રમાણે ન વરતું, તો અપરાધી ઠરૂં. માટે ભોજન તો નહિજ કરૂં. ચાલો આપણે જઇએ.

સન્મતિ—નિરૂપાય.......................................(જાય છે.)

પ્રવેશ બારમો.

સ્થળ—ચમન બાગ.

પાત્ર—હિરણ્યાકશ્યપુ, નકટાસુર, અનુચરો, પ્રલ્હાદ, સન્મતિ, દાસી, અસુરો અને દેવો.

નકટાસુર—માહારાજાધિરાજ ! ! આપની આજ્ઞા ઉઠાવી છે, બનનાર ભાવી છે. લોહ સ્તંભને તાતા અગ્નિથી તપાવ્યો છે, સામગ્રી તૈયાર છે, ફક્ત ફરમાનનીજ વાર છે.

હિરણ્યાકશ્યપુ—હાય ! ! મારા અહ્લાદના અંગાર પાપી પ્રલ્હાદ ! ! શું હજુ સુધી તું આવ્યો નહીં ? દીલથી ધરાયો નહી ? ફીકર નહીં, જોજે કે હવે આ યુક્તિમાં હુ કેવો ફાવું છું, તારૂં મોત કેવા પ્રકારે લાવુંછું ? (પગ અફાળતો) જેવા તારા પ્રપંચ પહોળા છે. તેવા બંદાના હાથ બહોળા છે.

અનુચર—કૃપાળુ નામવર ! ! હવે અંતઃકરણથી ઉદ્વેગને ઉરાડીદ્યો, બળતરા બુઝાડીદ્યો. તેમનાં માતાજી સહીત પ્રલ્હાદજી પધાર્યા છે. રૂબરૂ આવવા તૈયાર છે, ફક્ત વરધીનીજ વાર છે.

હિરણ્યાકશ્યપુ—શું આવ્યો ? જાઓ જલદી બોલાવો.

અનુચર—જેવી આજ્ઞા. (જાય છે ને તેડી લાવે છે.)

પ્રલ્હાદ—(પ્રવેશી) શીરછત્ર પિતાશ્રી ! ! મુજ માતુ સહ હું આપને અભિવંદન કરૂંછું ?

હિરણ્યાકશ્યપુ—(તિરસ્કાર પુર્વક)અરે ! વરણસંકર વૈરાગી, તારા વંદનનું ચંદન તારી પાસેજ રહેવા દે, (સન્મતિ પ્રતિ કતરાતી દ્રષ્ટિયે) આહા ! ! કપુત પુત્રની માતા અને એની આશ્રય-દાતા, આ પાતાળનુ પેટ ફાડે એવા પ્રચંડ અગ્નિથી, તપાવેલા લોહ સ્થંભ સાથે, બાથ ભીડતાં, તારા અધર્મી પુત્રનો અંત કેવી રીતે આવે છે તે આંખથી જો. તને તેડાવાનુ કારણ તેજ છે. હરામી ! બોલ, તને મારો અરથ છે, કે શિક્ષા ખમવા સમર્થ છે?

સન્મતિ—આહ ! ! ....(મુર્છા ખાય છે

પ્રલ્હાદ—(નિઃશંક ચહેરે) હુકમનો તાબેદાર છું, આજ્ઞા ઉઠાવવા તૈયાર છું. અરે ! પણ કીડી ઉપર કટક ચલાવવું, અને જળ પોરાપર જંજાળો ગોઠવવી એ સુજ્ઞ પિતાજીને ન જોઇએ, જરા તો વિચાર કરો ! કે સમાચાર સાંભળતાં જ બોજનથી

ભરેલું ભાણું પડતું મુકી, પિતૃભક્તિમાં પ્રેરાયો, તેનો શું આજ બદલો ? (વિચારીને) નહિ ! કાંઈ જ નહીં, જીંદગીનું કીધુ જોગવીશું, ને ભાળે માંડ્યું ભોગવીશું. આમેય શું, ને તેમેય શું ? અરે ! દીનદયાળ ! ! શું તેં મને ધગધગતા સ્થંભ સાથે સળગાવી મુકવાનેજ સરજ્યો ?

હિરણ્યાકશ્યપુ—હા. બદનામી બાળક ! ! જોઉં છું કે તારો રામ ક્યાં છે ?

પ્રલ્હાદ—પીતાજી ! મારો ઘટ ઘટ વ્યાપી રામ ! ઘરે ઘરમાં ગોંધાઈ રહ્યો છે, ને બીંદુએ બીંદુમાં બંધાઇ રહ્યો છે. કાતલ છે તેજ ફક્ત બાતલ છે.

હિરણ્યાકશ્યપુ—શું તુ તેની હીંમતથી ફાવશે !

પ્રલ્હાદ—હા હા. ફાવશે, એ આવશે, તાવશે ને પરચો બતાવશે.

હિરણ્યાકશ્યપુ—પણ, જોયો આ અગ્નિ ?

પ્રલ્હાદ—જોયો જોયો અગ્નિ. એ અગ્નિની ભગની સાથે જ એને લગની છે.

હિરણ્યાકશ્યપુ—અરે ! જીંદગી કાં એળે ગુમાવે છે ?

પ્રલ્હાદ—બસ મને તો એજ ભાવે છે.

હિરણ્યાકશ્યપુ—શું તારા રામનું રટણુ નહિ જ મુકે ?

પ્રલ્હાદ—દેહથી ચૈતન જુદુ થાય, તોજ આ પ્રલ્હાદ રામનામ ચુકે,

હિરણ્યાકશ્યપુ—હમણાંજ તને ઠાર કરીશ !

પ્રલ્હાદ—ભલે, બાપુને હાથે ખુશીથી મરીશ.

હિરણ્યાકશ્યપુ—ચાલ ગમાર ! થા તૈયાર,

પ્રલ્હાદ—પીતાજી છોડો અહંકાર.

હિરણ્યાકશ્યપુ—ચીબાસુર ! ! એનો આણો કાળ.

પ્રલ્હાદ—ભલે. મારો રામ કરશે રખવાળ.

ચીબાસુર—જોઉં છું તારો રામ ! !

પ્રલ્હાદ—ચુપ રહે ગર્વિષ્ટ ગુલામ !

હિરણ્યાકશ્યપુ—ઓહોહો ! ! આટલો બધો ગુમાન ?

પ્રલ્હાદ—ગુમાન ! ગુમાન ! મારા રામનું અભિમાન.

હિરણ્યાકશ્યપુ—તારો રામ શું કરશે ?

પ્રલ્હાદ—મારૂં દુઃખ હરશે.

હિરણ્યાકશ્યપુ—શું તારો રામ અહીં આવશે ?

પ્રલ્હાદ—હા. એજ મારો પરમપિતા બચાવશે.

હિરણ્યકશ્યપુ—ત્યારે શું હું તારો પિતા ખોટો ?

પ્રલ્હાદ—અલબત, એતો પાણીનો પરપોટો.

હિરણ્યકશ્યપુ—શું મારાથી એ મોટો, ને હું છોટો ?

પ્રલ્હાદ—હા હા. એજ મોટો, નથી કોઇ એનો જોટો.

હિરણ્યકશ્યપુ—ઠીક છે. જોઉંછું. તારા રામની હામ ?

પ્રલ્હાદ—બચાવશે મારો ઘનસ્યામ ! !

હિરણ્યકશ્યપુ—શું ? આ સ્થંભમાં છે તારો રામ.

પ્રલ્હાદ—હા. નથી એ વણ ઠાલી ઠામ.

હિરણ્યકશ્યપુ—ઠીક છે. જોઉંછું તારો નાથ, ચાલ બીડ આ સ્થંભે બાથ.

પ્રલ્હાદ—ભલે લ્યો ભરૂંછું.

હિરણ્યકશ્યપુ—અરે હમણાં મરી જઇશ ?

પ્રલ્હાદ—તો મોક્ષે જઇશ. પણ શું સુખેથી મણીને કાચ કહીશ, ને હીરો તજી પાષાણ લઇશ.

હિરણ્યકશ્યપુ—અરે ! અધમ ! બેશરમ ? કુલાંગાર ! બતાવ તારો કિરતાર ! દગલબાજ ! જલદી સ્થંભે બાઝય.

પ્રલ્હાદ—ભલે ?

ગાયન ૪૧મું.

ભયહરણ નાથ ભૂધારી ! પતિયારી તારી,
ધારી કર વ્હાર વ્હાર ! ! ! !......--ભય હરણ૦
રામ નામ ભજતાં ભય હરાએ, મૃત્યુક મુજ કેમ થાએ ?
હે જગરાય ! કર સહાય-ઉગાર ! ! ! ! ......--ભય હરણ૦
આગ દાઘ થાતાં તે બચાવી, નાગ લાગ ચુકાવી,
નગથી પડતાં ઝીલનાર-તાર ! ! ! ! ....--ભય હરણ૦

પ્રલ્હાદ—(સ્થભ તરફ જોતો) અરે આ શો ચમત્કાર ? સ્થંભપર જોઉછું કીડિયોની હાર. (વિચારીને) નકિક એમજ. મારો રામ મને દેછે હામ, તેથી જ કીડિયો જોઉંછું તમામ. એ અગ્નિથી બળતી નથી, તો મને ભય શાનો છે રતી ? એને નથી લાગતી જ્વાળ, તો મારો કેમ થશે કાળ ? માટે રામનામ સ્મરૂં, ને સ્થંભે બાથ ભરૂં. (સ્થંભે બાઝવા જતો) સીતાપતિ શ્રી રામ ! રામ ! રામ !

(સ્થંભ ફાટે છે ને માંહેથી નૃસિંહ સ્વરૂપ પ્રગટ થાય છે.)

હિરણ્યકશ્યપુ—(ભયભીત થઈ)અરે !! આ શું ? એકાએક સ્થંભ ફાટી માંહેથી ભયંકર સ્વરૂપ પ્રગટ થયું, એજ ભગવાન હશે ?

નૃસિંહપ્રભુ—(કુદી બ્હાર આવી) હા હા દુષ્ટ ! અધર્મિ ! હુંજ એનો ભગવાન રામ, કે દુઃખ સુખનો વિશ્રામ. જે કહે તે હુંજ છું (પકડી) બોલ પાપી ! આ દીવસ છે કે રાત ?

હિરણ્યકશ્યપુ—દીવસ નથી તેમ રાત નથી, પણ સંધ્યા સમય છે.

નૃસિંહપ્રભુ—ત્યારે તું ઘરમાં છે કે બહાર ?

હિરણ્યકશ્યપુ—ઘરમાં નથી તેમ બાહાર નથી. પણ એની મધ્યે છું.

નૃસિંહપ્રભુ—તું અવનિપર, આકાશમાં કે અદ્ધર છે ?

હિરણ્યકશ્યપુ—એમાંના કોઇ પણ સ્થળે નથી.

નૃસિંહપ્રભુ—હું દેવ, દાનવ, પશુ પક્ષિ કે માનવી છું ?

હિરણ્યકશ્યપુ—એમાંના કોઇ જ નહીં.

નૃસિંહપ્રભુ—(નખ બતાવતા) જો ત્યારે હું આ તને લોહથી, કાષ્ટથી, કે કોઇ પણ અસ્ત્રશસ્ત્રથી મારૂછું !

હિરણ્યકશ્યપુ—ના. એમાંનું પણ કાંઇજ નથી.

નૃસિંહપ્રભુ—તો બોલ, તેં બ્રહ્મા પાસે જેટલાં વરદાન માગ્યાં છે તેમાંના કોઇનું પણ ખંડન થાય છે ?

હિરણ્યકશ્યપુ—ના ?

નૃસિંહપ્રભુ—ઠીક ત્યારે હવે સ્વધામે જા. (પેટ ચીરી નાંખે છે.)

સર્વ પાત્રો— ગાયન ૪૨ મું.

ધન્ય ધન્ય થયો આજરે પ્રલ્હાદ વિજય,
થઈ અવતારી ! નરસિંહ ધારી ! પ્રભુ પધારી;
પાપીને મારી ! ભક્તને તારી ! લીધો હરીજય,
રંગરે......હરિ રંગરે......હરિજય...—ધન્ય૦

સમાપ્ત

મુંબાઇનાં બે નામાંકીત વર્તમાન પત્રો.નો અભિપ્રાય.

સાંજ વર્તમાન

" હજારો વર્ષ પહેલાંની પ્રાચિન કથાને નાટક રૂપમાં ગોઠવી મુંબાઇની શોખીન પ્રજા આગળ તે રજુ કરવાથી ભકિતરસના ખેલ કરવા માટે જાણીતી થયેલી "સુરતની શ્રી સુંદર વિલાસ નાટક કંપનીએ" હીંદુ કોમ ઉપર ઉપકાર કર્યોછે નાટક. "એ દુનીઆના દર્પણરૂપ"છે, જે દુર્ગુણી તથા સદગુણી"જનો ઉપર પોતાની સચોટ અસર કરી 'દુર્ગુણીને સદગુણી, બાયલાને શુરવીર અંધને દેખતા, અકલહીનને બુધીશાળી અને નાસ્તીકને આસ્તીક" બનાવવામાં ઉત્તમ સાધનરૂપ" છે, હમણાં જનસમુહને કેટલાક નાટકકારો તરફથી માત્ર પ્રેમના કુથલારૂપ પ્રયોગો બતાવવામાં આવે છે. જેની અસર જુદી થાયછે, પણ ભકિત ભાવના ખેલો તો ઉચ્ચ અસર જ કરનારા છે એમ આ ખેલે મુંબાઇની શોખીન પ્રજા સમક્ષ સાબીત કરી બતાવ્યું છે, આવો ઉત્તમ ખેલ જોવાને અમે અમારા વાંચકોને આગ્રહ કરીએ છીએ "

ગુજરાતી.

" સ્થળ અને વખતના સંકોચને લીધે જોકે અત્રે અમે કંઈ વધારે કહી શકતા નથી તોપણ આ નાટકે પહેલેજ તડાકે જનમંડળ ઉપર કરેલી અસરને જણાવ્યા વગર રહી શકતા નથી. પ્રવેશો ઉપર પ્રવેશો જોવાતા જતાં લોકો તેના રસમાં તલ્લીન થઇ નાટ્ય રસથી મુગ્ધ બની જાય છે દરેક પાત્રો પોતાના ભાગો એવી તો સરસ રીતે ભજવે છે કે પ્રેક્ષકો તેમને વારંવાર ધન્યવાદ આપ્યા વગર રહેતા નથી. ગાયન અને ગધના સંવાદો વારંવાર રસમાં એકાકાર કરી દઈ, નાટકશાળાના વાતાવરણને વીર રસની ગર્જનાઓથી ગજાવી મુકે છે. જુદી જુદી જાતના દેખાવો સીનસીનરી અને કુદરતી દેખાવોનો આબેહુબ ચિતાર રજુ કરતા પડદાઓ વગેરે નાટકને જનમનરંજક બનાવનારાં સાધનો અને ગોઠવણો એવી છે કે જે પ્રેક્ષકવર્ગને આનંદ આપ્યા વગર રહે નહિ. અદ્‌ભુત વસ્તુવિધાન અને હૃદયને હલાવે એવા વિવિધ પ્રસંગોવાળા નાટકને કંઇક વધુ વિવેચન સાથે અવલોકાતું નથી પણ પ્રસન્ન અંતઃકરણે હાલ એટલુંજ કહીને વિરમીએ છીએ કે આ શ્રી સુરત સુંદર વિલાસ નાટક કંપની લોકોના ઉદાર આશ્રયને યોગ્ય છે.